ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા ગુરૂવાર, તા. ૨૮—૩—૧૯૮૫ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કોર્ટ-ખંડમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮—૩—૧૯૮૫
૧.	શ્રી. બી. કે. નહેરુ, કુલાધિપતિશ્રી	ગેરહાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૪.	શ્રી. એલ. આર દેસાઈ	ગેરહાજર
૫.	,, ઉમાશંકર જે. જોશી	ગેરહાજર
૬.	,, એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૭.	,, ઈશ્વરભાઈ જે. પટેલ	ગેરહાજર
૮.	ડૉ. પી. સી. વૈદ્ય	ગેરહાજર
૯.	શ્રી. એસ. વી. શાસ્ત્રી, કુલસચિવ	હાજર
૧૦.	,, આર. એસ. ગાંધી, ગ્રંથપાલ	હાજર
૧૧.	,, સુધીરભાઈ માંકડ	ગેરહાજર
૧૨.	,, એસ. બી. કુમતા	ગેરહાજર
૧૩.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર
૧૪.	શ્રી. બી. કે સિંહા	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮–૩–૧૯૮૫
૧૫.	ડૉ. એમ. એ. પટેલ	ગેરહાજર
૧૬.	શ્રી. પી. કે. લહેરી	ગેરહાજર
૧૭.	,, જિતેન્દ્ર સી. શાહ	ગેરહાજર
૧૮.	,, આર. આર. નગરી	ગેરહાજર
૧૯.	,, એસ. કે. ઝવેરી	ગેરહાજર
૨૦.	પ્રિ. એન. એચ. ત્રિવેદી	હાજર
૨૧.	શ્રી. બી. એન. પટેલ	હાજર
૨૨.	,, એચ. એસ. પઠાણ	ગેરહાજર
૨૩.	,, એમ. આર. શાસ્ત્રી	ગેરહાજર
૨૪.	,, કે. એસ. પટેલ	ગેરહાજર
૨૫.	,, એસ. એન. પટેલ	હાજર
૨૬.	,, આર. એલ. ગાંધી	હાજર
૨૭.	,, વી. બી. પટેલ	હાજર
૨૮.	,, એન. એચ. અમીન	હાજર
૨૯.	,, કે. આર. પટેલ	ગેરહાજર
૩૦.	,, એ. એ. ભીમજીઆની	ગેરહાજર
૩૧.	,, યુ. એમ. પંડિત	હાજર
૩૨.	,, એન. કે. બોડીવાલા	હાજર
૩૩.	ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૩૪.	પ્રિ. એમ. સી. શાહ	ગેરહાજર
૩૫.	શ્રી. બી. કે. શાહ	ગેરહાજર
૩૬.	,, એસ. સી. પટેલ	ગેરહાજર
૩૭.	,, એસ. એન. દાણી	હાજર
૩૮.	,, જે. આર. પટેલ	હાજર
૩૯.	,, કે. સી. પટેલ	હાજર
૪૦.	,, આર. બી. પટેલ	હાજર
૪૧.	,, ડી. એમ. શાહ	હાજર
૪૨.	,, આર. પી. શાહ	હાજર
૪૩	,, એચ. એ. મોદી	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮–૩–૧૯૮૫
૪૪.	શ્રી. એસ. જે. શાહ	હાજર
૪૫.	,, વિષ્ણુ પ્રકાશ	ગેરહાજર
૪૬.	,, એન. વી. વસાણી	હાજર
૪૭.	,, આર. સી. પટેલ	ગેરહાજર
૪૮.	,, એન. સી. જાની	હાજર
૪૯.	,, એચ. એમ. મહેતા	ગેરહાજર
૫૦.	,, એમ. ડી. પંડ્યા	ગેરહાજર
૫૧.	,, પી. વી. વેદ	હાજર
૫૨.	,, ડી. એ. પટેલ	ગેરહાજર
૫૩.	,, ડી. એમ. મહેતા	હાજર
૫૪.	,, પી. એસ. દવે	હાજર
૫૫.	,, ડી. એમ. પટેલ	ગેરહાજર
૫૬.	,, એલ. જે. પટેલ	હાજર
૫૭.	,, એમ. સી. પટેલ	હાજર
૫૮.	,, એસ. એમ. શાહ	હાજર
૫૯.	,, એસ. બી. વોરા	હાજર
૬૦.	,, જે. સી. શાહ	હાજર
૬૧.	,, પી. સી. ઉપાધ્યાય	હાજર
૬૨.	,, જી. સી. ભાવસાર	હાજર
૬૩.	,, એલ. સી. પટેલ	હાજર
૬૪.	,, ડી. જે. જાની	હાજર
૬૫.	પ્રિ. આર. આર. ભટ્ટ	હાજર
૬૬.	,, બી. કે. ગઢવી	ગેરહાજર
૬૭.	,, ડી. એસ. જોશી	હાજર
૬૮.	,, પી વી. મંગલવેઢેકર	હાજર
૬૯.	,, વી. સી. પરીખ	હાજર
૭૦.	,, ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર
૭૧.	,, એન. કે. શાહ	હાજર
૭૨	,, એન આર ઠક્કર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮–૩–૧૯૮૫
૭૩.	પ્રિ. કે. બી. વ્યાસ	હાજર
૭૪.	,, કે. આર. યાદવ	ગેરહાજર
૭૫.	,, જી. બી. પરીખ	હાજર
૭૬.	,, એલ. કે. પટેલ	હાજર
૭૭.	,, એસ. એમ. શુકલ	ગેરહાજર
૭૮.	,, વી. એસ. મોદી	હાજર
૭૯.	,, એન. વી. પંડ્યા	હાજર
૮૦.	,, જી. એસ. પટેલ	હાજર
૮૧.	,, જે. જી. પટેલ	હાજર
૮૨.	,, એન. જે. પટેલ	હાજર
૮૩.	,, આર. એલ. પટેલ	હાજર
૮૪.	,, એન. આર. શાહ	હાજર
૮૫.	,, જે. ડી. તલાટી	હાજર
૮૬.	,, એચ. એમ. દેસાઈ	હાજર
૮૭.	,, પી. આર. દેસાઈ	હાજર
૮૮.	,, એમ. ડી. પંચોલી	હાજર
૮૯.	,, આર. એસ. વોરા	હાજર
૯૦.	,, ડૉ. જે. એન. પટેલ	ગેરહાજર
૯૧.	,, પ્રિ. જી. એમ. પટેલ	ગેરહાજર
૯૨.	,, બી. એમ. પીરઝાદા	હાજર
૯૩.	,, જી. એસ. શાહ	હાજર
૯૪.	,, એન. એન. શાહ	ગેરહાજર
૯૫.	,, ડી. એમ. શીખ	હાજર
૯૬.	,, જે. સી. ત્રિવેદી	ગેરહાજર
૯૭.	,, આર. એ. ત્રિવેદી	હાજર
૯૮.	,, બી. એમ. ત્રિવેદી	હાજર
૯૯.	,, આર. એસ. દીક્ષિત	હાજર
૧૦૦.	શ્રી જે. કે. પડિયા	હાજર
૧૦૧.	,, પી. જે. પટેલ	હાજર
૧૦૨.	,, કે. એચ. વ્યાસ	હાજર
૧૦૩.	,, એમ. જે. પટેલ	હાજર
૧૦૪.	,, કે. કે. પટેલ	હાજર
૧૦૫.	,, ડી. એસ. બાવરિયા	ગેરહાજર
૧૦૬.	,, બી. એ. રબારી	ગેરહાજર
૧૦૭.	,, એમ. સી. શાહ	હાજર
૧૦૮.	,, એચ. પી. ભાલોડિયા	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮–૩–૧૯૮૫
૧૦૯.	શ્રી એસ. ડી પટેલ	હાજર
૧૧૦.	શ્રી. આર. વી. શાહ	હાજર
૧૧૧.	શ્રી એસ. આઈ નાણાવટી	ગેરહાજર
૧૧૨.	શ્રી. દીપકભાઈ નવનીતલાલ	ગેરહાજર
૧૧૩.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૧૪	પ્રિ. આર. એચ. વ્યાસ	ગેરહાજર
૧૧૫.	ડૉ એચ. એસ. શાહ	હાજર
૧૧૬.	પ્રિ. એન. સી. સોનપાલ	હાજર
૧૧૭.	ડૉ. એમ. એન દેસાઈ	હાજર
૧૧૮.	ડૉ. આર. કે. શાહ	ગેરહાજર
૧૧૯.	ડૉ. આર. જે. જોશી	ગેરહાજર
૧૨૦.	ડૉ. વાય. ડી. વ્યાસ	હાજર
૧૨૧.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૧૨૨.	શ્રીમતી એમ. કે. મહેતા	હાજર
૧૨૩.	ડૉ. મુકુંદભાઈ ત્રિવેદી	ગેરહાજર
૧૨૪.	ડૉ. એસ. પી. પંડ્યા	ગેરહાજર
૧૨૫.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૧૨૬.	શ્રી. ઉજમશીભાઈ કાપડિયા	ગેરહાજર
૧૨૭.	પ્રો. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૨૮.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૨૯.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૩૦.	ડૉ. એસ. જે. દામાણી	ગેરહાજર
૧૩૧.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૩૨.	પ્રિ. આર. ડી. દવે.	ગેરહાજર

સભાની શરૂઆતમાં નીચેના શોકદર્શક ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યા હતા :

(૧) "ભારતનાં ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીના અવસાનથી સમગ્ર રાષ્ટ્ર—બલ્કે સમગ્ર જગત—ની સાથે ગુજરાત યુનિવર્સિટી કોર્ટે પણ તીવ્ર આઘાત અને વ્યથાની લાગણી અનુભવી છે. પ્રખર સ્વદેશપ્રેમ અને ત્યાગની ભાવનાથી નખશિખ રંગાયેલ જાણીતા ને સંસ્કારી નહેરુ કુટુંબમાં જન્મેલાં શ્રી ઇન્દિરાજીને પિતામહ મોતીલાલ નહેરુ અને પિતા જવાહરલાલ નહેરુ પાસેથી ઊંડા દેશપ્રેમ અને સેવાભાવનાનો જે યશસ્વી વારસો મળ્યો હતો તે તેમણે પોતાની આગવી અસાધારણ કુનેહ, દૂરંદેશી અને આર્ષ હૈયાઉકલત દ્વારા દીપાવ્યો અને સમૃદ્ધ કર્યો. ભારતવર્ષના ઇતિહાસના ઘણા નાજુક તબક્કામાં પૂરાં સોળ વર્ષ પર્યંત તેમણે દેશનું સુકાન, અનેક આંતર-બાહ્ય ઝંઝાવાતોની વચ્ચે ભારે

કુશળતાથી સંભાળ્યું એટલું જ નહિ, પરંતુ ભારતને જગતના નકશા પર ગૌરવવંતું સ્થાન અપાવ્યું. તેમના શાસનકાળ દરમિયાન આ દેશને બબ્બે યુદ્ધમાં ઊતરવાનું આવ્યું ને બેઉ વખત ભારત વિજયી બનીને બહાર આવ્યું તેનું શ્રેય શ્રીમતી ઇન્દિરા ગાંધીના સબળ નેતૃત્વને આભારી હતું. તે ઉપરાંત દેશના ઘણા વિકટ પ્રશ્નોના ઉકેલમાં પણ તેમણે જે અપાર ધીરજ, ખંત અને હિંમત દાખવ્યાં હતાં તેનો પ્રેરક ઇતિહાસ પણ અવિસ્મરણીય છે. આસમાની-સુલતાનીની અનેક આપત્તિઓ વખતે પણ ભારે ધૈર્ય, સ્વસ્થતા, હિંમત અને સમભાવપૂર્વક દેશબાંધવોની પડખે રહીને તેઓ હંમેશાં વિશ્વસનીય સહાય અને હૂંફ આપતાં રહ્યા હતાં.

તેઓ ઘરઆંગણે લોકશાહી, સમાજવાદ અને બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યોને વરેલાં હતાં; તો પરદેશનીતિમાં પંચશીલ, તટસ્થતા અને બિનજોડાણવાદનાં મૂલ્યોને તેમણે શિરસાવંદ્ય ગણ્યાં હતાં. બે વર્ષ અગાઉ યોજાયેલ બિનજોડાણવાદી રાષ્ટ્રસમૂહના દેશોએ તેમને સર્વાનુમતે અધ્યક્ષસ્થાને ચૂંટી કાઢ્યાં હતાં તે તેમને માટે અને ભારતવર્ષને માટે ભારે ગૌરવની ઘટના હતી.

કૃષિવિકાસ અને ઔદ્યોગિક વિકાસમાં ભારતે ભરેલી હરણફાળ, અણુક્ષેત્રને અવકાશ-યુગમાં ભારતનો પ્રવેશ અને દક્ષિણધ્રુવની સાહસયાત્રા—આ બધી પ્રથમ નજરે તરી આવતી આ દેશની મહાન સિદ્ધિઓ માટે ભારત અને તેની પ્રજા શ્રીમતી ઇન્દિરા ગાંધીની હંમેશની ઋણી રહેશે. આવી એક મહાન વિભૂતિએ વિધવિધ ક્ષેત્રોમાં ભારતવાસીઓની તેમ જ માનવજાતની કરેલી ઉત્કૃષ્ટ સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા શ્રીમતી ઇન્દિરા ગાંધીને ઊંડા પ્રેમ અને આદરથી પોતાની શ્રદ્ધાંજલિ સમર્પે છે અને સદ્‌ગતનાં કુટુંબીજનો તેમ જ અન્ય દેશબાંધવો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ પ્રગટ કરે છે.

આ ઠરાવની નકલ શ્રીમતી ઇન્દિરા ગાંધીના સુપુત્ર અને વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

"ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા ગુજરાત રાજ્યનાં ભૂતપૂર્વ શિક્ષણમંત્રી અને આ યુનિવર્સિટીની સેનેટનાં અને સિન્ડિકેટનાં અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં ભૂતપૂર્વ સભ્ય શ્રી ઇન્દુમતી ચિમનલાલ શેઠના અવસાનથી ઊંડા આઘાત અને શોકની લાગણી અનુભવે છે. સદ્‌ગત ઇન્દુમતીબહેને સ્વરાજ્યપ્રાપ્તિ માટેનાં આંદોલનોમાં એક નીડર સત્યાગ્રહી તરીકે તેમ જ સન્નિષ્ઠ સામાજિક કાર્યકર અને દૃષ્ટિવંત કેળવણીકાર તરીકે પચાસ વર્ષથીય વધુ સમય પર્યંત રાષ્ટ્રની તેમ જ વિશેષ કરીને ગુજરાતની સેવા પૂરા તન, મન અને ધનથી કરીને ત્યાગ અને આત્મભોગનું જે દૃષ્ટાંત પૂરું પાડ્યું છે તે ગુજરાતની મહિલાઓ અને વિદ્યાર્થીઓને દીર્ઘ સમય સુધી પ્રેરણા પૂરી પાડશે. શિક્ષણ, સમાજસેવા અને સાંસ્કારિક પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં સદ્‌ગત ઇન્દુમતીબહેને કરેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને આ સભા તેમને પોતાની ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પે છે. આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

(૩) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ અને ઍકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય અને બી. ડી. આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી પ્રો. એસ. આર. ભટ્ટના અણચિંતવ્યા અવસાનથી ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે. અંગ્રેજી ભાષા અને સાહિત્યના પ્રખર અભ્યાસી, વિદ્યાર્થી-વત્સલ પ્રાધ્યાપક અને યુવકોના શ્રદ્ધેય રાહબર એવા પ્રો. ભટ્ટે વિદ્યાર્થીભાઈ-બહેનોનો પ્રેમ અને આદર સંપન્ન કર્યો હતો. એટલું જ નહીં, પણ પોતાની ઊંડી વિદ્વત્તા, બૌદ્ધિક નીડરતા અને લાક્ષણિક વક્તૃત્વશૈલીથી આમજનતાની ચાહના પણ પ્રાપ્ત કરી હતી. તેમની આ વિવિધ સેવાઓની કૃતજ્ઞભાવે નોંધ લઈને આ સભા સદ્‌ગત પ્રો. ભટ્ટને પ્રેમપૂર્વક શ્રદ્ધાંજલિ સમર્પે છે અને આ ઠરાવની નકલ ઊંડી સહાનુભૂતિ સાથે તેમનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

(૪) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ અને ઍકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા ધારાશાસ્ત્રી શ્રી બટુભાઈ હ. દેસાઈના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. પચ્ચીસ વર્ષથી વધુ સમય સુધી યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળો અને સભાસમિતિઓના સક્રિય સભ્ય તરીકે શ્રી બટુભાઈ દેસાઈએ બજાવેલી ચિરસ્મરણીય સેવાનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને આ સભા તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પે છે અને આ ઠરાવની નકલ તેમનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને વિનંતી કરે છે.'

(૫) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેની સેનેટ અને સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્યશ્રી ગિરીશચંદ્ર એસ દેસાઈના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. ઇજનેરીવિદ્યા, શિક્ષણ અને સમાજસેવાનાં વિવિધ ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી ચિરસ્મરણીય સેવાનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને આ સભા સદ્‌ગતને ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પે છે અને આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

(૬) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેની સેનેટ અને સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્ય અને સર એલ. એ. શાહ લૉ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી. ડી. ડી દેસાઈના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. અધ્યયન તથા અધ્યાપનના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલા ચિરસ્મરણીય સેવાને આ સભા ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પે છે અને આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

ઉપરના શોકદર્શક પ્રસ્તાવો સભાગૃહના સભ્યોએ ઊભા થઈને અને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા.

તે પછી સભાગૃહની વાંચી પરનાં કામકાજ હાથ ધરવામાં આવ્યાં.

૧. તા. ૩૦/૩૧-૩-૧૯૮૪ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૩૦/૩૧-૩-૧૯૮૪ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

તે પછી પ્રવર્તમાન આંદોલનના સંદર્ભમાં વિદ્યાર્થીઓની ધરપકડ અંગે વિરોધ પ્રદર્શિત કરતો ઠરાવ રજૂ કરવા માટે કેટલાક સભ્યોએ માગણી કરી. કુલપતિશ્રીએ જણાવ્યું કે એજન્ડા ઉપર આ બાબત નથી. સ્ટેચ્યૂટ પ્રમાણે કાર્યવાહી નક્કી થયેલી છે અને તે પ્રમાણે સભાગૃહે ચાલવું જોઈએ.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે 'પોઈન્ટ ઑફ ઑર્ડર' ઉઠાવ્યો કે જે સભ્યોને અદાલતના આદેશ અન્વયે મત આપવાનો અધિકાર નથી તેમની ગણના ગણપૂર્તિ (કોરમ)ના હેતુ માટે કરી શકાય ખરી ? અને અત્યારે સભામાં ગણપૂર્તિ છે ખરી ? તે સભ્યોને અલગ બેસાડવા જોઈએ એમ પણ તેમણે સૂચવ્યું.

તે પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે જે સભ્યોને અદાલતના હુકમ અન્વયે મત આપવાનો અધિકાર નથી તેઓ ચર્ચામાં ભાગ લઈ શકે છે. તેમની ગણના ગણપૂર્તિના હેતુ માટે પણ કરવી જોઈએ, અને ઉમેર્યું કે અત્યારે કોરમ છે અને કાર્યવાહી ચાલુ રાખીએ છીએ.

તે પછી પ્રશ્નોત્તરીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું. આ તબક્કે કેટલાક સભ્યો સભાગૃહ છોડી ગયા.

૧-અ. પ્રશ્નોત્તરી :

(૧) આચાર્ય શ્રી આર. એલ. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી અને તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ઘરભાડા ભથ્થાનો લાભ બધી જ સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને મળે છે?

ઉત્તર ૧ : ના, જી.

પ્રશ્ન ૨ : જો જવાબ 'ના'માં હોય તો કઈ કઈ કૉલેજોને આ લાભ મળતો નથી?

અને

પ્રશ્ન ૩ : શા માટે ?

ઉત્તર ૨ અને ૩ : ઘરભાડા ભથ્થા અંગે રાજ્ય સરકારના નિયમો મુજબ જે શહેરોમાં રાજ્ય સરકારે તેના કર્મચારીઓને માટે ઠરાવેલ ધોરણ મુજબ મળી શકે તે શહેરોમાં તે ધોરણે તે કૉલેજોના શિક્ષકોને પણ ચૂકવાય છે. અન્ય મથકો પર કામ કરતા કૉલેજોના શિક્ષકોને તે ધોરણ અનુસાર ઘરભાડાભથ્થું આપવામાં આવતું નથી

પ્રશ્ન ૪ : સંલગ્ન કૉલેજોમાં વિજ્ઞાનના વિષયોમાં મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા મળી હોય, પરંતુ અનુસ્નાતક શિક્ષણકાર્યના અભાવે અનુસ્નાતક શિક્ષક ન બની શકયા હોય તેવા શિક્ષકોની વિષયવાર સંખ્યા કેટલી છે?

ઉત્તર ૪ : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૫ : જો આવા શિક્ષકોને પી.જી. શિક્ષણનો અનુભવ પી.જી. કેન્દ્રોના અભાવે મળવાનો જ નથી તો યુનિવર્સિટી આ અંગે શું વિચારે છે?

ઉત્તર ૫ : હાલ તે બાબતમાં કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૬ : નીચેના વિષયોમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્ય કરતા સરપ્લસ શિક્ષકોની સંખ્યા કેટલી છે :
રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર.

ઉત્તર ૬ : આ બાબતમાં શિક્ષણ નિયામકશ્રીની કચેરી પાસેથી વિગતો માગવામાં આવી છે પણ તે હજુ સુધી યુનિવર્સિટી કાર્યાલયને મળી નથી.

પ્રશ્ન ૭ : આ ફાજલ શિક્ષકોને સત્વરે કૉલેજોમાં સમાવવા યુનિવર્સિટીની શી યોજના છે?

ઉત્તર ૭ : સંલગ્ન કૉલેજોમાં ખાલી પડતી જગ્યા પર સંખ્યાધિક શિક્ષકને અગ્રિમતા આપવાની જોગવાઈ ઑર્ડિ. ૧૬૧માં કરવામાં આવી છે.

[૨] **શ્રી. એન. સી. જાનીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી અને તેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા.**

પ્રશ્ન ૮ : શું યુનિવર્સિટીએ બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના આદેશ મુજબ કાયદાના શિક્ષણનો પાંચ વર્ષનો નવો અભ્યાસક્રમ દાખલ કરવાનું સ્વીકાર્યું છે?

ઉત્તર ૮ : હા, જી. પણ તેને હજુ અમલમાં મૂકવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૯ : જો તેનો સ્વીકાર કર્યો હોય તો આ નવો અભ્યાસક્રમ ક્યારે અમલમાં લાવવાને વિચાર્યું છે?

આ તબક્કે આચાર્ય ઘનશ્યામભાઈ પરીખે અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચ્યું કે સભાગૃહમાં અત્યારે જરૂરી ગણપૂર્તિ (ક્વોરમ) નથી. તે પછી તે વખતે હાજર હતા તે સભ્યોની સંખ્યા ગણીને કુલપતિશ્રીએ જણાવ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (ક્વોરમ) નથી અને તેથી સભાગૃહનું કામકાજ આગળ ચાલી શકે તેમ નથી.

આમ સભાગૃહનું કામકાજ બંધ જાહેર થતાં યાદી પરનાં બાકીનાં કામકાજ ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાયાં નહીં.

નં. યુનિ. કોર્ટ / ૬૪૩૦૯ / ૧૯૮૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૮-૪-૧૯૮૫

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ

પરિશિષ્ટ " ૧ "

આચાર્યશ્રી આર. એલ. પટેલના પ્રશ્ન ૪ અંગેની માહિતી :

ક્રમાંક	માન્ય મદદનીશ અનુસ્નાતક શિક્ષકનું નામ	વિષય	મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની માન્યતા મળી. અનુ. શિક્ષણકાર્યને અભાવે અનુસ્નાતક શિક્ષક અને તેની સંખ્યા
૧	૨	૩	૪
૧.	શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ		
	(૧) પ્રો. એમ. જે. પટેલ	ઇન-ઓર્ગે. કેમિસ્ટ્રી	૩
	(૨) પ્રો. એસ. એચ. શેખત	ઓર્ગે. કેમિસ્ટ્રી	
	(૩) પ્રો. એ. એ. શેખ	બૉટની	
૨.	નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ		
	(૧) શ્રી. મનુભાઈ એ. પટેલ	ઓર્ગે. કેમિસ્ટ્રી	૧
	(૨) શ્રી. એ. એમ. પંચોલી	ફિઝિકલ કેમિસ્ટ્રી	૧
	(૩) શ્રી. બી. એસ. પટેલ	ઓર્ગે. કેમિસ્ટ્રી	૧
	(૪) શ્રી. સી. ડી. શુકલ	ફિઝિકસ	૧
૩.	શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ		
	(૧) શ્રી. કે. ટી. શાહ	ગણિત	૧
	(૨) શ્રી. પી. જે. ભાવસાર	પ્રાણીશાસ્ત્ર	૧
	(૩) શ્રી. ડી. એસ. જોશી	અંગ્રેજી	૧
	(૪) શ્રી. બી. આર. શાહ	રસાયણશાસ્ત્ર	૧
	(૫) શ્રી. બી. વી. બ્રહ્મભટ્ટ	ભૌતિકશાસ્ત્ર	૧
૪.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	—નથી—	—નથી—
૫.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	—નથી—	—નથી—
૬.	ભવન્સ આર્ટ્સ, સાયન્સ ઍન્ડ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર		
	(૧) એન. એમ. ચોકસી	રસાયણશાસ્ત્ર	આ કૉલેજમાં રસાયણશાસ્ત્રમાં અનુ. કેન્દ્ર
	(૨) શ્રી. જે. બી. પુરોહિત	,,	ચાલતું હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૧	૨	૩	૪
૭. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ			
(૧) રસાયણશાસ્ત્ર			
	૧. શ્રી. જે. ડી. પટેલ	રસાયણશાસ્ત્ર	
	૨. શ્રી. જે. સી. પટેલ	,,	
	૩. શ્રી. વાય. એમ. મહેતા	,,	
(૨) ફિઝિક્સ			
	૧. પ્રો. સી. ટી. અમીન	ફિઝિક્સ	૧
	૨. શ્રી. વી. એમ. ઓઝા	,,	૧
(૩) મેથેમેટિક્સ			
	૧. પ્રો. એચ. કે. પટેલ	મૅથેમેટિક્સ	૧
	૨. પ્રો. એ. એમ. રબારી	,,	૧
(૪) બાયોલોજી			
	૧. પ્રો. એચ. વી. શાહ	બાયોલોજી	૧
(૫) માઇક્રોબાયોલોજી			
	૧. શ્રી. આર. એમ. મજીઠિયા	માઇક્રોબાયોલોજી	૧
(૬) અંગ્રેજી			
	૧. પ્રો. એન. એલ. કાઉ.	અંગ્રેજી	૧
૮. કલોલ મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ			
	(૧) શ્રી. કે. એમ. શાહ	ફિઝિક્સ	૩
	(૨) શ્રી. એ. એમ. પટેલ	ગણિતશાસ્ત્ર	
	(૩) શ્રી. ડી. એ. પટેલ	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	
૯. સાયન્સ કૉલેજ, કડી		—નથી—	—નથી—
૧૦. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ			
	(૧) પ્રો. સી. કે. નરોડિયા	આંકડાશાસ્ત્ર	૨
	(૨) પ્રો. બી. જે. પંડ્યા	,,	
	(૩) પ્રો. કે. એસ. પુરાણી	ઝૂલોજી	૧
	(૪) પ્રો. એસ. બી. પટેલ	મૅથ્સ	૧
૧૧. એમ. એન. કૉલેજ, વીસનગર			
	(૧) શ્રી. સી. જે. પંડ્યા	ભૌતિકશાસ્ત્ર	—
	(૨) શ્રી. કે. કે. પટેલ	,,	,,
	(૩) શ્રી. કે. પી. પટેલ	,,	,,

૧	૨	૩	૪
(૪)	શ્રી. એસ. બી. નારૂલા	વનસ્પતિશાસ્ત્ર	—
(૫)	શ્રી. એન. બી. પઠાણ	”	—
(૬)	શ્રી. જી. એન. ગોસાઈ	”	—
(૭)	શ્રી. આર. એસ. પટેલ	”	—
(૮)	શ્રી. એન. બી. પઠાણ	જીવશાસ્ત્ર	—
(૯)	શ્રી. એચ. એન. રાવલ	રસાયણશાસ્ત્ર	—
(૧૦)	શ્રી. એચ. સી. પટેલ	”	—
(૧૧)	શ્રી. એચ. બી. ભટ્ટી	”	—
(૧૨)	શ્રી. એસ. એ. પટેલ	”	”
(૧૩)	શ્રી. એમ. પી. પટેલ	”	”
(૧૪)	શ્રી. બી. ટી. શાહ	”	—
(૧૫)	શ્રીમતી વી. એન. પટેલ	”	—
(૧૬)	શ્રી. એમ. એચ. પટેલ	ગણિતશાસ્ત્ર	—
(૧૭)	શ્રી. એ. બી. પટેલ	”	—
(૧૮)	શ્રી. આર. બી. વૈદ્ય	”	—
(૧૯)	શ્રી. એ. જી. પટેલ	આંકડાશાસ્ત્ર	—
(૨૦)	શ્રી. બી. એમ. પટેલ	”	

૧૨. આર. આર. લાલન કૉલેજ, ભૂજ

૧૩. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા

(૧) વિજ્ઞાન વિદ્યાશાખા

શ્રી. ડી. સી. ઉપાધ્યાય	રસાયણવિજ્ઞાન	૧

(૨) વિનયન વિદ્યાશાખા

૧. શ્રી. એમ. એમ. જોશી	મનોવિજ્ઞાન	૧
૨. શ્રી. વી. કે. ભાણોત	અંગ્રેજી	૧
૩. શ્રી. આર. કે. શાહ	ગુજરાતી	૧

૧૪. ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ

(૧)	શ્રી. એન. એ. દેસાઈ	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	ટીચિંગ
(૨)	શ્રી. વાય. એમ. વૈદ્ય	ફિઝિકલ કેમિસ્ટ્રી	”
(૩)	શ્રી. ડી. ડી. જમત્રાખીયા	”	”
(૪)	શ્રીમતી કે. એ. પંડ્યા	ફિઝિકલ કેમિસ્ટ્રી	”

૧	૨	૩	૪
(૫)	શ્રી. એલ. એ. પટેલ	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	ટીચિંગ
(૬)	શ્રી. એસ. સી. મિસ્ત્રી	ઇન-ઓર્ગે. કેમિસ્ટ્રી	,,
(૭)	શ્રી. બી. સી. જોશી	,,	,,
(૮)	શ્રી. વી. સી. લાલા	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	,,
(૯)	શ્રી. જી. એમ. શાહ	,,	,,
(૧૦)	શ્રી. એમ. એમ. પટેલ	ફિઝિકલ કેમિસ્ટ્રી	,,
(૧૧)	શ્રી. યુ. બી. ત્રિવેદી	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	,,
(૧૨)	શ્રી. સી. કે. પટેલ	ફિઝિકસ	ના
(૧૩)	શ્રી. એ. એમ. સોની	,,	,,
(૧૪)	શ્રી. એમ. એસ. પંચાલ	,,	,,
(૧૫)	શ્રી. ડી. ટી. કુંચવાર	,,	ટીચિંગ
(૧૬)	શ્રી. એમ. એસ. રાર્મી	,,	,,
(૧૭)	શ્રી. ડી. બી. દાણી	,,	,,
(૧૮)	મિસ કે. એમ. પંડ્યા	બોટની	,,
(૧૯)	શ્રીમતી એચ. એન. ટ્રેક	,,	,,
(૨૦)	શ્રી. એન. કે. ચૌહાણ	,,	,,
૧૫.	સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર		
(૧)	શ્રી. એન. એમ. જોશી	પ્રાણીશાસ્ત્ર	૧
(૨)	શ્રી. વી. એચ. બારોટ	વનસ્પતિશાસ્ત્ર	૧
(૩)	શ્રી. એચ. એમ. ઠક્કર	,,	૧

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા શનિવાર, તા. ૨૨-૩-૧૯૮૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કોર્ટ-ખંડમાં મળી હતી, અને રવિવાર, તા. ૨૩-૩-૧૯૮૬ના રોજ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. આ બંને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨-૩-૧૯૮૬	તા. ૨૩-૩-૧૯૮૬
૧.	શ્રી. આર. કે. ત્રિવેદી, કુલાધિપતિશ્રી	ગેરહાજર	ગેરહાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર	હાજર
૩.	શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર	હાજર
૪.	,, એલ. આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	,, ઉમાશંકર જે. જોશી	ગેરહાજર	ગેરહાજર
૬.	,, એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર	ગેરહાજર
૭.	,, ઈશ્વરભાઈ જે. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૮.	ડૉ. પી. સી. વૈદ્ય	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. એસ. વી. શાસ્ત્રી, કુલસચિવ	હાજર	હાજર
૧૦.	,, આર. એસ. ગાંધી, ગ્રંથપાલ	હાજર	હાજર
૧૧.	,, સુરેશ ડી. શર્મા	ગેરહાજર	ગેરહાજર
૧૨.	,, એન. આર. દવે	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર	ગેરહાજર
૧૪.	શ્રી. બી. કે. સિંહા	ગેરહાજર	ગેરહાજર
૧૫.	ડૉ. એમ. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	શ્રી. ચેરમેન, ગુજરાત સેકન્ડરી બોર્ડ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨-૩-૧૯૮૬	તા. ૨૩-૩-૧૯૮૬
૧૭.	શ્રી. બાબુભાઈ વાસણવાળા	ગેરહાજર	ગેરહાજર
૧૮.	,, જિતેન્દ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૯.	,, જિતેન્દ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૦.	,, આર. આર. નગરી	ગેરહાજર	ગેરહાજર
૨૧.	,, એસ. કે. ઝવેરી	હાજર	ગેરહાજર
૨૨.	,, એન. એચ. ત્રિવેદી	હાજર	હાજર
૨૩.	,, બી. એન. પટેલ	હાજર	ગેરહાજર
૨૪.	,, એચ. એસ. પકાણ	હાજર	હાજર
૨૫.	,, એમ. આર શાસ્ત્રી	હાજર	હાજર
૨૬.	,, કે. એસ. પટેલ	હાજર	ગેરહાજર
૨૭.	,, એસ. એન. પટેલ	હાજર	હાજર
૨૮.	,, આર. એલ. ગાંધી	હાજર	ગેરહાજર
૨૯.	,, વી. બી. પટેલ	હાજર	હાજર
૩૦.	,, નરહરિ એચ. અમીન	હાજર	ગેરહાજર
૩૧.	,, કે. આર. પટેલ	ગેરહાજર	હાજર
૩૨.	,, એ. એ. ભીમજીઆની	ગેરહાજર	ગેરહાજર
૩૩.	,, ઉમાકાન્ત એમ. પંડિત	હાજર	હાજર
૩૪.	,, એન. આર. બોડીવાલા	હાજર	ગેરહાજર
૩૫.	ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર	ગેરહાજર
૩૬.	પ્રિ. એમ. સી શાહ	હાજર	ગેરહાજર
૩૭.	શ્રી. બી. કે. શાહ	હાજર	હાજર
૩૮.	,, એસ. સી પટેલ	હાજર	ગેરહાજર
૩૯.	,, એસ. એન. દાણી	હાજર	હાજર
૪૦.	,, જે. આર પટેલ	હાજર	ગેરહાજર
૪૧.	,, કે. સી. પટેલ	હાજર	હાજર
૪૨.	,, આર. બી પટેલ	હાજર	ગેરહાજર
૪૩.	,, ડી. એમ. શાહ	હાજર	હાજર
૪૪.	,, આર. પી શાહ	હાજર	હાજર
૪૫	,, એચ. એ મોદી	હાજર	હાજર
૪૬.	,, એસ. જે. શાહ	હાજર	હાજર
૪૭.	,, વિષ્ણુ પ્રકાશ	હાજર	ગેરહાજર
૪૮.	,, એન. વી. વસાણી	હાજર	ગેરહાજર
૪૯.	,, આર. સી પટેલ	હાજર	હાજર
૫૦.	,, એન. સી. જાની	હાજર	હાજર
૫૧	,, એચ. એલ મહેતા	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨—૩—૧૯૮૬	તા. ૨૩-૩-૧૯૮૬
૫૨.	શ્રી. એમ. ડી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૫૩	,, પી. વી. વેદ	હાજર	હાજર
૫૪	,, ડી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૫૫	,, ડી. એમ. મહેતા	હાજર	ગેરહાજર
૫૬.	,, પી એસ દવે	હાજર	હાજર
૫૭.	,, ડી. એન. પટેલ	હાજર	ગેરહાજર
૫૮.	,, એમ. જે. પટેલ	હાજર	ગેરહાજર
૫૯.	,, એમ. સી. પટેલ	હાજર	ગેરહાજર
૬૦	,, એસ એમ. શાહ	હાજર	હાજર
૬૧.	,, એસ. બી. વોરા	હાજર	હાજર
૬૨.	,, જે. સી. શાહ	હાજર	ગેરહાજર
૬૩	,, પી. સી. ઉપાધ્યાય	હાજર	હાજર
૬૪.	,, જી. સી. ભાવસાર	હાજર	હાજર
૬૫.	પ્રિ. એલ. એસ. પટેલ	હાજર	હાજર
૬૬.	,, ડી. જે. જાની	હાજર	ગેરહાજર
૬૭.	,, આર આર. ભટ્ટ	હાજર	હાજર
૬૮.	,, બી. કે. ગઢવી	ગેરહાજર	ગેરહાજર
૬૯.	,, ડી. એસ. જોશી	હાજર	હાજર
૭૦.	,, પી વી. મંગલવેઢેકર	હાજર	હાજર
૭૧	,, વી. સી. પરીખ	હાજર	ગેરહાજર
૭૨.	,, ઊર્મિલાબહેન સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૭૩.	,, નયનાબેન કે. શાહ	હાજર	ગેરહાજર
૭૪	,, એન. આર. ઠક્કર	હાજર	ગેરહાજર
૭૫.	,, કે. બી. વ્યાસ	હાજર	હાજર
૭૬.	,, કે. આર. યાદવ	હાજર	ગેરહાજર
૭૭.	,, જી. બી. પરીખ	હાજર	ગેરહાજર
૭૮.	,, લીલાબહેન કે. પટેલ	હાજર	ગેરહાજર
૭૯.	,, એસ. એમ. શુકલ	હાજર	ગેરહાજર
૮૦.	,, વી. એસ. મોદી	હાજર	હાજર
૮૧.	,, એન. વી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૮૨.	,, જી. એસ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૮૩.	,, જશભાઈ જી. પટેલ	હાજર	હાજર
૮૪.	,, એન. જે. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૮૫.	,, આર. એલ. પટેલ	હાજર	હાજર
૮૬.	,, એન. આર. શાહ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨—૩—૧૯૮૬	તા. ૨૩-૩-૧૯૮૬
૮૭.	પ્રિ. જે. ડી. તલાટી	હાજર	ગેરહાજર
૮૮.	,, એચ. એમ દેસાઈ	હાજર	ગેરહાજર
૮૯.	,, પી. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૯૦.	,, એમ. ડી. પંચોલી	હાજર	ગેરહાજર
૯૧.	,, આર. એસ. વોરા	હાજર	ગેરહાજર
૯૨.	ડૉ. જે. એન. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૯૩.	પ્રિ. જી. એમ. પટેલ	હાજર	હાજર
૯૪.	,, બી. એમ. પીરજાદા	હાજર	હાજર
૯૫.	,, જી. એસ. શાહ	હાજર	ગેરહાજર
૯૬.	,, એન. એન. શાહ	હાજર	હાજર
૯૭.	,, ડી. એમ. શીખ	હાજર	હાજર
૯૮.	,, જે. સી. ત્રિવેદી	હાજર	હાજર
૯૯.	,, આર. એ ત્રિવેદી	હાજર	હાજર
૧૦૦.	,, બી. એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૦૧.	શ્રી. ડી. એલ. ચૌધરી	હાજર	હાજર
૧૦૨.	,, જે. આર. યાજ્ઞિક	હાજર	હાજર
૧૦૩.	,, વાય. એમ. સ્નેહી	હાજર	હાજર
૧૦૪.	,, એ. એસ. રબારી	હાજર	હાજર
૧૦૫.	,, ટી. કે. પટેલ	હાજર	હાજર
૧૦૬.	,, બી. એ. ભટ્ટ	હાજર	હાજર
૧૦૭.	,, આઈ. આર. દેસાઈ	હાજર	હાજર
૧૦૮.	,, આર. ટી. જૈન	હાજર	હાજર
૧૦૯.	શ્રી. એસ. એસ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૧૦.	,, એ. જે. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧૧.	,, આર. વી. શાહ	હાજર	હાજર
૧૧૨.	,, સુધીરભાઈ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧૩.	,, દીપકભાઈ નવનીતલાલ	ગેરહાજર	ગેરહાજર
૧૧૪.	ડૉ. વી. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૧૫	પ્રિ. આર. એચ. વ્યાસ	ગેરહાજર	ગેરહાજર
૧૧૬.	ડૉ એચ. એસ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૧૭.	,, એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૧૧૮.	,, આર. કે. શાહ	હાજર	હાજર
૧૧૯.	,, આર. જે. જોશી	હાજર	હાજર
૧૨૦.	,, વાય. ડી. વ્યાસ	હાજર	ગેરહાજર
૧૨૧.	શ્રી એન. એમ. પરીખ	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨-૩-૧૯૮૬	તા. ૨૩-૩-૧૯૮૬
૧૨૨.	શ્રીમતી એમ. કે. મહેતા	હાજર	ગેરહાજર
૧૨૩.	ડૉ. મુકુંદભાઈ ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૧૨૪.	ડૉ. એસ. પી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૧૨૫.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૧૨૬.	શ્રી. ઉજમશીભાઈ કાર્પાડયા	હાજર	હાજર
૧૨૭.	પ્રો. એમ. પી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૧૨૮.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૧૨૯.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૧૩૦.	ડૉ. એસ. જે. દામાણી	ગેરહાજર	ગેરહાજર
૧૩૧.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર	હાજર
૧૩૨.	પ્રિ. આર. ડી. દવે.	હાજર	હાજર

૧. તા. ૨૮-૩-૧૯૮૫ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તા ૨૮-૩-૧૯૮૫ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેના શોકદર્શક પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા :

(૧) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના ભૂતપૂર્વ અધ્યક્ષ ખ્યાતનામ વિજ્ઞાનશાસ્ત્રી ડૉ. કે. આર. રામનાથનના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. વૈજ્ઞાનિક શિક્ષણ અને સંશોધનનાં ક્ષેત્રોમાં તેમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવીને આ યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે અને અધ્યયન, અધ્યાપન અને સંશોધનની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેમણે યશસ્વી સેવા બજાવી હતી અને દેશના તથા સમાજના ઉત્કર્ષમાં મહત્ત્વનું યોગદાન કર્યું હતું. તેમની એ સુદીર્ઘ અને યશસ્વી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને આ સભા સદ્‌ગતને સદ્‌ભાવપૂર્વક પોતાની શ્રદ્ધાંજલિ સમર્પે છે અને આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે

(૨) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટીની સેનેટ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને ઍકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય તથા ખંભાત કેળવણી મંડળના પ્રમુખ, ખંભાત નગરપાલિકાના માજી અધ્યક્ષ, ગુજરાત વિધાનસભાના માજી સદસ્ય અને જાણીતા સમાજસેવક શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. યુનિવર્સિટીનાં સતામંડળો અને સભા સમિતિઓના સક્રિય સભ્ય તરીકેની અને શિક્ષણના ક્ષેત્રમાં તેઓશ્રીએ બજાવેલી સુદીર્ઘ અને ચિરસ્મરણીય સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને આ સભા સદ્‌ગતને સદ્‌ભાવપૂર્વક પોતાની શ્રદ્ધાંજલિ સમર્પે છે અને આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને વિનંતી કરે છે.

(૩) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય શ્રી વિનોદભાઈ કપાસીના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. શિક્ષણના અને વિદ્યાર્થી કલ્યાણનાં ક્ષેત્રોમાં સદ્ગતે બજાવેલી ચિરસ્મરણીય સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરણ કરીને આ સભા પોતાની ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પે છે, અને આ ઠરાવની નકલ સદ્ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને વિનંતી કરે છે.

ઉપરના શોકદર્શક પ્રસ્તાવો સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા.

તે પછી સભાગૃહનું વાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૨. ૧૯૮૬-૮૭ અને ૧૯૮૭-૮૮ના વર્ષ માટે બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ.**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના માર્ચ ૧૯૮૪માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧ માર્ચ ૧૯૮૬ ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની છે.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ બે વર્ષનું એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૮૬થી તા. ૩૧ મી માર્ચ, ૧૯૮૮ સુધીનું રહેશે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૧૯-૨-૧૯૮૬ના રોજ પરિપત્રાંક ઍકેડેમિક -૫૨૪૦૯-૧૯૮૬ દ્વારા મોકલવામાં આવી છે.]

સને ૧૯૮૬-૮૭ અને ૧૯૮૭-૮૮ ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય શુક્રવાર, તા ૧૪-૩-૧૯૮૬ ના રોજ કાર્યાલયના સમય દરમિયાન નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં :

૧. શ્રી. ભૂષણભાઈ અશોકભાઈ ભટ્ટ
૨. આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ
૩. શ્રી સૂર્યકાંત નારાયણલાલ પટેલ
૪. શ્રી વાડીલાલ ભીખાભાઈ પટેલ
૫. શ્રી રજનીકાંત વિષ્ણુપ્રસાદ શાહ.

સદરહુ ઉમેદવારીપત્રોની ચકાસણી રવિવાર, તા ૧૬-૩-૧૯૮૬ના રોજ સવારના ૧૧-૩૦ વાગ્યે કરવામાં આવતાં નીચેના ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો માન્ય ઠર્યાં હતાં અને તેની જાણ સૌ સભ્યોને કાર્યાલયના તા. ૧૭-૩-૧૯૮૬ ના પરિપત્રાંક ઍકેડેમિક ૫૪૨૨૦ થી સભ્યોને કરવામાં આવી હતી :

૧. શ્રી ભૂષણ અશોકભાઈ ભટ્ટ
૨. આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ
૩. શ્રી સૂર્યકાંત નારાયણલાલ પટેલ
૪. શ્રી વાડીલાલ ભીખાભાઈ પટેલ.

સદરહુ બાબતની વિચારણા હાથ ધરવામાં આવી, ત્યારે કોર્ટના સભ્ય શ્રી નરહરિભાઈ અમીને પ્રમુખશ્રીને જણાવ્યું કે બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સની ચૂંટણી માટેના ઉમેદવારો પૈકી શ્રી ભૂષણ એ. ભટ્ટ તેમની ઉમેદવારી પાછી ખેંચે છે અને આ માટેની લેખિત રજૂઆત પણ તેઓશ્રીએ પ્રમુખશ્રી પાસે કરેલ હોઈ આ સંજોગોમાં આ સભાગૃહ તથા આપ મંજૂર કરો તો બાકી રહેતા ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવા અથવા ચૂંટણી અનિવાર્ય હોય તો તેનો સમય ઘટાડવો.

તે પછી આચાર્યશ્રી દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આ સભાગૃહ સર્વાનુમતે મંજૂરી આપે તોપણ સ્ટે. ૩૧ (૪)ની જોગવાઈ પ્રમાણે તે થઈ શકે નહિ

તે પછી કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે ધારાકીય જોગવાઈ છે તે પ્રમાણે ચૂંટણી કરવી જરૂરી છે. અને તે માટે અગાઉથી સમય ફાળવેલો હોવાથી તેમાં હાલને તબક્કે ફેરફાર કરી શકાય નહિ.

તે પછી સદરહુ ચૂંટણી માટેની મત ગણતરી માટે પ્રમુખશ્રીએ નીચેના સભ્યોની ચકાસણીદાર તરીકે નિમણૂક કરી :

૧. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ બી. પરીખ.

૨. આચાર્યશ્રી સી. એલ. શાસ્ત્રી.

તે પછી સદરહુ ચૂંટણી માટેનું મતદાનનું કામ હાથ ધરવામાં આવ્યું અને સભાગૃહની સંમતિથી એમ ઠરાવવામાં આવ્યું કે બાકી ઉપરના આગળના કામકાજની વિચારણા બપોરે ૨-૩૦ વાગ્યે હાથ ધરવી.

તે પછી બપોરે ૨-૩૦ વાગ્યે ચકાસણીદારોનો રિપોર્ટ આવતાં પ્રમુખશ્રીએ નીચેના ત્રણ સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યા :

૧. આચાર્યશ્રી જશભાઈ ગોરધનભાઈ પટેલ.

૨. શ્રી વાડીલાલ ભીખાભાઈ પટેલ.

૩. શ્રી સૂર્યકાંત નારાયણલાલ પટેલ.

તે પછી બાબત ક્રમાંક ૨ અ પ્રશ્નોત્તરી અંગેનું કામ હાથ ધરવામાં આવ્યું. તેમાં પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં પ્રશ્નોત્તરી ક્રમાંક ૩૬ સુધી હાથ ધરી શકાઈ હતી.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૩૬ પરિશિષ્ટ 'અ-૧' તરીકે સામેલ છે).

૩. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૩-૮૪ ના વાર્ષિક હેવાલ ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૮-૩-૧૯૮૫ ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહિ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૮૫ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. એચ. વ્યાસે** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૮૫ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

(સદરહુ હેવાલની નકલ સભ્યોને તા. ૭-૨-૧૯૮૬ના રોજ મોકલવામાં આવી છે.)

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી આર. એચ. વ્યાસને બદલે પ્રો. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી અંબુભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

તે પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્યશ્રી દર્શનસિંગ શીખે પ્રમુખશ્રીનું ધ્યાન દોર્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) છે? પ્રમુખશ્રીએ હાજર સભ્યોની ગણતરી કરીને જણાવ્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) છે.

તે પછી આચાર્યશ્રી દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે જેમને મત આપવાનો અધિકાર નથી તેઓને ગણપૂર્તિમાં લઈ શકાય ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે જે સભ્યોને હાલ મત આપવાનો અધિકાર નથી તેઓ સભાની કાર્યવાહીમાં ભાગ લઈ શકે અને તેથી તેઓનો ગણપૂર્તિમાં સમાવેશ કરી શકાય.

૫. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૧-૮૨ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૮-૩-૧૯૮૫ની વાર્ષિક સભામા ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહિ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ સદરહુ ઑડિટ થયેલા હિસાબોની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

***G. U. Act Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolution thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

†Statute 90 :

The Executive Council shall take all steps to have the annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court

૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના ૧૯૮૨-૮૩ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જશભાઈ પટેલે** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૮૨-૮૩ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી જશભાઈ પટેલે રજૂ કર્યો. તેને શ્રી ઉજમશીભાઈ કાપડિયાએ **ટેકો** આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. ૧૯૮૩-૮૪ વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સનો હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જશભાઈ પટેલે** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૮૩-૮૪ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

(બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના સદરહુ હેવાલનો નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે)

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી જશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો હતો.

સદરહુ પ્રસ્તાવ પરની ચર્ચા શરૂ થતાં આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ પ્રમુખશ્રીનું ધ્યાન દોર્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (quorum) છે? પ્રમુખશ્રીએ હાજર સભ્યોની ગણતરી કરીને જણાવ્યું કે જરૂરી ગણપૂર્તિ (quorum) નથી. તેથી સભાગૃહનું કામકાજ સાંજે ૫-૩૫ વાગ્યે બંધ રાખવામાં આવ્યું હતું.

તે પછી બીજે દિવસે એટલે કે તા. ૨૩-૩-૧૯૮૬ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા ફરી મળતાં પ્રથમ પ્રશ્નોત્તરીનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું, અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં પ્રશ્નોત્તરી ક્રમાંક ૩૩ થી ૩૧૪ સુધીની પ્રશ્નોત્તરીનું કામ હાથ ધરી પ્રશ્નોત્તરીનું કામ પૂરું કરવામાં આવ્યું હતું.

તે પછી બાબત ક્રમાંક ૭ પર મત લેવામાં આવતાં, તે પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૩૩ થી ૩૧૪ પરિશિષ્ટ 'અ-૨' તરીકે સામેલ છે.)

૮. ૧૯૮૪-૮૫ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સનો હેવાલ.

ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જશભાઈ પટેલે** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૮૪-૮૫ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી જશભાઈ પટેલે રજૂ કર્યો, તેને **શ્રી અંબુભાઈ દેસાઈએ** ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ **ઍકાઉન્ટ્સ**ના સદરહુ હેવાલની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે **સામેલ** છે.)

૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૫-૮૬ના અંદાજપત્ર તથા સને ૧૯૮૪-૮૫ના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૮-૩-૧૯૮૫ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહિ તે સંજોગોમાં ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૧૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૬-૮૭નું અંદાજપત્ર તથા સને ૧૯૮૫-૮૬નું પુનર્નિર્મિત અંદાજપત્ર.

ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **આચાર્ય બી. એમ. પીરજાદાએ** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૮૬-૮૭ના અંદાજપત્ર તથા સને ૧૯૮૫-૮૬ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય શ્રી બી. એમ. પીરજાદાએ રજૂ કર્યો. તેને ઉજમશીભાઈ કાપડિયાએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવના સંદર્ભમાં શ્રી એસ. કે. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

૧૦(૧). નોકરીઓમાં રોસ્ટર પ્રથામાં રહેલી વિસંગતિઓની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે તેના સંદર્ભમાં વહીવટી તંત્રમાં સંવાદ જળવાઈ રહે તથા કર્મચારીઓ સાથેના સંબંધોનું એખલાસમય વાતાવરણ ડહોળાય નહીં તેવા શુભ ઉદ્દેશથી આ બાબતમાં રાજ્ય સરકાર દ્વારા અંતિમ નિર્ણય લેવાય ત્યાં સુધી, કેટલીક જગ્યાઓ પર ઉંગામી નિમણૂંકોથી જ ચલાવી લેવાની વ્યવહારકુશળતા આપણી યુનિવર્સિટીએ દાખવી છે તેને આ સભા પ્રશંસે છે, અને સાથે સાથે યુનિવર્સિટીમાં તેમ જ વિશેષતઃ યુનિવર્સિટી પ્રેસમાં એક વર્ષ કરતાં વધુ સમય માટે ઉપલી (Higher) જગ્યાનો ચાર્જ ધરાવતા જે તે કર્મચારીઓને જે તે ઉપલી જગ્યાના પગારધોરણનો તથા પગારવધારા (Increments)નો લાભ આપવા આ સભા માનનીય કુલપતિશ્રી અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે.

આ ઠરાવનો અમલ તા. ૧–૪–૧૯૮૬થી કરતા યુનિવર્સિટીના સને ૧૯૮૬-૮૭ના અંદાજપત્રના પૃ. ૫૩ ઉપર પગાર ખર્ચ રૂ. ૪,૨૫,૦૦૦ અંદાજેલો છે. તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૦૦/- વધારે અંદાજી કુલ પગાર ખર્ચ રૂ. ૪,૨૫,૧૦૦/- અંદાજવા આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે.

ઉપરોક્ત પ્રસ્તાવ શ્રી સત્યેન્દ્રભાઈ ઝવેરીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

શ્રી વાડીભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પ્રસ્તાવ ક્રમાંક ૧૦(૫) સ્થાને નીચેનો પ્રસ્તાવ સુધારારૂપે વિકલ્પમાં મૂકવો :

શૈક્ષણિક અભ્યાસક્રમોમાં તથા સરકારી નોકરીઓમાં પછાત વર્ગો તથા અક્ષીપંચની જ્ઞાતિઓને અપાતા લાભો તેઓમાંના આર્થિક પછાત પણ હોય તેઓ પૂરતા જ મર્યાદિત રહેવા જોઈએ. આ પ્રમાણેની જોગવાઈ કર્ણાટક રાજ્યમાં તથા મધ્યપ્રદેશમાં અમલમાં છે જ. આર્થિક સધ્ધરોને પછાત જ્ઞાતિના ધોરણે ગણી આવા લાભો આપવા તે સમાજના ગરીબો પ્રત્યેની ક્રૂર મશ્કરી જ ગણાવવી જોઈએ.

ઉપરોક્ત પ્રસ્તાવ શ્રી વાડીભાઈ બી. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

તે પછી સભાનું કામકાજ બપોરે ૨–૧૫ વાગ્યે વિરામ માટે મુલતવી રાખવાનું પ્રમુખશ્રીએ જાહેર કર્યું અને સભા વિરામ બાદ બપોરે ૨–૩૦ વાગ્યે ફરી મળશે તેમ જણાવ્યું.

તે પછી બપોરે ૨–૩૦ કલાકે ફરી સભા મળતાં પ્રો. મહેશભાઈ ભટ્ટે પ્રમુખશ્રીનું ધ્યાન દોર્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (quorum) છે? પ્રમુખશ્રીએ હાજર સભ્યોની ગણતરી કરીને જણાવ્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (quorum) નથી, અને તેથી સભા બરખાસ્ત કરવામાં આવે છે, આથી સભાનું કામકાજ આગળ ચાલી શક્યું નહિ; અને તેથી કામકાજની યાદી પરની બાકીની બાબતો હાથ ધરી શકાઈ નહિ.

નં. કોર્ટ / ૬૨૧૬૭ / ૧૯૮૬

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

તા. ૨૩–૪–૧૯૮૬

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ.

પરિશિષ્ટ 'અ-૧'
કામકાજ ક્રમાંક ૨

પ્રશ્નોત્તરી

[૧] શ્રી નરહરિ અમીને નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : કઈ શાળાના મકાનમાં આ કૉલેજ (એલ. જે. કૉમર્સ કૉલેજ) ચાલે છે ?

ઉત્તર ૧ : કૉલેજે તેના તા. ૧૧-૩-'૮૬ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"બી.એડ.નું શિક્ષણ આપતી એમ. એમ. કૉલેજ ઑફ એજ્યુકેશન તેમજ પંકજ વિદ્યાલયના બિલ્ડિંગમાં શરૂ કરવામાં આવી છે."

પ્રશ્ન ૨ : એલ. જે. કૉમર્સ કૉલેજ જે મકાનમાં અસ્તિત્વમાં આવેલ છે તે મકાનમાં હૉસ્ટેલ તેમ જ લગ્ન અંગેનો હૉલ પણ આવેલ છે કે કેમ તેની માહિતી આપશો ?

ઉત્તર ૨ : કૉલેજે તેના તા. ૧૧-૩-૧૯૮૬ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"એમ. એમ. કૉલેજ ઑફ એજ્યુકેશન, જે મકાનના પહેલા અને બીજા માળ પર છે, તેના ભોંયતળિયે દશકોશી વિદ્યામંડળનો હૉલ છે. જ્યારે આ બિલ્ડિંગમાં તેમજ પંકજ વિદ્યાલયવાળા બિલ્ડિંગમાં હૉસ્ટેલનું મકાન આવેલું છે."

પ્રશ્ન ૩ : આ કૉલેજના આચાર્ય એક જ વર્ષ દરમ્યાન એલ. જે. કૉમર્સ કૉલેજ તેમ જ ધંધુકા કૉલેજ એમ બન્ને કૉલેજમાં આચાર્ય તરીકે રહ્યા હતા ? આ અંગે વિગતવાર સ્પષ્ટ માહિતી આપશો ? આવી કાર્યવાહી આ કૉલેજ શરૂ થયા પછી સતત ત્રણ વર્ષ સુધી કરવામાં આવી હતી ?

ઉત્તર ૩ : (અ) : હા, જી.

(બ) અને (ક) : કૉલેજે તેના તા. ૧૧-૩-'૮૬ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

છેલ્લા ત્રણ વર્ષમાં આચાર્ય અને કાર્યકારી આચાર્ય અંગેની માહિતી નીચે મુજબ છે :

વર્ષ	સમય	આચાર્ય / કાર્યકારી આચાર્યનું નામ
૧૯૮૨-૮૩	૧૫-૬-'૮૨ થી ૮-૭-'૮૨	કા. શ્રી આર. એચ. શુક્લ
	૯-૭-'૮૨ થી ૮-૧૦-'૮૨	શ્રી. બી. એમ. પીરજાદા (Loan Service)
	૯-૧૦-'૮૨ થી ૩૦-૬-૮૩	કા. શ્રી. બી. સી. શાહ

વર્ષ	સમય	આચાર્ય / કાર્યકારી આચાર્યનું નામ
૧૯૮૩-૮૪	૧-૭-'૮૩ થી ૩૦-૯-'૮૩	શ્રી. બી. એમ. પીરદાજા (Loan Service)
	૧-૧૦-'૮૩ થી ૧૧-૭-'૮૪	કા. શ્રી. બી. સી. શાહ
૧૯૮૪-૮૫	૧૨-૭-'૮૪ થી ૧૧-૧૦-'૮૪	શ્રી. બી. એમ. પીરજાદા (Loan Service)
	૧૨-૧૦-'૮૪ થી ૫-૮-'૮૫	કા. શ્રી એસ. ટી. ઝિઝુંવાડિયા
	૬-૮-'૮૫ થી	પ્રિ. બી. એમ. પીરજાદા

પ્રશ્ન ૪ : એલ. જે. કોમર્સ કોલેજમાં યુનિવર્સિટીના નિયમ પ્રમાણે જરૂરી ઓરડાઓ અને જરૂરી અન્ય વ્યવસ્થાઓ છે ?

ઉત્તર ૪ : હા, જી.

પ્રશ્ન ૫ : ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫ના વર્ષ દરમ્યાન આ કોલેજમાં વિદ્યાર્થીઓની કેટલી સંખ્યા હતી ?

ઉત્તર ૫ : ઑડિટ. ૯૬ અન્વયે મોકલેલી માહિતી પ્રમાણે આ કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે હતી :

વર્ષ	વિદ્યાર્થી સંખ્યા
૧૯૮૩	૯૭૯
૧૯૮૪	૧૩૬૨
૧૯૮૫	૧૪૧૭

પ્રશ્ન ૬ : ઉપરોક્ત વર્ષ દરમ્યાન આ કોલેજે યુનિવર્સિટીના નિયમ કરતાં વધુ વિદ્યાર્થીઓ લીધા હતા ?

ઉત્તર ૬ : યુનિવર્સિટીનાં દફતર જોતાં યુનિવર્સિટીની મંજૂરી વિના વધુ પ્રવેશ આપ્યાનું જણાયું નથી.

પ્રશ્ન ૭ : (અ) એલ. જે. કોમર્સ કોલેજમાં યુનિવર્સિટીના નિયમ મુજબ જરૂરી બિન-શૈક્ષણિક કર્મચારીઓનો સ્ટાફ છે ?

(બ) જો ન હોય તો આ અંગે યુનિવર્સિટીએ શું પગલાં ભર્યાં ?

(ક) આ અંગેની છેલ્લા ત્રણ વર્ષની માહિતી આપશો.

ઉત્તર ૭ : (અ) ના, જી.

(બ) આ બાબતમાં કોલેજને ઘટતું કરવા માટે લખવામાં આવ્યું છે.

(ક) સદરહુ માહિતી સભા સમયે સભાગૃહ સમક્ષ મૂકવામાં આવશે તથા સભ્યોને કાર્યાલયના સમય દરમિયાન તે જોવા માટે ઉપલબ્ધ કરી શકાશે.

પ્રશ્ન ૮ : એલ. જે. કૉમર્સ કૉલેજમાં ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫ના વર્ષ દરમ્યાન કોણ પ્રિન્સિપાલ હતા ?

ઉત્તર ૮ : સદરહુ માહિતી માટે ઉપર પ્રશ્ન ૩ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯ : ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫ના વર્ષ દરમ્યાન કોણ પ્રિન્સિપાલ હતા ?

ઉત્તર ૯ : કૉલેજે તેના તા. ૧૪–૩–૧૯૮૬ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"અમારી કૉલેજમાં ૧૯૮૨–૮૩ થી ૧૯૮૪–૮૫ના વર્ષ દરમિયાન શ્રી બી. એમ. પીરઝાદા આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા. ઉપરોક્ત વર્ષ દરમિયાન તા. ૮–૭–૧૯૮૨ થી ૭-૧૦-૧૯૮૨, તા. ૧–૭-૧૯૮૩ થી તા. ૩૦–૯–૧૯૮૩ અને તા. ૧૨–૭–૧૯૮૪ થી તા. ૧૧–૧૦–૧૯૮૪ સુધીના સમયગાળામાં તેઓ મૅનેજમેન્ટની પરવાનગીથી લીયન પર જતાં તેમની જગ્યાએ કાર્યકારી આચાર્યની નિમણૂક કરવામાં આવી હતી."

પ્રશ્ન ૧૦ : ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાંથી પ્રિ. પીરઝાદાએ કયા વર્ષે રાજીનામું આપ્યું ?

ઉત્તર ૧૦ : તા. ૨—૭—'૮૫થી અમલી બને તે રીતે તા. ૩૧—૧૨—'૮૪ના રોજ રાજીનામાનો પત્ર આપ્યો.

પ્રશ્ન ૧૧ : આ રાજીનામું મૅનેજમેન્ટે કઈ તારીખે મંજૂર કર્યું ?

ઉત્તર ૧૧ : કૉલેજે તેના તા. ૧૪–૩–૧૯૮૬ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હતું :

"આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાનું રાજીનામું મૅનેજમેન્ટે તારીખ ૬–૧–'૮૫ના રોજની કારોબારી સભામાં તારીખ ૨–૭–'૮૫થી અમલી બને તે રીતે મંજૂર કરેલ પરંતુ રાજીનામું મંજૂર કરવા અંગેની સત્તા બાબતમાં કાયદાકીય પ્રશ્નો ઊભા થતાં તેઓ આચાર્યશ્રી તરીકે ફરજ પર ચાલુ રહ્યા હતા અને મૅનેજમેન્ટે ફરીથી તા. ૧૮–૮–'૮૫ના રોજની કારોબારી સભામાં તા. ૬–૮–'૮૫થી અમલી બને તે રીતે રાજીનામું મંજૂર કરેલ છે."

પ્રશ્ન ૧૨ : પ્રિ. પીરઝાદાનું રાજીનામું નહીં મંજૂર કરવા માટે કોઈ વ્યક્તિએ કોર્ટ મારફતે સ્ટે લીધો હતો ?

ઉત્તર ૧૨ : સદરહુ બાબતમાં યુનિવર્સિટી પક્ષકાર ન હોઈ આ માહિતી યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ નથી.

પ્રશ્ન ૧૩ : આ સ્ટે કઈ તારીખે મળ્યો અને કઈ તારીખે નીકળી ગયો ?

ઉત્તર ૧૩ : ઉપર પ્રશ્ન ૧૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪ : ગુજરાત યુનિવર્સિટીના નિયમ મુજબ એક જ વ્યક્તિ એક વર્ષ દરમ્યાન બે કોલેજમાં આચાર્ય થઇ શકે ?

ઉત્તર ૧૪ : હા, જી. પરંતુ એક જ સમયે એક જ વ્યક્તિ બે કોલેજોમાં આચાર્ય રહી શકે નહીં.

પ્રશ્ન ૧૫ : પ્રિ. પીરજાદા ૧૯૮૨ થી ૧૯૮૫ના વર્ષ દરમ્યાન ત્રણ માસ માટે એલ. જે. કોલેજમાં અને બાકીના નવ માસ માટે ધંધુકા કોમર્સ કોલેજમાં આચાર્ય હતા ? આ વાત સાચી છે ?

ઉત્તર ૧૫ : હા, જી.

પ્રશ્ન ૧૬ : જો આ વાત સાચી હોય તો યુનિવર્સિટીએ તેમની સામે કોઈ પગલાં ભર્યા છે ? પગલાં લીધાં હોય તો શું લીધાં છે તેની માહિતી આપશો.

ઉત્તર ૧૬ : ઉપર પ્રશ્ન ૧૪ નો ઉત્તર જોવા વિનંતી છે.

[૨] શ્રી વાડીલાલ બી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

બી.એડ. પ્રવેશ એકમની ૧૯૮૫ની કાર્યવાહી અંગે પ્રશ્ન :

આંકડાકીય માહિતી :

પ્રશ્ન ૧૭ : કેટલી અરજીઓ આવી ? ઓપન (બિનઝ), પછાત, અપંગ, ગુજરાત યુનિવર્સિટી સિવાયની ગુજરાતની અન્ય યુનિવર્સિટીના ઉમેદવારો, રાજ્ય બહારની યુનિવર્સિટીઓના ઉમેદવારો તથા અન્ય કેટેગરીના ઉમેદવારોની સંખ્યા જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૭ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

આવેલ અરજીઓ	...	૧૧૪૪૧
ઓપન	...	૮૪૧૦
પછાત	...	૧૫૦૩
અપંગ	...	૫૯
રાજ્યની અન્ય યુનિવર્સિટી	...	૨૭૭૫
રાજ્ય બહારની યુનિવર્સિટી	...	૮૩૨
બક્ષીપંચ	...	૧૪૦૫

પ્રશ્ન ૧૮ : જૂના અને નવા અરજદારોની સંખ્યા જણાવશો.

ઉત્તર ૧૮ : સંખ્યા અનુક્રમે ૭૭૪૧ અને ૩૭૦૦ છે.

પ્રશ્ન ૧૯ : છેલ્લા પ્રવેશો કઈ તારીખોએ અપાયા તે જણાવો.

ઉત્તર ૧૯ : અગાઉ ઉત્તીર્ણ થયેલા સ્નાતક અરજદારોની છેલ્લી પ્રવેશ યાદી તા. ૬-૯-૧૯૮૫ના રોજ બહાર પાડવામાં આવી.

પ્રશ્ન ૨૦ : આજે પણ કઈ કૉલેજોમાં કેટલી સંખ્યા બાકી છે? અર્થાત્ કેટલી બેઠકો ખાલી છે?

ઉત્તર ૨૦ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

કૉલેજનું નામ	ખાલી જગ્યા
(૧) શ્રી એમ. એન. કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	એક
(૨) એસ. ટી. ટી. કૉલેજ, ખેડા	ચાર
(૩) શ્રીમતી દલાલ એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ	એક

પ્રશ્ન ૨૧ : પ્રવેશ અંગે કેટલી ફરિયાદો મળી? એ ફરિયાદના મુદ્દા શા છે? તેનો કેવી રીતે નિકાલ કર્યો?

અદાલતી કાર્યવાહી અંગે :

ઉત્તર ૨૧ : કુલ ૧૧૧૧ ફરિયાદ મળી હતી જેના મુદ્દા અને નિકાલ અંગેની માહિતી માટે અનુક્રમે પ્રશ્ન ૬૬ અને ૬૭નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨ : પ્રવેશ સંબંધમાં કયા પ્રવેશાર્થીઓએ શી ફરિયાદો લઈ કોર્ટમાં ગયા?

ઉત્તર ૨૨ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

(૧) પટેલ વિક્રમભાઈ હીરાભાઈ—મુખ્ય વિષય ગણિત ટકા ૩૫.૯૭ વિષય સંખ્યામાં જગ્યા હોવા છતાં પ્રવેશ ન મળ્યો.

(૨) પટેલ કાંતિલાલ મણિલાલ—પ્રથમ ગૌણ વિષય ગણિત; ટકા ૪૧.૧૬ વિષય સંખ્યામાં જગ્યા હોવા છતાં પ્રવેશ ન મળ્યો.

(૩) કુ. રીટા પ્રિયકાંત પરીખ—મુખ્ય વિષય મનોવિજ્ઞાન, ગુણવત્તા આંક ૭૫.૨૫ પ્રવેશ ન મળ્યો, ઉર્દૂ વિષયપદ્ધતિ તૈયાર કરતાં તેમનાથી ઓછી ગુણવત્તાવાળા પ્રવેશપાત્ર થયા.

પ્રશ્ન ૨૩ : તે અંગે શા ચુકાદા આવ્યા?

ઉત્તર ૨૩ : ચુકાદાનો સંક્ષિપ્ત પાઠ નીચે પ્રમાણે છે :

(૧) પ્રવેશ ધારાધોરણ અનુસાર કોઈ રિટ પિટિશન કાઢી નાંખી.

(૨) ઉપર પ્રમાણે.

(૩) ઉર્દૂ વિષય પદ્ધતિ દાખલ કરતાં અરજદારને ધારાધોરણ પ્રમાણે કોઈ અન્યાય થતો નથી. રિટ પિટિશન કાઢી નાંખી.

પ્રશ્ન ૨૪ : ચુકાદાને ધ્યાનમાં રાખીને પ્રવેશ એકમે શાં પગલાં લીધાં?

ઉત્તર ૨૪ : ઉપરનો પ્રશ્ન ૨૩નો ઉત્તર જોતાં ચુકાદાના સંદર્ભમાં કોઈ પગલાં લેવાનું અપેક્ષિત નથી.

પ્રશ્ન ૨૫ : કેસો ચાલુ હોય તો આ અંગે કેસની શી પરિસ્થિતિ છે ?

ઉત્તર ૨૫ : ઉપર પ્રશ્ન ૨૩નો ઉત્તર જોવા વિનંતી છે.

નાણાકીય બાબતો :

પ્રશ્ન ૨૬ : અગાઉનાં વર્ષોમાં થયેલ નાણાકીય આવક-જાવકના આંકડા આપો.

ઉત્તર ૨૬ : ૧૯૮૩થી શરૂ થયેલ બી.એડ. એકમના આવક-જાવકના આંકડા નીચે પ્રમાણે છે :

વર્ષ	આવક	ખર્ચ
૧૯૮૩-૮૪	૧,૧૮,૧૨૦	૬૦,૬૬૩-૭૬
૧૯૮૪-૮૫	૧,૩૮,૩૮૦	૭૭,૮૮૦-૭૮
૧૯૮૫-૮૬	આ અંગેના આંકડા હજુ તૈયાર થયા નથી.	

પ્રશ્ન ૨૭ : ૧૯૮૫ના પ્રવેશ વર્ષમાં
(અ) કેટલી આવક થઈ ?
(બ) કુલ કેટલો ખર્ચ થયો ?
(ક) કોને કોને કેટલું વેતન ચૂકવવામાં આવ્યું ?
(ડ) કેટલું વેતન ચૂકવવાનું બાકી છે ?

ઉત્તર ૨૭ : (અ) અને (બ) આ માટે ઉપર પ્રશ્ન ૨૬નો ઉત્તર જોવા વિનંતી છે.
(ક) સદરહુ માહિતી સભા સમયે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે તથા કાર્યાલયના સમય દરમિયાન સભ્યશ્રીને માટે જોવા ઉપલબ્ધ કરી શકાશે.
(ડ) કોઈને વેતન ચૂકવવાનું બાકી નથી.

પ્રશ્ન ૨૮ : (અ) અગાઉનાં વર્ષોમાં વેતન ન ચૂકવાયાની કોની કોની ફરિયાદ છે ?
(બ) એ વેતન ચૂકવવામાં શી મુશ્કેલીઓ છે ?
(ક) એ વેતન ક્યારે ચૂકવાશે ?

ઉત્તર ૨૮ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :
(અ) શ્રી. એ. ટી. અજમેરાની
(બ) સમિતિના સભ્યો સિવાય કામગીરી પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે. તેમણે કૉલેજ પ્રતિનિધિ તરીકે પ્રવેશ એકમમાં કરવાની કામગીરી બજાવેલ નથી. તેથી તેમની માગણી સ્વીકારેલ નથી.
(ક) ઉપર પ્રશ્ન ૨૮ (બ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૯ : અગાઉનાં વર્ષોની કેટલી બચત એકમના ખાતે છે ?

ઉત્તર ૨૯ : એકમ ખાતે કોઈ બચત નથી.

પ્રશ્ન ૩૦ : પ્રવેશ એકમમાં બહાર ગામથી આવનાર કાર્યકર્તાઓની સંખ્યા કેટલી ?

ઉત્તર ૩૦ : બહાર ગામથી આવતા સભ્યોની સંખ્યા ૨ની છે.

પ્રશ્ન ૩૧ : તેમનું કેટલું ટી.એ., ડી.એ., કન્વેન્સ એલાઉન્સ ચૂકવાયું ?

ઉત્તર ૩૧ : રૂ. ૭૧૨-૦૦.

પ્રશ્ન ૩૨ : નાસ્તા-ચા-પાણીનો ૧૯૮૫માં કેટલો ખર્ચ થયો ?

ઉત્તર ૩૨ : આશરે રૂ. ૧૦૦૦/-

સંચાલન અંગે :

પ્રશ્ન ૩૩ : પ્રવેશ એકમ સમિતિમાં કોણ કોણ હતું ?

ઉત્તર ૩૩ : શૈક્ષણિક વર્ષ ૧૯૮૫-૮૬ માટે એકમ સમિતિ પર નીચેના સભ્યો હતા :

(૧) પ્રિ. ઘનશ્યામભાઈ પરીખ—કન્વીનર
(૨) પ્રિ. સી. ડી. ત્રિવેદી—કન્વીનર
(૩) શ્રી. એચ. પી. ચૌહાણ
(૪) શ્રી. એમ. સી. બુટાલા
(૫) શ્રી. એસ. સી. જોધાણી.

પ્રશ્ન ૩૪ : તે દરેકે શી કામગીરી કરી ?

ઉત્તર ૩૪ : યુનિવર્સિટીનાં ધારાધોરણો અન્વયે પ્રવેશવિધિનું કાર્યતંત્ર ગોઠવવામાં અને તે માટેની ગુણવત્તા યાદી તૈયાર કરવામાં પ્રત્યેક સભ્યે યથાયોગ્ય સહાય કરી છે.

પ્રશ્ન ૩૫ : પ્રવેશ એકમમાં વિવિધ પ્રકારની કામગીરીમાં પ્રકારવાર કેટલી સંખ્યામાં વ્યક્તિઓએ કામગીરી બજાવી ?

ઉત્તર ૩૫ : પ્રશ્ન સ્પષ્ટ થતો ન હોઈ તેનો ઉત્તર આપવાનું શક્ય નથી તો માફ કરશો.

પ્રશ્ન ૩૬ : પ્રવેશ એકમનું કાર્ય હજી ચાલુ છે ?

ઉત્તર ૩૬ : હા, જી.

પરિશિષ્ટ 'અ—૨'

કામકાજ ક્રમાંક ૭

પ્રશ્ન ૩૭ : ક્યાં સુધી ચાલશે ?

ઉત્તર ૩૭ : એપ્રિલ માસની આખર સુધી ૧૯૮૫-૮૬ના પ્રવેશ અંગે કાર્ય ચાલુ રહેશે.

પ્રશ્ન ૩૮ : પૂરું થયું હોય તો ક્યારે પૂરું થયું ?

ઉત્તર ૩૮ : ઉપર પ્રશ્ન ૩૭ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૯ : વધુમાં વધુ દિવસો કામ કરનાર પાંચ વ્યક્તિઓનાં નામ આપો.

ઉત્તર ૩૯ : તે નામો નીચે પ્રમાણે છે :

(૧) પ્રિ. સી. ડી. ત્રિવેદી
(૨) શ્રી. એચ. પી. ચૌહાણ
(૩) શ્રી. એસ. સી. જોધાણી
(૪) શ્રી. એચ. જે. વ્યાસ
(૫) શ્રી. બી. એસ. પટેલ.

પ્રશ્ન ૪૦ : અરજી મળ્યાથી પ્રવેશ યાદી તૈયાર થતાં સુધીમાં કયા કયા તબક્કે કેટલી વાર ચેકિંગ કરવામાં આવ્યું ?

ઉત્તર ૪૦ : નીચેના તબક્કાએ ચેકિંગ કરવામાં આવે છે:

(૧) અરજી સાથે પ્રમાણપત્રો કેટલાં છે ?
(૨) મેરિટ કાર્ડ તૈયાર કરવા માટે
(૩) મેરિટ કાર્ડની વિગત ચકાસણી માટે
(૪) અરજીના મેરિટ કાર્ડની વિગત અને પંચ કાર્ડ
(૫) અરજીઓના ડેટાનું વેલિડેશન
(૬) મેરિટ લિસ્ટ
(૭) પ્રવેશ અંગેનો પ્રોગ્રામ
(૮) પ્રવેશયાદીઓ—પ્રથમ, બીજી અને ત્રીજી.

પ્રશ્ન ૪૧ : આ કામ કઈ વ્યક્તિઓને સોંપવામાં આવ્યું ?

ઉત્તર ૪૧ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહ સમક્ષ મૂકવામાં આવશે અને કાર્યાલય સમય દરમિયાન સભ્યશ્રીને જોવા માટે ઉપલબ્ધ કરી શકાશે.

પ્રશ્ન ૪૨ : કન્વીનરશ્રી ત્રિવેદીએ કેટલા દિવસ, કેટલા કલાકો માટે હાજરી આપી હતી ?

ઉત્તર ૪૨ : દરરોજ ૪ થી ૬ કલાક એ પ્રમાણે ૪૭ દિવસો હાજરી આપી.

પ્રવેશ કાર્યવાહી અંગે :

પ્રશ્ન ૪૩ : સર્વ પ્રથમ કઈ કેટેગરીની પ્રવેશયાદી પ્રગટ કરવામાં આવી ?

ઉત્તર ૪૩ : દરેક કેટેગરીની એકસાથે પ્રવેશયાદી બહાર પડે છે.

પ્રશ્ન ૪૪ : તે યાદી કેટલા પ્રવેશાર્થીઓની હતી ?

ઉત્તર ૪૪ : પ્રથમ યાદી ૧૮૮૪ પ્રવેશાર્થીઓની હતી.

પ્રશ્ન ૪૫ : તેમાં કુલ કેટલા પછાત પ્રવેશાર્થીઓ સમાવિષ્ટ થઈ જતા હતા ?

ઉત્તર ૪૫ : યુનિવર્સિટી ધારાધોરણ પ્રમાણે ૨૦ ટકા પ્રવેશાર્થી સમાવિષ્ટ થાય છે.

પ્રશ્ન ૪૬ : તે પછી કઈ કઈ કેટેગરીઓને અનુક્રમે પ્રવેશ અપાયો ?

ઉત્તર ૪૬ : ઉપર પ્રશ્ન ૪૩ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૭ : કેટેગરી વાઈઝ ખાલી પડતી કેટલી જગ્યાઓનું કન્વર્ઝન, કઈ કેટેગરીમાં કરવામાં આવ્યું ?

ઉત્તર ૪૭ : કેટેગરી વાઇઝ ખાલી પડતી જગ્યાઓનું કન્વર્ઝન પ્રથમ સ્થાનિક ગુજરાત યુનિવર્સિટીના અરજદારો પછી ગુજરાત યુનિવર્સિટીના અરજદારો ત્યાર બાદ રાજ્યની અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં કરવામાં આવે છે.

પ્રશ્ન ૪૮ : છેલ્લા પ્રવેશો સુધી નિયમો જળવાયા ખરા ?

ઉત્તર ૪૮ : હા, જી.

પ્રશ્ન ૪૯ : ન જળવાયા તો કેવા સ્વરૂપે ન જળવાયા ?

ઉત્તર ૪૯ : ઉપર પ્રશ્ન ૪૮ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૦ : સૌથી ઊંચો અગ્રતાક્રમ અને સૌથી નીચો અગ્રતાક્રમ કઈ કઈ કૉલેજોને મળ્યો ?

ઉત્તર ૫૦ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

સૌથી ઊંચો અગ્રતાક્રમ : એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ

સૌથી નીચો અગ્રતાક્રમ : વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૫૧ : સંખ્યાના પ્રમાણમાં પૂરતા અગ્રતાક્રમ ન મળ્યા હોય અને જગ્યા ખાલી પડતી હોય તેવી કોઈ કૉલેજો હતી ?

ઉત્તર ૫૧ : ના, જી.

પ્રશ્ન ૫૨ : કેટલી જગ્યાઓ ખાલી પડી ?

ઉત્તર ૫૨ : ઉપર પ્રશ્ન ક્રમાંક ૫૧ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૩ : તે કેવી રીતે પૂરવામાં આવી ?

ઉત્તર ૫૩ : ઉપર પ્રશ્ન ૫૧ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૪ : અરજદારોએ અરજીમાં લખેલી વિગતોમાં સુધારા કરવામાં આવ્યા ?

ઉત્તર ૫૪ : ક્ષતિપૂર્ણ વિગતો તેમના પ્રમાણપત્રો પ્રમાણે મેરિટ કાર્ડમાં સુધારવામાં આવે છે.

પ્રશ્ન ૫૫ : આવા સુધારા કોના આદેશથી, કોણે કર્યા ?

ઉત્તર ૫૫ : ક્ષતિપૂર્ણ વિગતો પ્રમાણપત્રો સાથે ચકાસી સુધારી લેવા તથા તે પ્રમાણે ગુણવત્તા, પ્રવેશયાદી તૈયાર કરવાનું કામ પ્રવેશ એકમનું છે

પ્રશ્ન ૫૬ : શા માટે તેમ કરવાની જરૂર પડી ?

ઉત્તર ૫૬ : પ્રશ્ન ૫૪ ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૭ : અરજદારોએ અરજીમાં લખેલી કેટેગરીમાં સુધારા કરવામાં આવ્યા ?

ઉત્તર ૫૭ : ક્ષતિપૂર્ણ વિગતો પ્રમાણપત્રના આધારે ચકાસવામાં આવે છે.

પ્રશ્ન ૫૮ : અરજદારોએ લખેલ કેટેગરી અનામત છતાં તેમને સર્વ પ્રથમ "ઓપન"માં પ્રવેશ આપવામાં આવ્યો ?

ઉત્તર ૫૮ : હા, જી.

પ્રશ્ન ૫૯ : આવી રીતે કેટલા અરજદારોને "ઓપન"માં પ્રવેશ મળ્યો ?

ઉત્તર ૫૯ : ૮૭ અરજદારોને.

નિયમોના અર્થઘટન અંગે :

પ્રશ્ન ૬૦ : નિયમોના અર્થઘટન અંગે પ્રશ્નો ઊભા થયા હતા ?

ઉત્તર ૬૦ : ના, જી. સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે આ બાબતમાં કેટલીક રજૂઆતો કરવામાં આવી હતી, જેની વિગત માટે પ્રશ્ન ૭૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૧ : કયા નિયમોના પ્રશ્ન અંગે અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થયા હતા ?

ઉત્તર ૬૧ : નીચે પ્રશ્ન ૬૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૨ : તે નિયમોનું કોણે, શું અર્થઘટન કર્યું ?

ઉત્તર ૬૨ : આ માટેનાં ધારાધોરણોમાં સ્પષ્ટ જોગવાઈ હોઈ અર્થઘટનને અવકાશ રહેતો નથી.

પ્રશ્ન ૬૩ : નિયમોના અર્થઘટન બાબત પ્રવેશ સમિતિનું માર્ગદર્શન માગવાનું જરૂરી ન લાગ્યું ?

ઉત્તર ૬૩ : ઉપર પ્રશ્ન ૬૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૪ : શા માટે ?

ઉત્તર ૬૪ : ઉપર પ્રશ્ન ૬૨નો ઉત્તર જોવા વિનંતી છે. સ્પષ્ટતા ખાતર ઉમેરવાનું કે પ્રવેશ સંબંધી કોઈ પણ વિવાદ જો અને જ્યારે ઊભો થાય તો અને ત્યારે તેના નિકાલની સત્તા કુલપતિશ્રીને નિયમોથી સોંપેલી છે.

પ્રશ્ન ૬૫ : નિયમોના અર્થઘટન અંગે કોણે કોણે, શી ફરિયાદો કરી ?

ઉત્તર ૬૫ : નીચે પ્રમાણે રજૂઆતો આવી હતી :

(૧) આચાર્યશ્રી ઘનશ્યામભાઈ બી પરીખ
—વધુમાં વધુ પાંચ ટકાનું અર્થઘટન

(૨) આચાર્યશ્રી નટુભાઈ આર. રાવળ
—વધુમાં વધુ પાંચ ટકાનું અર્થઘટન, અને વિશેષ કોલેજ પસંદગી

(૩) આચાર્યશ્રી એસ. એમ. શુકલ—છ ઉપરાંત વિશેષ કોલેજ પસંદગી.

ફરિયાદો :

પ્રશ્ન ૬૬ : પ્રવેશ એકમને પ્રવેશકાર્ય બાબત કુલ કેટલી અને કઈ કઈ બાબતો અંગે ફરિયાદો મળી ?

ઉત્તર ૬૬ : (૧) મેરિટ અને વિષય કોડની ક્ષતિ અંગે પ્રવેશયાદી પહેલાં —૫૬

(૨) વિષય કોડ અને કેટગરી કોડ અંગે પ્રવેશયાદી પછી —૧૦

(૩) ફી ભરવામાં મોડા પડેલા —૮૯

પ્રશ્ન ૬૭ : તેનો કેવી રીતે નિકાલ કર્યો ?

ઉત્તર ૬૭ : નીચે પ્રમાણે ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો :

(૧) પ્રવેશયાદી પહેલાંની ક્ષતિ સુધારી લેવામાં આવી.

(૨) પ્રવેશયાદી પછીની ક્ષતિ પ્રવેશ એકમની સભામાં સુધારવામાં આવી.

(૩) ફી ભરવા મોડા પડેલાઓને પ્રવેશ એકમની સભામાં તપાસીને દરેકને ફરીથી તક આપવામાં આવી.

સંશોધન :

પ્રશ્ન ૬૮ : આપણી યુનિવર્સિટીના બી.એડ. પ્રવેશ અંગે આજદિન સુધી એમ.એડ.,- પીએચ.ડી. કક્ષાએ સંશોધનો હાથ ધરાયાં છે ?

ઉત્તર ૬૮ : હા, જી.

પ્રશ્ન ૬૯ : તેનાં સૂચનો ધ્યાનમાં લેવાયાં છે ?

ઉત્તર ૬૯ : તે અંગે કોઈ સૂચન વિચારણા હેઠળ નથી.

[૩] શ્રી. ડી. એમ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૭૦ : ગઈ સેનેટમાંથી આ સેનેટ સભાના સમયગાળા દરમિયાન ઉચ્ચ શિક્ષણના સંબંધમાં દાખલ થયેલા અને જેમાં ગુજરાત યુનિવર્સિટી એક પક્ષકાર બની હોય તેવા ટ્રિબ્યુનલ કેસો અંગે નીચેના મુદ્દા લક્ષમાં લઈ માહિતી આપશો :

૧. કેસની વિગત-ટૂંકમાં

૨. પક્ષકારોનાં નામ

૩. કેસ નંબર

૪. કેસનું પરિણામ

૫. પ્રત્યેક કેસ પાછળ યુનિવર્સિટીને થયેલ ખર્ચ,

ઉત્તર ૭૦ : સદરહુ માહિતી માટે આ સાથે જોડેલ પરિશિષ્ટ " ૧ " જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૧ : છેલ્લી યુનિવર્સિટી કોર્ટની ચૂંટણી પ્રસંગે અધ્યાપકો અને આચાર્યોના મતદાર વિભાગોની પડકારાયેલી ચૂંટણી નિમિત્તે યુનિવર્સિટીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ કક્ષાએ કયા કયા વકીલોને રોક્યા ? તે દરેકને કેટલું વેતન આજદિન સુધી ચૂકવ્યું ? અન્ય ખર્ચ કેટલો થયો ? કુલ ખર્ચ કેટલો થયો ?

ઉત્તર ૭૧ : યુનિવર્સિટીએ હાઈકોર્ટ કક્ષાએ નીચેના વકીલો રોક્યા હતા અને તે અંગેના ખર્ચની વિગતો તેમનાં નામ સામે જણાવેલ છે :

ક્રમાંક	વકીલનું નામ	આજદિન સુધી ચૂકવાયેલું વેતન	અન્ય ખર્ચ	કુલ ખર્ચ
૧.	શ્રી. જે. એમ. ડાક્ટર	*—	—	—
૨.	શ્રી. એસ. એન. શેલત	૧૦૦૬૯	—	૧૦૦૬૯

સુપ્રીમ કોર્ટની કક્ષાએ નીચેના વકીલોને રોકવામાં આવેલા છે અને તે અંગેનાં ખર્ચની વિગતો નીચે મુજબ છે :

ક્રમાંક	વકીલનું નામ	આજદિન સુધી ચૂકવાયેલું વેતન	અન્ય ખર્ચ	કુલ ખર્ચ
૧.	શ્રી. સોલિ. જે. સોરાબજી	*—	—	—
૨.	શ્રી. પી. એચ. પારેખ	૭૩૯૧	—	૭૩૯૧
૩.	શ્રીમતી લતા કૃષ્ણમૂર્તિ	*—	—	—
૪.	શ્રી. એસ. એન. શેલત	૧૨૬૬૮	૬૦૭૩	૧૮૭૪૧

નોંધ.—(૧) ઉપરોક્ત ખર્ચ નવેમ્બર ૧૯૮૫ સુધીનો છે.

(૨) *તેમના તરફથી રકમની માગણી આવેલ નથી.

પ્રશ્ન ૭૨ : આ કેસનું પરિણામ આવ્યા પહેલાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મુદત પૂરી થઈ હોવાથી યુનિવર્સિટીએ કેટલા સમય માટે કેવી રીતે એક્સટેન્શન મેળવ્યું ?

ઉત્તર ૭૨ : યુનિવર્સિટી કોર્ટની શિક્ષક મતદાર વિભાગની કુલ ૪૨ જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ માટેની ચૂંટણી ગુજરાતની વડી અદાલતના આદેશ મુજબ થઈ શકી નથી. વધુમાં બાકીના ૨૮ સભ્યો યુનિવર્સિટી કોર્ટ પર ચૂંટાયેલા છે. તેઓ પણ વરિષ્ઠ અદાલતના આદેશ મુજબ મતદાન કરી શકતા નથી. દરમ્યાન યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના હોદ્દાગત સભ્યો સિવાયના અન્ય તમામ સભ્યોની મુદત તા. ૨-૧-૧૯૮૬ના રોજ પૂરી થતી હતી. આ પરિસ્થિતિ રાજ્ય સરકારના ધ્યાન પર લાવવામાં આવતાં રાજ્ય સરકારે ગુજરાત ઑર્ડિ. ૧૯૮૬ના ઑર્ડિનન્સ નં. ૧થી યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૨)માં સુધારો કરી તા. ૨-૪-૧૯૮૬ સુધી મુદત લંબાવી અને હવે તે ઑર્ડિનન્સનું સ્થાન ૧૯૮૬ના ગુજરાત ઍક્ટ નં. ૭ અન્વયે આ સભ્યોની મુદત તા. ૨-૧-૧૯૮૭ સુધી લંબાવવામાં આવી છે.

પ્રશ્ન ૭૩ : આ એક્સટેન્શનની મુદત પણ પૂરી થતાં યુનિવર્સિટીએ કઈ ભૂમિકાનો આધાર લઈ અત્યારે યુનિવર્સિટી કોર્ટના અધ્યાપક સભ્યોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ચૂંટણી માટે મતાધિકાર બક્ષવાની માગણી સુપ્રીમ કોર્ટ પાસે કરી ?

ઉત્તર ૭૩ : એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોની મુદત તા. ૨-૧-૧૯૮૬ના રોજ પૂરી થતી હતી. તેથી તે ચૂંટણી થઈ શકે તે હેતુથી યુનિવર્સિટી કોર્ટના જે સભ્યોને મતદાન હકથી વંચિત રાખવામાં આવ્યા છે તેઓને મતદાન કરવાની તેમ જ ચૂંટણીમાં ઊભા રહેવાની છૂટ આપવા તથા શિક્ષક મતદાર વિભાગની વિનયન અને શિક્ષણની વિદ્યાશાખાઓના ૧૪ સભ્યોની ચૂંટણી કરવા માટે મંજૂરી આપવા વરિષ્ઠ અદાલતને યુનિવર્સિટી તરફથી વિનંતી કરવામાં આવી હતી.

પ્રશ્ન ૭૪ : એ માગણીનું શું પરિણામ આવ્યું ?

ઉત્તર ૭૪ : નીચેના પ્રશ્ન નં. ૧૪૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૫ : એ પરિણામ નકારાત્મક આવ્યું હોય તો યુનિવર્સિટીએ સરકાર કક્ષાએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મુદત લંબાવવા કોઈ પ્રયત્નો આદર્યા છે?

અને

પ્રશ્ન ૭૬ : એકસ્ટેન્શન મળશે એવી આશા છે?

ઉત્તર ૭૫ અને ૭૬ : પ્રશ્ન નં ૭૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૭ : જો એકસ્ટેન્શન ન મળે અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ચૂંટણી ન થઇ શકે તો એવી પરિસ્થિતિમાં યુનિવર્સિટીને શી શી મુશ્કેલીઓનો સામનો કરવો પડે અને તેના કાર્યકારી ઉકેલો શા હોઈ શકે?

ઉત્તર ૭૭ : પ્રશ્ન નં. ૭૨નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૭૮ : યુનિવર્સિટી ધારાધોરણની કઈ જોગવાઈ મુજબ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ચૂંટણી થવામાં અંતરાયો ઊભા થવા સંભવ છે?

ઉત્તર ૭૮ : પ્રશ્ન નં ૭૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૯ : છેલ્લાં ત્રણ વર્ષમાં યુનિવર્સિટી કોર્ટની, એકેડેમિક કાઉન્સિલની અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની કઈ સભાઓ, કઈ તારીખોએ મળી?

અને

પ્રશ્ન ૮૦ : છેલ્લાં ત્રણ વર્ષમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની દરેક સભામાં ભિન્ન ભિન્ન કયાં સરકારી હોદ્દાવાળી વ્યક્તિઓએ કેટલી હાજરી આપી?

ઉત્તર ૭૯ અને ૮૦ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૨" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૧ : છેલ્લાં ત્રણ વર્ષમાં કઈ કઈ વિદ્યાશાખાઓની સભાઓ ક્યારે મળી?

ઉત્તર ૮૧ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૩" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૨ : જે વિદ્યાશાખાઓની સભાઓ વર્ષમાં એકવાર પણ ન મળી શકી હોય તો તેમ શાથી બન્યું?

ઉત્તર ૮૨ : સ્ટે. ૧૦૦ મુજબ જે તે વિદ્યાશાખાની સભા તે વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની સૂચના મુજબ કુલસચિવશ્રી બોલાવે છે.

પ્રશ્ન ૮૩ : બી.એડ. પ્રવેશ એકમે છેલ્લાં ત્રણ વર્ષમાં કરેલ આવક-જાવક અને બચતના આંકડા આપશો.

ઉત્તર ૮૩ : ઉપર પ્રશ્ન ક્રમાંક ૨૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૪ : જો સતત બચત થતી હોય તો પ્રવેશ અરજીપત્રકની રૂ. દસ કિંમત કેમ ઘટાડવામાં આવી નથી ?

ઉત્તર ૮૪ : ૧૯૮૫–૮૬ના આવકજાવકના આંકડા તૈયાર થયેથી આ બાબતની વિચારણા કરી શકાય.

પ્રશ્ન ૮૫ : પ્રવેશ એકમની કામગીરી સંભાળવા કોઈએ તૈયારી બતાવી છે ?

ઉત્તર ૮૫ : હા, જી.

પ્રશ્ન ૮૬ : એમની એ વિનંતી શા માટે સ્વીકારવામાં આવી નથી ?

ઉત્તર ૮૬ : કાર્યક્ષમ વહીવટનો મુદ્દો લક્ષમાં લઈ જરૂરી નિર્ણય કરવામાં આવે છે.

પ્રશ્ન ૮૭ : શ્રી એમ. એન. દેસાઈ હાલ એસ. એસ. યુનિવર્સિટીના કુલપતિપદે ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના કયા કયા સત્તામંડળોમાં કઈ કઈ યુનિવર્સિટી નિયુક્ત સમિતિમાં કામગીરી બજાવે છે ?

ઉત્તર ૮૭ : ડૉ. એમ. એન. દેસાઈ ગુજરાત યુનિવર્સિટીનાં નીચેનાં સત્તામંડળો/સમિતિઓમાં સભ્ય છે :

૧. એક્ઝીક્યુટિવ કાઉન્સિલ
૨. એકેડેમિક કાઉન્સિલ
૩. યુનિવર્સિટી કોર્ટ
૪. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિ
૫. વિજ્ઞાન વિદ્યાશાખા
૬. પરીક્ષાશુદ્ધિ સમિતિ
૭. યુનિવર્સિટી પ્રકાશન બોર્ડ
૮. પ્રકાશન વહીવટી સમિતિ
૯. ડૉ. એન. એન. શાહ સન્માનનિધિ ગ્રંથમાળા—પ્રકાશન સલાહકાર સમિતિ
૧૦. ફાઇનાન્સ સમિતિ
૧૧. કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ
૧૨. ચૂંટણી અંગેના સ્ટેટ્યૂટ્સ સુધારવા અંગેની સમિતિ
૧૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચ
૧૪. યુનિવર્સિટીઓમાં સંશોધન પ્રવૃત્તિ સુધારવાના કાર્યક્રમ અને નીતિ ઘડવા અંગેની સમિતિ
૧૫. એમ.ફિલ અંગે પદવી અભ્યાસક્રમ ગાઈડલાઈન્સ અંગેની સમિતિ
૧૬. ઑર્ડિ. ૩૧૬ હેઠળ એમ.બી.બી.એસ. પરીક્ષા પાસ થયેલ ઉમેદવારોને પાત્ર ગણવાની જોગવાઈ અંગેની સમિતિ
૧૭. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિ
૧૮. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિ
૧૯. જોડાણ શરતોના પરિપાલન અંગેની સમિતિ
૨૦. ત્રિવાર્ષિક તપાસસમિતિ.

પ્રશ્ન ૮૮ : તેમણે ૧૯૮૪-૮૫માં ગુજરાત યુનિવર્સિટીની કઈ કઈ પરીક્ષા વિષયક કામગીરીઓ સંભાળી હતી ?

ઉત્તર ૮૮ : પરીક્ષા વિષયક કામગીરી અંગેની માહિતી ખાનગી ગણાતી હોઈ તે આપવી શક્ય નથી.

પ્રશ્ન ૮૯ : તેઓ ગુજરાત યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનપદે ચાલુ છે ?

ઉત્તર ૮૯ : ના, જી.

પ્રશ્ન ૯૦ : તેઓ રસાયણશાસ્ત્રના યુનિવર્સિટી વિભાગના વડા તરીકે પણ જવાબદારી સંભાળી રહ્યા છે ?

ઉત્તર ૯૦ : હા, જી.

પ્રશ્ન ૯૧ : આ બધી જવાબદારીઓ એકીસાથે તેઓ કેવી રીતે અદા કરી શકે છે તે તેઓશ્રીને પૂછીને જણાવવા વિનંતી છે.

ઉત્તર ૯૧ : એકિઝકયુટીવ કાઉન્સિલની સભા ક્રમાંક ૨(૧૬) તા. ૨૪-૮-૧૯૮૫ અન્વયે ઠરાવવામાં આવ્યું કે ડૉ. એમ. એન. દેસાઈને તેમના અહીંના કામકાજમાં હરકત ન આવે તે રીતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકે માનાર્હ ધોરણે કામ કરવા મંજૂરી આપવી અને તે પ્રમાણે તેઓ અઠવાડિયાના છેલ્લા બે દિવસોમાં હાજર રહી ભવનમાંની સંબંધિત કામગીરી સંભાળી રહ્યા છે.

પ્રશ્ન ૯૨ : અધ્યાપકો માટેની પુસ્તક આર્થિક સહાય માટે ગયા વર્ષના બજેટમાંથી કેટલી રકમ બચત હતી ?

ઉત્તર ૯૨ : ૧૯૮૪-૮૫ના વર્ષમાં રૂ. ૩૭,૩૦૦ની બચત હતી.

પ્રશ્ન ૯૩ : નવા વર્ષે કેટલું બજેટ નક્કી કરવામાં આવ્યું ?

ઉત્તર ૯૩ : ૧૯૮૫-૮૬ના વર્ષમાં રૂ. ૩૭,૩૦૦/-નું બજેટ નક્કી કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૯૪ : પુસ્તક આર્થિક સહાય માટે કુલ કેટલી અરજી આવી ?

ઉત્તર ૯૪ : ૧૯૮૫-૮૬ના વર્ષ દરમિયાન યુનિવર્સિટીની પુસ્તક આર્થિક સહાય યોજના હેઠળ કુલ ૪૫૧ અરજીઓ આવી હતી.

પ્રશ્ન ૯૫ : કેટલી અરજીઓ શા માટે ઈન્કારવામાં આવી ?

ઉત્તર ૯૫ : જે શિક્ષકોને આ યોજના હેઠળ પુસ્તકો માટે સહાય અગાઉ આપી હતી તેવા ૧૯૪ શિક્ષકોની અરજીઓ સ્વીકારવામાં આવી નથી.

પ્રશ્ન ૯૬ : કયાં મામૂલી કારણોસર કેટલી અરજીઓ નકારવામાં આવી ?

ઉત્તર ૯૬ : આ અંગેની સહાય માટેના નિયત ફૉર્મ પ્રોફોર્માના પેરા નં. ૭માં અગાઉ આવી સહાય લીધી કે કેમ તે માહિતી જે શિક્ષકોએ પૂરી પાડી નથી તેમની અરજીઓ સ્વીકારવામાં આવી નથી. આવી અરજીઓની સંખ્યા ૭૮ જેટલી થવા જાય છે.

પ્રશ્ન ૯૭ : ગુજરાત યુનિવર્સિટી શિક્ષણ વિભાગમાં છેલ્લાં પાંચ વર્ષથી વધુ સમય માટે જે મુલાકાતી અધ્યાપકો શિક્ષણકાર્ય માટે આવે છે તેમનાં નામ આપો.

ઉત્તર ૯૭ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

(૧) પ્રિ. જી. બી. પરીખ
(૨) પ્રિ. એસ. એમ. શુકલ
(૩) પ્રિ. ડૉ. વાય. એફ. પટેલ.

પ્રશ્ન ૯૮ : તે દરેક સતત કેટલાં વર્ષથી અનુસ્નાતક શિક્ષણકાર્ય કરે છે?

ઉત્તર ૯૮ : પાંચ વર્ષ કરતાં વધુ સમયથી

પ્રશ્ન ૯૯ : તેમના એમ.એડ. કક્ષાએ કયા વૈકલ્પિક વિષય જૂથ હતા?

ઉત્તર ૯૯ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

મુલાકાતી શિક્ષક	વૈકલ્પિક જૂથ
(૧) પ્રિ. જી. બી. પરીખ	ગ્રુપ-બી
(૨) પ્રિ. એસ. એમ. શુકલ	ગ્રુપ-જી
(૩) પ્રિ. ડૉ. વાય. એફ. પટેલ	એકસપેરિમેન્ટલ એજ્યુકેશન

પ્રશ્ન ૧૦૦ : તેઓ કયા વિષયો શીખવે છે?

ઉત્તર ૧૦૦ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

મુલાકાતી શિક્ષક	વિષય
(૧) પ્રિ જી. બી. પરીખ	એજ્યુકેશનલ પ્લાનિંગ
(૨) પ્રિ. એસ. એમ. શુકલ	એજ્યુકેશનલ મેઝરમેન્ટ એન્ડ ઇવેલ્યુએશન
(૩) પ્રિ. ડૉ. વાય. એફ. પટેલ	સાયકોલોજિકલ ટેસ્ટિંગ

પ્રશ્ન ૧૦૧ : છેલ્લા વર્ષમાં યુનિવર્સિટીની કઈ કઈ ફિક્સ ડિપોઝિટ, શા માટે વટાવવી પડી?

ઉત્તર ૧૦૧ : ૧૯૮૪-૮૫ના વર્ષની સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

ફિક્સ ડિપોઝિટ પાકયા તારીખ અને વટાવ્યા તારીખ	રકમ રૂ.	નોંધ
૧૬-૪-૧૯૮૪	૮,૦૦,૦૦૦	યુનિવર્સિટીને ખર્ચ માટે નાણાંની જરૂર પડી હોવાથી
૨૪-૪-૧૯૮૪	૧૦,૦૦,૦૦૦	
૧૪-૮-૧૯૮૪	૩,૦૦,૦૦૦	
૨૦-૮-૧૯૮૪	૬,૦૦,૦૦૦	
૧૦-૯-૧૯૮૪	૮,૦૦,૦૦૦	
૨૦-૧૨-૧૯૮૪	૩,૦૦,૦૦૦	

પ્રશ્ન ૧૦૨ : પરીક્ષાની કામગીરી અંગેનાં કયાં વેતનો, હજી કેમ ચૂકવાયાં નથી ?

ઉત્તર ૧૦૨ : પરીક્ષાની કામગીરી અંગેના ઑગસ્ટ/સપ્ટેમ્બર ૧૯૮૫ની પરીક્ષાના વેતન ચૂકવાયાં નથી. તે ચૂકવવા અંગે કાર્યવાહી થઈ રહી છે.

પ્રશ્ન ૧૦૩ : તે કયારે ચૂકવાશે ?

ઉત્તર ૧૦૩ : પ્રશ્ન ૧૦૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૦૪ : છેલ્લાં ત્રણ વર્ષમાં શિક્ષણશાસ્ત્રમાં કઈ કઈ વ્યક્તિઓએ, કયા કયા વિષયો સાથે, કોના માર્ગદર્શન હેઠળ, કયારે પીએચ.ડી.ની ઉપાધિ મેળવી ?

ઉત્તર ૧૦૪ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

૧૯૮૩

વિદ્યાર્થીનું નામ	વિષય-શીર્ષક	માર્ગદર્શક શિક્ષકનું નામ	વર્ષ
૧. શ્રી. આર. સી. પુટ્ટાબુદ્ધિ	એજ્યુકેશન "A Comparative Study of General Intelligence of IX and X Grade Students of Karnatak as measured by Cattell's Culture Fair Test Intelligences Scale-3 in Relation to their Sub. Culture Socio-Economic Status and Caste- Affiliation	ડૉ. કે. જી. દેસાઈ	૧૯૮૩
૨. શ્રી. સી. બી. મોદી	Relocation of Secondary School in the City of Ahmedabad	પ્રો. એમ. બી. કર્ણિક	,,
૩. શ્રી. નરેશ શ્રીરત્ન	The Problems of Educational administration concerned with community & Rearing Enviornment of Primary Schools in the Educational Region II Thailand	ડૉ. ટી. વી. રાવ	,,

વિદ્યાર્થીનું નામ	વિષય-શીર્ષક	માર્ગદર્શક-શિક્ષકનું નામ	વર્ષ
	૧૯૮૪		
૧ શ્રી. કિશ્નમુરારી ગુપ્તા	A Study of the Moral Development of School Children	ડૉ. કે. જી. દેસાઈ	૧૯૮૪
૨. કુમારી નલિની એસ. ત્રિવેદી	A Study of Dropouts in Adult Education	ડૉ. સી. એલ. ભટ્ટ	,,
૩. શ્રી. પી. જી. પટેલ	Construction and Try out of a World Association Test	ડૉ. કે. જી. દેસાઈ	૧૯૮૫
૪. શ્રીમતી એસ. વાવા	Adoptation of Minnesota Multiphasic Personality Inventory for Gujarat Population	ડૉ. કે. જી. દેસાઈ	,,
૫. શ્રી. બી. એમ. વીરભદ્રિયા	Construction & Standardisation of a Verbal & Non-Verbal Group Test of Intelligence for Kannade Pupil of Std. V, VI and VII in the age group 10 to 13 with special reference to the Karnataka State	ડૉ. કે. જી. દેસાઈ	,,

પ્રશ્ન ૧૦૫ : યુનિવર્સિટીની આવક-જાવક જોતાં યુનિવર્સિટીની આર્થિક સ્થિતિ ચિંતાજનક જણાય છે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાના કયા ઉપાયો યુનિવર્સિટીએ હાથ ધર્યા છે ?

ઉત્તર ૧૦૫ : રાજ્ય સરકારશ્રીએ કેટલાક ખર્ચાઓ અનુદાન માટે અમાન્ય ગણેલા હોવાથી તેમ જ ચીજવસ્તુઓના ભાવના વધારાને કારણે યુનિવર્સિટી પર આર્થિક બોજ ઘણો જ વધી ગયો છે જ્યારે સામી બાજુ આવક-વધારાનાં સાધનો મર્યાદિત છે. આ સંજોગોમાં રાજ્ય સરકારશ્રી પાસે વધારાનું અનુદાન (આર્થિક સહાય) મેળવવા પ્રયત્ન થઈ રહ્યા છે.

પ્રશ્ન ૧૦૬ : સંલગ્ન કૉલેજો માટેના અધ્યાપકો માટેના યુનિવર્સિટીએ નક્કી કરેલા રજાના નિયમો સરકાર સ્વીકારે એ માટે યુનિવર્સિટીએ સરકાર પાસે વખતોવખત શી અને ક્યારે રજૂઆત કરી છે ?

ઉત્તર ૧૦૬ : યુનિવર્સિટીના તારીખ ૧૧-૨-૧૯૮૫ના પત્રથી જે રજૂઆત કરવામાં આવી છે તેની નકલ આ સાથે પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૦૭ : હાલ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓએ પોતાના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડની કુલ કેટલી રકમ સરકારમાં જમા કરાવી છે ?

અને

પ્રશ્ન ૧૦૮ : તેઓની પાસેની પ્રોવિડન્ટ ફંડની કેટલી બાકી રકમ, કયા સ્વરૂપે, ક્યાં મૂકવામાં આવી છે ?

ઉત્તર ૧૦૭ અને ૧૦૮ : તા. ૧૨-૩-૧૯૮૬ સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવેલી માહિતી આ સાથે પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૦૯ : યુનિવર્સિટીમાં જૂથ વીમા યોજના હાલ કયા સ્વરૂપે અમલમાં છે ?

ઉત્તર ૧૦૯ : લાઈફ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશનની ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઇઝ ગ્રુપ સેવિંગ-લિંક ઇન્સ્યોરન્સ સ્કીમ અમલમાં છે.

પ્રશ્ન ૧૧૦ : અગાઉ કોઈ યોજના હોય અને તે સ્થગિત કે રદ કરવામાં આવી હોય તો શા માટે તેમ કરવામાં આવ્યું ?

ઉત્તર ૧૧૦ : અગાઉ સ્ટેટ ગવર્નમેન્ટ એમ્પ્લોઇઝ ગ્રુપ ઇન્સ્યોરન્સ સ્કીમ ૧૯૮૧ની યોજના યુનિવર્સિટી કર્મચારીઓ માટે સ્વીકારીને અમલમાં મૂકી હતી, પરંતુ સદરહુ યોજના ફક્ત રાજ્ય સરકારશ્રીના કર્મચારીઓ પૂરતી મર્યાદિત હોવાથી તેમ જ ઇન્સ્યોરન્સ એ ઇજારાયુક્ત વ્યવસાય હોવાથી યુનિવર્સિટી તેઓના કર્મચારીઓ માટે આ પ્રકારની ઇન્સ્યોરન્સની યોજના સ્વીકારી શકે તેમ ન હતી. આથી તે યોજના સ્થગિત કરવામાં આવી હતી.

પ્રશ્ન ૧૧૧ : વર્તમાન જૂથ વીમા યોજના હેઠળ કઈ કઈ વ્યક્તિઓના કુટુંબને, કેટલી રકમ ચૂકવાઈ ?

ઉત્તર ૧૧૧ : વર્તમાન જૂથ વીમા યોજના અન્વયે કોઈ કુટુંબને રકમ ચૂકવવામાં આવી નથી, પરંતુ હાલમાં નોકરી દરમ્યાન ગુજરી ગયેલા (૧) સ્વ. શ્રી. વાઘેલા અને (૨) સ્વ. શ્રી પ્રજાપતિના કુટુંબને ઇન્યોરન્સની રકમ ચુકવણી માટેના કાગળો લાઈફ ઇન્સ્યોરન્સ કાર્પોરેશનને ઘટતી કાર્યવાહી સારુ મોકલી આપવામાં આવેલા છે.

પ્રશ્ન ૧૧૨ : માસ-પ્રમોશન અંગે સુપ્રીમ કોર્ટે કોઈ ચુકાદો આપ્યો છે ?

ઉત્તર ૧૧૨ : ના, જી.

પ્રશ્ન ૧૧૩ : જો "હા" તો તે શો છે ?

ઉત્તર ૧૧૩ : પ્રશ્ન નં. ૧૧૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૪ : ચુકાદાની શરત તરીકે યુનિવર્સિટીને કોઈ બાંયધરી આપવી પડી છે ?

ઉત્તર ૧૧૪ : ના, જી. પ્રશ્ન નં. ૧૧૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧૫ : યુનિવર્સિટી શિક્ષણ વિભાગમાં યુ. જી. સી.એ વ્યાખ્યાતા, રીડર અને પ્રોફેસરની કઈ જગ્યાઓ મંજૂર કરેલી ?

ઉત્તર ૧૧૫ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને છઠ્ઠી પંચવર્ષીય યોજના અન્વયે યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં રીડરની એક જગ્યા મંજૂર કરેલ છે.

પ્રશ્ન ૧૧૬ : તે કેમ ભરાઈ નહીં ?

ઉત્તર ૧૧૬ : આ જગ્યા માટે પ્રથમ પ્રયત્નની જાહેરખબરમાં એક અરજી આવી હતી. આથી પુનઃ જાહેરાત આપવામાં આવી છે અને તે જગ્યા પૂરવા અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પ્રશ્ન ૧૧૭ : શું તે લેપ્સ થઈ ?

ઉત્તર ૧૧૭ : ના, જી.

પ્રશ્ન ૧૧૮ : હવેની પરિસ્થિતિ શી છે ?

ઉત્તર ૧૧૮ : નહિ પુરાયેલી જગ્યાઓ માટે કાર્યવાહી થઈ રહી છે.

[૪] શ્રી જિજ્ઞાસુ આર. ચાંડકે નીચેના પ્રશ્નો પૂછવાના નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૧૯ : યુ.જી.સી સ્કીમ હેઠળ રિસર્ચ ફેલોને માટે બનાવેલ ક્વાર્ટર્સ શા માટે આપવામાં આવતાં નથી ?

ઉત્તર ૧૧૯ : આ બાબતે સ્થાયી સમિતિની તા. ૨૯–૮–૧૯૮૪ની સભાની નીચેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧–૯–૧૯૮૪ની સભામાં ઠરાવ નં. ૨૩થી મંજૂર રાખેલ છે :

"આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના વિદ્યાભવનોમાં પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ–વિદ્યાર્થિનીઓને યુનિવર્સિટીના ટીચર્સ ક્વાર્ટર્સ હવે પછી ફાળવવાનું રાખવું નહિ."

પ્રશ્ન ૧૨૦ : તે અંગેનો યુ.જી.સી.નો નિયમ હોવા છતાં ઢોલ શા માટે કરવામાં આવે છે ?

ઉત્તર ૧૨૦ : પ્રશ્ન નં. ૧૧૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૧ : આ અંગે શ્રી જનક પડિયા સાથે કુલપતિશ્રી કવાર્ટર્સ આપવા માટે સંમત થયા હતા છતાં તેનો શા માટે અમલ કરવામાં આવતો નથી ?

ઉત્તર ૧૨૧ : આ બાબત આગળના એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવના અનુસંધાનમાં ફેર-વિચારણા માટે તા. ૨૫-૧૦-૧૯૮૫ની સ્થાયી સમિતિમાં બાબત ક્રમાંક ૯ હેઠળ રજૂ કરવામાં આવી હતી જેની વિચારણા મુલતવી રહેલ છે અને ત્યાર બાદ સ્થાયી સમિતિની સભા મળેલ નથી.

પ્રશ્ન ૧૨૨ : ગત વર્ષે એફ.વાય.બી.એસસી. અને એસ.વાય.બી.એસસી.ની લેખિત પરીક્ષા કૉલેજોને સોંપેલ હતી જ્યારે પ્રેક્ટિકલની પરીક્ષા બંધ રાખી હતી. આ જ સંજોગોમાં યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ પાસેથી લીધેલ પ્રેક્ટિકલ પરીક્ષાની ફી પરત કરવા વિચારે છે ?

ઉત્તર ૧૨૨ : ના જી

પ્રશ્ન ૧૨૩ : યુનિવર્સિટી હૉસ્ટેલમાં વિદ્યાર્થીઓની આર્થિક મદદથી ગોઠવવામાં આવેલ ટી.વી.ની સારસંભાળ યુનિવર્સિટી હૉસ્ટેલના સ્ટાફને બદલે વિદ્યાર્થીઓને શા માટે સોંપવામાં આવે છે ?

ઉત્તર ૧૨૩ : છાત્રાલયમાં ટી.વી. વિદ્યાર્થી સંઘની વિનંતીથી મૂકવામાં આવ્યા છે અને તેમના સૂચવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને રૂમનું સંચાલન સોંપવામાં આવે છે. વિદ્યાર્થી સંઘે આ વર્ષે પણ ઠરાવ્યું છે કે ટી.વી. હવે ભોજનાલયમાં મૂકવા અને મેસ એટેન્ડન્ટ એનું સંચાલન કરશે.

ટી.વી.નો સમય છાત્રાલયના કાર્યાલય સમય સિવાયનો હોય છે.

પ્રશ્ન ૧૨૪ : ટી.વી.ને નુકસાન થાય તો જવાબદાર કોણ ?

ઉત્તર ૧૨૪ ટી.વી.ની પૂરતી સંભાળ રાખવામાં આવે છે અને એનું કેબિનેટ (કવર) તાળા-વાળું હોય છે. વળી એના રૂમને પણ તાળું મારવામાં આવે છે. આમ છતાં કોઈ યાંત્રિક મુશ્કેલી થશે તો દુરસ્તી કરાવી શકાશે.

પ્રશ્ન ૧૨૫ : યુનિવર્સિટી પોતાના ખર્ચે પુસ્તકો તથા માહિતીપત્રકો છપાવે છે અને તેનો ખર્ચો ઉધારે છે તો તે પુસ્તકો વેચવાથી થતી આવક કયા ખાતે દર્શાવવામાં આવે છે ?

ઉત્તર ૧૨૫ : યુનિવર્સિટીનાં પ્રકાશનોનું તથા ફોર્મસનું વેચાણ અને પ્રકાશનો અંગેની 'રોયલ્ટી' ખાતે આવક દર્શાવવામાં આવે છે.

પ્રશ્ન ૧૨૬ : યુનિવર્સિટી હૉસ્ટેલમાં ઘઉંના અનાજનો હિસાબ રાખવામાં આવે છે ?

ઉત્તર ૧૨૬ : હા, જી.

પ્રશ્ન ૧૨૭ : છેલ્લાં ત્રણ વર્ષનો હિસાબ આપશો.

ઉત્તર ૧૨૭ : સદરહુ હિસાબો યુનિવર્સિટી છાત્રાલયનાં વોર્ડનને વિનંતી કરવાથી જોવા મળી શકશે.

પ્રશ્ન ૧૨૮ : એન.આર.એસ. હૉલ લાઇબ્રેરીના વિસ્તરણ માટે યુ.જી.સી.ની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ હોવા છતાં તેનો અન્ય હેતુ માટે ઉપયોગ શા માટે કરવામાં આવે છે ?

ઉત્તર ૧૨૮ : એન. આર. એસ. હૉલ યુ.જી.સી.ની ગ્રાન્ટમાંથી બંધાવેલ, પરંતુ લાઇબ્રેરીના વિસ્તરણ તરીકે નહિ. તેમ છતાં પરીક્ષાની મોસમમાં થોડા સમય માટે ગ્રંથાલયમાં વાંચવા બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા વધે ત્યારે તેને વાચનકેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે અથવા આંતર કૉલેજીસ કે એવી Indoor games સ્પર્ધા માટે તેમ જ કોઈક વાર યુનિવર્સિટી પરિવારના સભ્યને સામાજિક પ્રસંગ અંગે અપાય છે.

પ્રશ્ન ૧૨૯ : લાઇબ્રેરીમાં જગ્યાની અછતની નોંધ લેવામાં આવે છે ?

ઉત્તર ૧૨૯ : હા, જી. આ અંગે કોઈ સૂચન કરવામાં આવે તો તે પ્રમાણે જગ્યાની અછત દૂર કરવા શક્ય તેટલો પ્રયત્ન કરવામાં આવે આવશે.

[૫] શ્રી. વાય. એમ. સ્નેહીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૩૦ : ગુજરાત યુનિવર્સિટીનાં પરિણામો નક્કી કરવા માટેની કોઈ પદ્ધતિ છે કે નહીં ?

ઉત્તર ૧૩૦ : ગુજરાત યુનિવર્સિટીનાં પરિણામો યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જ કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૩૧ : જો હોય તો જણાવશો.

ઉત્તર ૧૩૧ : યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામો પરીક્ષાને લગતો અભ્યાસક્રમ તેમજ ઉત્તીર્ણ અંગેનાં ધારાધોરણો અનુસાર નક્કી કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૩૨ : વિદ્યાર્થીઓને પરીક્ષાનાં પરિણામોની શક્ય તારીખો આપવા અંગેની વ્યવસ્થા છે કે નહીં ?

ઉત્તર ૧૩૨ : જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામ શક્ય હોય તેટલાં વહેલાં વિદ્યાર્થીઓને મળે તે હેતુથી પરિણામની તારીખ નક્કી કરવામાં આવે છે, પરંતુ શક્ય તારીખો જાહેર કરવામાં આવતી નથી.

પ્રશ્ન ૧૩૩ : પરીક્ષાનાં પરિણામો અગ્રગણ્ય અખબારોમાં પહેલાં અપાતાં હતાં, હવે તેમ બંધ કરવાનું કારણ જણાવશો.

ઉત્તર ૧૩૩ : પરીક્ષાનાં પરિણામ અખબારોને મોકલવામાં આવે છે.

પ્રશ્ન ૧૩૪ : એક વિદ્યાશાખાની એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં ટ્રાન્સફર કરવા માટેના નિયમો છે ? જો હોય તો જણાવશો. આવી ટ્રાન્સફર નિયમો પ્રમાણે થાય છે કે અન્ય કોઈ કારણોસર ?

ઉત્તર ૧૩૪ : હા, જી.

એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં ટ્રાન્સફર કરવા માટે ઑ. ૮૪ છે. ઑ. ૮૪નો પાઠ પરિશિષ્ટ "૬" પ્રમાણે આપેલ છે તે જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૫ : જો એમ હોય તો જાણ કરશો.

ઉત્તર ૧૩૫ : પ્રશ્ન નં. ૧૩૪ નો ઉત્તર જોવા વિનંતી છે.

[૬] શ્રી. ડી. એમ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૩૬ : યુનિવર્સિટી કોર્ટની અધ્યાપકોની છેલ્લી ચૂંટણી અંગે ગુજરાત હાઈકોર્ટે જે ચુકાદો આપ્યો હતો તેનો નિષ્કર્ષ કયો છે?

ઉત્તર ૧૩૬ : અગાઉ ૨૮ બેઠકોની જે ચૂંટણી કરવામાં આવી હતી તે ગુજરાતની વડી અદાલતે રદ કરી અને શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખાની બેઠકો ફાળવીને શિક્ષકોની ૪૨ બેઠકો માટેની ચૂંટણી નવેસરથી યોજવા માટે આદેશ આપ્યો.

પ્રશ્ન ૧૩૭ : ગુજરાત હાઈકોર્ટના તે ચુકાદા સામે ચૂંટણી જીતનાર ઉમેદવારોને બદલે ગુજરાત યુનિવર્સિટીએ શા માટે સુપ્રીમ કોર્ટમાં દાદ માગી?

ઉત્તર ૧૩૭ : સદરહુ બાબતમાં કાયદાને અને ઔચિત્યને લગતા મહત્ત્વના પ્રશ્નો સમાવેલા હોવાનું જણાયું હોવાથી.

પ્રશ્ન ૧૩૮ : ગુજરાત હાઈકોર્ટના તે કેસ અંગે યુનિવર્સિટીએ કેટલો ખર્ચ કર્યો?

અને

પ્રશ્ન ૧૩૮અ : સુપ્રીમ કોર્ટમાં તે કેસ અંગે અત્યાર સુધી કેટલો ખર્ચ કર્યો?

અને

પ્રશ્ન ૧૩૯ : યુનિવર્સિટી તરફથી કયા ઍડવોકેટ રોક્યા છે?

અને

પ્રશ્ન ૧૪૦ : તેમને અત્યાર સુધી કેટલી ફી ચૂકવી?

ઉત્તર ૧૩૮ થી ૧૪૦ : પ્રશ્ન નં. ૭૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૧ : તે કેસમાં યુનિવર્સિટીને કયા પ્રકારનો સ્ટે મળ્યો ?

ઉત્તર ૧૪૧ : શિક્ષક મતદાર વિભાગની ચૂંટણી અંગે હાઈકોર્ટના ચુકાદા સામે યુનિવર્સિટીને મનાઈહુકમ મળ્યો.

પ્રશ્ન ૧૪૨ : આ કેસના નિકાલ માટે યુનિવર્સિટીએ અત્યાર સુધી કઈ કાર્યવાહી કરી ?

ઉત્તર ૧૪૨ : સ્પે. લીવ અપીલ નં. ૩૧૦૭ ઑફ ૧૯૮૪થી દાદ માગી. શિક્ષક મતદાર વિભાગની ૨૮ બેઠકો માટેની ચૂંટણીનું પરિણામ જાહેર કરવા અને આચાર્ય મતદાર વિભાગની બાકીની ૧૩ બેઠકો માટેની ચૂંટણી યોજવા મંજૂરી મેળવી તેમ જ શિક્ષક મતદાર વિભાગની વિનયન અને શિક્ષણ વિદ્યાશાખાના ૧૪ સભ્યોની ચૂંટણી કરવા તેમ જ યુનિવર્સિટી કોર્ટના જે સભ્યોને મતદાનના હકથી વંચિત રાખવામાં આવ્યા છે તેમને મતદાન કરવા દેવાની તેમ જ ચૂંટણીમાં ઊભા રહેવાની છૂટ આપવા તા. ૭-૨-૧૯૮૬ના રોજ વિનંતી કરી હતી તે બાબતમાં વરિષ્ઠ અદાલત તરફથી નીચે પ્રમાણે આદેશ થયેલો છે :

"No orders on the C.M.P. Hearing of the appeal is expedited. Liberty to the parties to move Hon. the Chief Justice of India for fixing a date of hearing.

It will be open to the applicant / University to approach the Government, if so advised."

પ્રશ્ન ૧૪૩ : જે પ્રકારનો કેસ છે તેના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની ચૂંટણી કરવામાં યુનિવર્સિટીને કયા પ્રકારની મુશ્કેલી થતી હતી જેથી તે ચૂંટણી લંબાવવા કુલાધિપતિ સમક્ષ દાદ માંગવી પડી ?

ઉત્તર ૧૪૩ : યુનિવર્સિટી કોર્ટમાં સભ્યો પૈકી શિક્ષક મતદાર વિભાગમાંથી ૪૨ જગ્યાઓમાંથી વિનયન અને શિક્ષણ વિદ્યાશાખાઓની ૧૪ જગ્યાઓ માટે ગુજરાત રાજ્યની વડી અદાલતના આદેશથી ચૂંટણી યોજાઈ શકી ન હતી, જ્યારે બાકીના ૨૮ ચૂંટાયેલા શિક્ષકો યુનિવર્સિટી કોર્ટની સભામાં હાજર રહી શકશે પરંતુ મતદાન કરી શકશે નહિ તેવા ભારતની સર્વોચ્ચ અદાલતના આદેશના કારણે યુનિવર્સિટી કોર્ટના ૧૫૮ સભ્યો પૈકી ૪૨ સભ્ય સંખ્યા મતદાનથી વંચિત રહેતી હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલ પરની ચૂંટણી યોજવાનું યોગ્ય જણાયું ન હતું.

પ્રશ્ન ૧૪૪ : ગુજરાત યુનિવર્સિટીએ સુપ્રીમ કોર્ટમાં હમણાં એવી દાદ માંગેલી ખરી કે ચૂંટાયેલા અધ્યાપકોને મત આપવાનો અને ચૂંટણી લડવાનો પણ અધિકાર આપો ?

અને

પ્રશ્ન ૧૪૫ : તે અંગે સુપ્રીમ કોર્ટે શો ચુકાદો આપ્યો ?

ઉત્તર ૧૪૪ અને ૧૪૫ : પ્રશ્ન ૧૪૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૬ : કઈ કઈ કૉલેજોને કયારથી હંગામી ધોરણે જોડાણ અપાયાં છે ?

અને

પ્રશ્ન ૧૪૭ : પ્રત્યેક કૉલેજને તેવું જોડાણ આપવાની પાછળના કયાં કારણો છે ?

અને

પ્રશ્ન ૧૪૮ : છેલ્લાં ત્રણ વર્ષમાં તેમાંની કઈ કૉલેજોની એલ. આઈ. સી.માં કોણ કોણ હતું ?

અને

પ્રશ્ન ૧૪૯ : એમણે તેમનો અહેવાલ કઈ કઈ તારીખે આપેલો છે ?

અને

પ્રશ્ન ૧૫૦ : તેના આધારે યુનિવર્સિટીએ કઈ કઈ તારીખે પુનઃ જોડાણની જાણ જે તે કૉલેજને કરેલી ?

ઉત્તર ૧૪૬થી ૧૫૦ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ '૭' જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૧ : એલ. આઈ. સી.ના અહેવાલની પ્રાપ્તિમાં તથા પુનઃ જોડાણ આપવાની તારીખમાં વિલંબ શાથી પડે છે ?

ઉત્તર ૧૫૧ : કોઈ ચોક્કસ કૉલેજ કે કૉલેજો અંગે આ પ્રકારની માહિતી માંગવામાં આવે તો તે આપી શકાય, તો પણ સામાન્ય ધારાધોરણ પ્રમાણે સ્થાનિક તપાસસમિતિના હેવાલની પ્રાપ્તિ પછી યુનિવર્સિટીનાં સત્તામંડળો સમક્ષ તે હેવાલ મૂકવામાં આવે છે અને સત્તામંડળો જે શરતોના પરિપાલનને આધારે જોડાણ આપવા ભલામણ કરે તે શરતોનું પરિપાલન થયેથી તે અંગે વિચારણા કરીને જોડાણ આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૫૨ : આ કૉલેજો કેટલાક માહના વગર જોડાણે શા માટે ચાલે છે ?

ઉત્તર ૧૫૨ : શરતોના પરિપાલનમાં કૉલેજપક્ષે વિલંબ થાય તો જોડાણ આપવામાં તેટલો વિલંબ થાય છે. સ્પષ્ટતા માટે ઉમેરવાનું કે આવા કેસોમાં જ્યારે જોડાણ આપવામાં આવે છે ત્યારે તે સામાન્ય રીતે પશ્ચાત્વર્તી તારીખથી આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૫૩ : તે માટે કોણ કેટલું જવાબદાર ગણાય ?

ઉત્તર ૧૫૩ : પ્રત્યેક કેસની વિગતો જોઈને તે કહી શકાય.

પ્રશ્ન ૧૫૪ : તેવી સ્થિતિ નિવારવા યુનિવર્સિટી કેવાં પગલાં વિચારી રહી છે ?

ઉત્તર ૧૫૪ : જોડાણની કાર્યવાહીના પ્રત્યેક તબ્બકે સંબંધકર્તા સભા સમિતિને તે માટે કાર્યાન્વિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને ભવિષ્યમાં પણ તેમ કરવાનું ચાલુ રાખવામાં આવશે.

પ્રશ્ન ૧૫૫ : સમાજવિદ્યા ભવનમાં છેલ્લાં ત્રણ વર્ષોથી બહારના કયા કયા અધ્યાપકોને પ્રવચનો માટે બોલાવવામાં આવતા હતા ?

અને

પ્રશ્ન ૧૫૬ : તેમણે પ્રત્યેક વર્ષ કેટલા પિરિયડો લીધા હતા ?

અને

પ્રશ્ન ૧૫૭ : તેમાં કેટલાક અધ્યાપકો બહારગામના પણ નહોતા ?

ઉત્તર ૧૫૫થી ૧૫૭ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહ સમક્ષ મૂકવામાં આવશે અને કાર્યાલય સમય દરમિયાન સભ્યને જોવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે

પ્રશ્ન ૧૫૮ : શું ઝોન પદ્ધતિ રદ કરવામાં આવી છે ?

ઉત્તર ૧૫૮ : ના, જી.

પ્રશ્ન ૧૫૯ : શ્રી એ. બી. વ્યાસની આચાર્ય તરીકેની નિમણૂકને માન્ય કરવા અંગેનો પત્ર તેમની કૉલેજના સંચાલકે કઈ તારીખે લખ્યો ?

ઉત્તર ૧૫૯ : તા. ૨૮-૪-૧૯૮૪ ના રોજ.

પ્રશ્ન ૧૬૦ : તેનો ઉત્તર આજદિન સુધી નથી અપાયો તે સાચું છે ?

ઉત્તર ૧૬૦ : આ બાબતમાં કૉલેજના સંચાલક મંડળ પાસેથી કેટલીક માહિતી મંગાવવામાં આવી છે.

પ્રશ્ન ૧૬૧ : તે નિમણૂક બાબતમાં કોઈ ગેરરીતિ કે કસૂર જણાઈ છે ?

અને

પ્રશ્ન ૧૬૨ : જો હોય તો તે કઈ છે ?

ઉત્તર ૧૬૧ અને ૧૬૨ : ઉપર પ્રશ્ન ૧૬૦ના ઉત્તરમાં જે માહિતી મંગાવવામાં આવી છે તે આવેથી આગળ વિચારણા થઈ શકે.

પ્રશ્ન ૧૬૩ : જો ન હોય તો આટલો બધો વિલંબ કરવાનું શું કારણ ?

ઉત્તર ૧૬૩ : ઉપર પ્રશ્ન ૧૬૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૪ : જો કસૂર હોય તો માન્યતા આપવામાં આવતી નથી તેવો જવાબ કેમ આપવામાં આવતો નથી ?

ઉત્તર ૧૬૪ : ઉપર પ્રશ્ન ૧૫૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૫ : શું કે સ્કૂલ ઑફ મૅનેજમેન્ટના નિયામક ડૉ. કેશવને યુનિવર્સિટી ક્યારથી કાર્યકારી ગણે છે ?

ઉત્તર ૧૬૫ : ડૉ. કેકરને તા. ૨૮-૭-૧૯૮૪ના રોજ છૂટા કરવામાં આવ્યા તે તારીખથી ડૉ. કેશવને કાર્યકારી અધ્યક્ષ ગણવામાં આવે છે.

પ્રશ્ન ૧૬૬ : અગાઉ તેમને નિયામક ગણ્યા હતા ખરા ?

ઉત્તર ૧૬૬ : ના, જી

પ્રશ્ન ૧૬૭ : અન્ય ભવનોમાં આવી રીતે કાર્યકારી નિયામક નીમવાની પ્રથાનો ઉપયોગ થયો છે ખરો ?

ઉત્તર ૧૬૭ : હા, જી

પ્રશ્ન ૧૬૮ : સાંજના જે વર્ગો ચાલે છે તેના સંચાલનમાં તેમને ન રાખવાનું શું કારણ ?

ઉત્તર ૧૬૮ : તે માટે અલગ કો-ઑર્ડિનેટરની નિમણૂક કરવામાં આવી છે.

પ્રશ્ન ૧૬૯ : અગાઉ અન્ય ભવનોમાં જ્યારે સાંજના વર્ગો ચાલતા હતા ત્યારે અન્ય અધ્યાપકને નિયામક તરીકે મૂકવાની પ્રથા ન હતી તે શું સાચું છે ?

ઉત્તર ૧૬૯ : હા, જી.

પ્રશ્ન ૧૭૦ : ડૉ. કેશવને તથા શ્રી ધવલ મહેતાને શા માટે સસ્પેન્ડ કરેલા ?

ઉત્તર ૧૭૦ : એમ.બી.એ.ની પ્રવેશ પરીક્ષા, ૧૯૮૫, અંગે જે પરિસ્થિતિ સર્જાઈ તેના ઉપલક્ષ્યમાં તપાસ થાય તે દરમ્યાન (Pending inquiry) સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૧૭૧ : તેઓને ક્યારે સસ્પેન્ડ કરેલા અને ક્યારે પાછા લીધેલા ?

ઉત્તર ૧૭૧ : તેઓને તા. ૧૩-૮-૧૯૮૫ના રોજ સસ્પેન્ડ કરેલા અને તા. ૩–૯–૧૯૮૫ના રોજ સસ્પેન્શનના હુકમો "abeyance"માં રાખેલા તે મુજબ તા. ૪-૯-૧૯૮૫ના રોજ તેઓએ ચાર્જ સંભાળેલો છે.

પ્રશ્ન ૧૭૨ : શું ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ ડૉ. કેશવને પાછા લેવાયા ન હોતા ?

ઉત્તર ૧૭૨ : નામદાર હાઈકોર્ટના આદેશ અન્વયે ડૉ. કેશવના સસ્પેન્શનના હુકમો "Abeyance"માં રાખેલા છે.

પ્રશ્ન ૧૭૩ : શ્રી. મહેતાને કોના આદેશથી અને શા માટે પાછા લેવાયેલા ?

ઉત્તર ૧૭૩ : યુનિવર્સિટીની લેટર્સ પેટન્ટ અપીલ નં. ૨૯૮/૧૯૮૫ના સંદર્ભમાં શ્રી મહેતાના સસ્પેશનના હુકમો "Abeyance"માં રાખેલા છે.

પ્રશ્ન ૧૭૪ : બી. કે. સ્કૂલ ઑફ મૅનેજમેન્ટની કઈ બાબતોની તપાસ અંગે શ્રી. મિયાંભાઈ તપાસપંચ નીમ્યું હતું ?

ઉત્તર ૧૭૪ : (૧) એડમિશન ટેસ્ટ ૧૯૮૫માં થયેલ ભૂલ કે ભૂલો, તેમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અને ટેસ્ટના પરિણામની જાહેરાતની બાબતો અંગે તેમ જ

(૨) બી. કે. સ્કૂલની છેલ્લા બે વર્ષની વહીવટી કામગીરી તપાસી હેવાલ આપવા શ્રી મિયાંભાઈ તપાસપંચ નીમ્યુ હતું.

પ્રશ્ન ૧૭૫ : તે પંચનો અહેવાલ આવી ગયો હોય તો તેના મુખ્ય તારણો કયાં છે ?

ઉત્તર ૧૭૫ : તે પંચનો આખરી હેવાલ આવ્યો નથી.

પ્રશ્ન ૧૭૬ : પ્રવેશ પરીક્ષામાં ખોટા જવાબોની ચાવીઓને લીધે જે પરિસ્થિતિ સર્જાઈ તે માટે કોણ કોણ જવાબદાર ઠરે છે ?

ઉત્તર ૧૭૬ : મિયાંભાઈ કમિશનનો હેવાલ વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૧૭૭ : તેથી વિદ્યાર્થીઓનો કેટલો સમય બગડ્યો ?

ઉત્તર ૧૭૭ : ૧૩મી ઑગસ્ટ ૧૯૮૫થી ૯મી જાન્યુઆરી ૧૯૮૬ સુધી વિદ્યાર્થીઓનાં વ્યક્તિગત ઇન્ટરવ્યુ લઈ શકાયાં ન હતાં.

પ્રશ્ન ૧૭૮ : આ અંગે કોની સામે કયાં પગલાં ભરવામાં આવ્યાં ?

ઉત્તર ૧૭૮ : પ્રશ્ન ૧૭૬નો ઉત્તર જોવા વિનંતી.

પ્રશ્ન ૧૭૯ : ભવનોના અધ્યાપકોની નિમણૂક માટેના ક્વોલિફિકેશન્સ કઈ તારીખે સુધાર્યાં ?

ઉત્તર ૧૭૯ : યુનિવર્સિટી વિદ્યાભવનનાં પ્રોફેસર અને રીડરની નિયુક્તિ માટે શૈક્ષણિક પાત્રતા અંગેનાં ધોરણોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩-૬-૧૯૮૪ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૪૭થી સુધારવામાં આવેલાં છે.

પ્રશ્ન ૧૮૦ : તે સુધારામાં કોઈ પણ બીજા દેશની યુનિવર્સિટીની માસ્ટર ડિગ્રીને ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી. સમકક્ષ ગણવામાં આવી છે ?

ઉત્તર ૧૮૦ : ના જી વધુમાં સ્પષ્ટતા માટે ઉમેરવાનું કે શિક્ષકોની નિયુક્તિ માટેનાં શૈક્ષણિક પાત્રતાનાં ધોરણો પૈકી એક ધોરણ નીચે મુજબ છે :

"Master's Degree in the subject from a Foreign University."

પ્રશ્ન ૧૮૧ : કઈ તારીખથી મેરિટ પ્રમોશનની યોજનાનો અમલ કર્યો ?

ઉત્તર ૧૮૧ : તા. ૨૫-૩-૧૯૮૫થી

પ્રશ્ન ૧૮૨ : મેરિટ પ્રમોશનની અરજીઓ મંગાવ્યા પછી ક્વોલિફિકેશન્સ સુધાર્યાં હતાં તે સાચું છે ?

ઉત્તર ૧૮૨ : શૈક્ષણિક પાત્રતા અંગેનાં ધોરણોને સુધારવાની બાબત તા. ૨૩-૬-૧૯૮૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં મંજૂર થઈ, પણ આ બાબત અંગે સક્રિય વિચારણા તે અગાઉ ઘણા લાંબા સમયથી ચાલતી હતી એટલે મેરિટ પ્રમોશનની અરજીઓ મંગાવ્યા પછી ક્વોલિફિકેશન સુધારવાનું વિચાર્યું તેમ કહેવું વાજબી ન ગણાય.

પ્રશ્ન ૧૮૩ : નવાં કવોલિફિકેશન્સ કોર્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલમાં મંજૂર કરાવવાં જરૂરી ખરાં ?

જો હા, તો કયારે મંજૂર કરાવેલાં ?

ઉત્તર ૧૮૩ : શૈક્ષણિક પાત્રતા અંગેનાં સુધારેલાં ધારાધોરણો એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂર કરેલાં છે તે માટે યુનિવર્સિટી કોર્ટની મંજૂરી આવશ્યક છે કે કેમ તે પ્રશ્ન ગુજરાત રાજ્યની વડી અદાલતમાં છે.

પ્રશ્ન ૧૮૪ : ગુજરાત યુનિવર્સિટીના છેલ્લી બે પરીક્ષાઓનાં વેતન હજુ સુધી યુનિવર્સિટીએ ચૂકવ્યાં નથી તે સાચું છે ?

ઉત્તર ૧૮૪ : ના જી.
ઑગસ્ટ, સપ્ટેમ્બર, ડિસેમ્બર ૧૯૮૫ની પરીક્ષાઓનાં વેતન ચૂકવાયાં ન હતાં. તે ચૂકવવાની કાર્યવાહી થઈ રહી છે.

પ્રશ્ન ૧૮૫ : જો હા, તો આટલો બધો વિલંબ થવાનું શું કારણ ?

ઉત્તર ૧૮૫ : પ્રશ્ન ૧૮૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૬ : એ ચુકવણી કયારે કરવાની શકયતા છે ?

ઉત્તર ૧૮૬ : પ્રશ્ન ૧૮૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૭ : ગુજરાત યુનિવર્સિટીની વિવિધ બેન્કોની વિવિધ ડિપોઝિટો છેલ્લાં ત્રણ વર્ષોમાં કયારે કેટલી હતી.

ઉત્તર ૧૮૭ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૮" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૮ : કયારે કેટલો ઉપાડ કર્યો હતો અને અત્યારની શું પરિસ્થિતિ છે ?

ઉત્તર ૧૮૮ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૯" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૮૯ : છેલ્લાં ત્રણ વર્ષોમાં પ્રિ. બી. એમ. પીરજાદા ગુજરાત યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં કયારે કયારે, કેટલા સમય માટે રહ્યા હતા ?

ઉત્તર ૧૮૯ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧૦" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૦ : શું કોઈ રૂમ હમેશાં એમના માટે જ અલાયદો રાખવામાં આવેલો છે તે સાચું છે ?

ઉત્તર ૧૯૦ : ના જી.

પ્રશ્ન ૧૯૧ : તેમણે રહેવા તથા જમવા માટે એ સમય દરમિયાન જે કોઈ ચુકવણી કરી હોય તે જણાવશો.

ઉત્તર ૧૯૧ : પ્રશ્ન ૧૮૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૨ : છેલ્લાં ત્રણ વર્ષમાં ધંધુકાની આર્ટ્સ-કોમર્સ કોલેજમાં કયારે કયારે કોણ એકિટંગ આચાર્ય અને કયારે કયારે કોણ કાયમી આચાર્ય હતા ?

ઉત્તર ૧૯૨ : ઉપર પ્રશ્ન ક્રમાંક ૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૩ : છેલ્લાં ત્રણ વર્ષોમાં એલ. જે. કૉલેજ ઑફ કૉમર્સમાં ક્યારે ક્યારે કોણ ઍક્ટિંગ આચાર્ય અને ક્યારે ક્યારે કોણ કાયમી આચાર્ય હતા ?

ઉત્તર ૧૯૩ : ઉપર પ્રશ્ન ક્રમાંક ૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯૪ : આ કૉલેજમાં જ્યારે જ્યારે કાયમી આચાર્યની નિમણૂક કરવામાં આવેલી ત્યારે ત્યારે જાહેરખબર આપીને પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવેલી ?

ઉત્તર ૧૯૪ : એક વખત કાયમી આચાર્યની નિમણૂક થયેલી અને તે પસંદગી સમિતિ દ્વારા થઈ હતી.

પ્રશ્ન ૧૯૫ : એલ. જે. કૉલેજ ઑફ કૉમર્સમાં ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફમાં જે વ્યક્તિઓ હોય તેઓનાં નામો આપશો.

ઉત્તર ૧૯૫ : ઑર્ડિ. ૯૬ અન્વયે મોકલેલી માહિતી પ્રમાણે શિક્ષકવર્ગનાં તથા બિનશિક્ષક વર્ગનાં નામો નીચે પ્રમાણે છે :

ક્રમાંક	શિક્ષકવર્ગનાં નામ	ક્રમાંક	બિનશિક્ષકવર્ગનાં નામ
(૧)	આચાર્ય બી. એમ. પીરઝાદા	(૧)	શ્રીમતી એચ. ટી. નાન્ઝી
(૨)	શ્રી. આર. એચ. શુક્લ	(૨)	શ્રી. બી ડી. રાવલ
(૩)	શ્રી. એસ. એલ ગુલાટી	(૩)	શ્રી. કે. એમ. પંડ્યા
(૪)	શ્રી. એચ. એલ જોષી	(૪)	શ્રી. વાય. જી. મોમીન
(૫)	શ્રી. એમ. એમ. દવે	(૫)	શ્રી. એમ. કે. શાહ
(૬)	શ્રી શૈલેષ પરીખ	(૬)	શ્રી. કે. વી. પરમાર
(૭)	શ્રી. એસ. ટી. ઝીન્ઝુવાડિયા	(૭)	શ્રી. આર. એ. કૈલાસ
(૮)	શ્રી. એચ. જે. પાઠક	(૮)	શ્રી. એફ. બી. કાન્ત
(૯)	શ્રી. કે. એન. ભાવસાર	(૯)	શ્રી. ડી. બી. રામી
(૧૦)	શ્રી. જી. આર. ભટ્ટ	(૧૦)	શ્રી. આઈ. ટી. પટેલ
(૧૧)	શ્રી. એમ. કે. દવે		
(૧૨)	શ્રી. ચી. એ. સુતરિયા		
(૧૩)	શ્રી. એસ. ડી. મહેતા		
(૧૪)	શ્રી. કે. એમ. શાહ		
(૧૫)	શ્રી. સધનાથન્		
(૧૬)	શ્રી. એસ. કે. ચાવડા		
(૧૭)	શ્રી. એ. એમ. દવે		
(૧૮)	શ્રીમતી કે. ઉષા		
(૧૯)	શ્રી. એમ. એમ. દેસાઈ		
(૨૦)	શ્રી. બી. એન. શાહ		
(૨૧)	શ્રી. આર. કે. શાહ		

પ્રશ્ન ૧૯૬ : એફ.વાય., એસ.વાય. તથા ટી.વાય. બી.કૉમ.ના વિદ્યાર્થીઓની અને વર્ગોની સંખ્યા આપશો.

ઉત્તર ૧૯૬ : ઑર્ડિ. ૯૬ અન્વયે ચાલુ વર્ષની સદરહુ કૉલેજે મોકલેલી માહિતી પ્રમાણે પ્રશ્નમાં પૂછેલી વિગતો નીચે પ્રમાણે છે :

વર્ગ	વર્ગ સંખ્યા	વર્ગમાં વિદ્યાર્થી સંખ્યા
એફ.વાય.બી.કૉમ.	૩	૩૮૬
એસ.વાય.બી કૉમ.	૪	૫૮૬
ટી.વાય.બી.કૉમ.	૫	૪૮૫

પ્રશ્ન ૧૯૭ : છેલ્લાં ત્રણ વર્ષોમાં એફ.વાય., એસ.વાય. અને ટી.વાય.ના તે કૉલેજમાંથી કેટલા વિદ્યાર્થીઓ પ્રત્યેક વર્ષમાં પરીક્ષામાં બેઠા તેની સંખ્યા પણ આપશો.

ઉત્તર ૧૯૭ : એલ. જે. કૉલેજ ઑફ કૉમર્સ અમદાવાદમાંથી છેલ્લાં ત્રણ વર્ષોમાં નીચે જણાવેલ સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા :

	ફર્સ્ટ બી.કૉમ.	સેકન્ડ બી.કૉમ.	થર્ડ બી.કૉમ.
૧૯૮૩ એપ્રિલ	૫૧૦	—	—
૧૯૮૪ એપ્રિલ	૫૪૨	૫૨૫	—
૧૯૮૫ સપ્ટેમ્બર	૭૦૪	૫૯૪	૪૨૯

પ્રશ્ન ૧૯૮ : શું આ કૉલેજમાં યુનિવર્સિટીનાં ધોરણો પ્રમાણે પૂરતો સ્ટાફ છે ?

ઉત્તર ૧૯૮ : હા જી.

પ્રશ્ન ૧૯૯ : એલ. જે. કૉલેજ ઑફ કૉમર્સની એલ.આઈ.સી.ના છેલ્લા ત્રણ અહેવાલોમાં તે કૉલેજની કઈ કઈ ક્ષતિઓ માલૂમ પડી હતી ?

ઉત્તર ૧૯૯ : છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૯૮૩માં નિમાયેલ સ્થાનિક તપાસસમિતિએ કોઈ ક્ષતિ દર્શાવી નથી.

પ્રશ્ન ૨૦૦ : તે દૂર કરવામાં આવી છે ખરી ?

ઉત્તર ૨૦૦ : ઉપર પ્રશ્ન ૧૯૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૦૧ : ધંધુકાની કૉમર્સ-આર્ટ્સ કૉલેજના અધ્યાપકોનાં તથા બિનઅધ્યાપકોનાં પ્રૉવિડંટ ફંડનાં કેટલાં નાણાં ક્યાં મૂકેલાં છે ?

ઉત્તર ૨૦૧ : કૉલેજે તેના તા. ૧૪—૩—'૮૬ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"અમારી કૉલેજના કર્મચારીઓના પ્રૉવિડન્ટ ફંડનાં નાણાંના રોકાણ અંગેની માહિતી નીચે મુજબ છે :

	રૂપિયા	વિગત
(૧)	૧,૮૪,૧૫૪—૦૦	ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન ફિક્સ ડિપોઝિટ (વ્યાજ સહિત)
(૨)	૬૫,૨૫૧—૨૫	સરકારશ્રીની તિજોરીમાં જમા
(૩)	૧,૧૯,૮૭૦—૦૦	કર્મચારીઓને પી. એફ. લોન
(૪)	૨,૨૭,૨૮૭—૭૧	ધંધુકા તાલુકા કેળવણી મંડળ."

પ્રશ્ન ૨૦૨ : તે સંસ્થાએ હજી કેટલાં નાણાં પ્રોવિડંટ ફંડમાં જમા કરાવવાનાં બાકી છે ?

ઉત્તર ૨૦૨ : રૂ. ૨,૨૭,૨૮૭-૭૧ પૈસા
આ બાબતમાં કૉલેજ પાસેથી જરૂરી માહિતી મંગાવવામાં આવી છે.

પ્રશ્ન ૨૦૩ : તે કેટલા સમયથી બાકી છે ?

ઉત્તર ૨૦૩ : આ બાબતમાં કૉલેજ પાસેથી જરૂરી માહિતી મંગાવવામાં આવી છે.

પ્રશ્ન ૨૦૪ : ભિલોડાની આર્ટ્સ-કૉમર્સ કૉલેજની એન.આઈ.સી.ના છેલ્લા ત્રણ અહેવાલોમાં તે કૉલેજની કઈ કઈ ક્ષતિઓ માલૂમ પડી હતી ?

ઉત્તર ૨૦૪ : છેલ્લાં ત્રણ વર્ષના ગાળામાં થયેલી સ્થાનિક તપાસ સમિતિના હેવાલમાં નીચે પ્રમાણેની ક્ષતિ દર્શાવી છે :

"કૉલેજ જર્જરિત શાળાના મકાનમાં ભીલોડાથી પાંચ કિલોમીટર દૂર એસ ટી. બસના જવા-આવવાના રસ્તે આવેલી છે કૉલેજની આજુબાજુ નજીકમાં બીજાં ગામો છે. વર્ગો, શૌચાલય, ગ્રંથાલય વગેરેની પરિસ્થિતિ સંતોષકારક નથી."

પ્રશ્ન ૨૦૫ : તેમાંથી કઈ ક્ષતિઓ ક્યારે દૂર કરવામાં આવી ?

ઉત્તર ૨૦૫ : ત્યાર પછીના હેવાલમાં તે ક્ષતિઓનું નિવારણ થયાનું જણાવ્યું છે.

પ્રશ્ન ૨૦૬ : ભક્તવલ્લભ ધોળા કૉલેજના મકાનમાં કેટલા ખંડો છે ?
અને
પ્રશ્ન ૨૦૭ : કેટલા ખંડો વર્ગો માટે વપરાય છે ?
અને
પ્રશ્ન ૨૦૮ : તે વર્ગોનું કદ કેટલું છે ?

ઉત્તર ૨૦૬ થી ૨૦૮ : સદરહુ માહિતી કૉલેજ પાસેથી મંગાવવામાં આવી છે પરંતુ કૉલેજ તરફથી કશો જવાબ ઉપલબ્ધ થયો નથી.

પ્રશ્ન ૨૦૯ : પ્રત્યેક વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ છે ?

ઉત્તર ૨૦૯ : ઑર્ડિ. ૯૬ અન્વયે ચાલુ વર્ષની આવેલ માહિતી અન્વયે સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓની માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કક્ષા	વર્ગની સંખ્યા	વિદ્યાર્થીની સંખ્યા
(૧)	એફ.વાય. બી.એ.	૧	૯
(૨)	એસ.વાય. બી.એ.	૧	૧૫
(૩)	ટી.વાય. બી.એ.	૧	૦
(૪)	એફ.વાય. બી.કૉમ.	૧	૯૩
(૫)	એસ.વાય. બી.કૉમ.	૨	૨૧૩
(૬)	ટી.વાય. બી.કૉમ.	૧	૧૨૧

પ્રશ્ન ૨૧૦ : પૂર્ણ સમયના તથા ખંડ સમયના ટીચિંગ તથા નોન-ટીચિંગ સ્ટાફનાં નામો આપશો.

ઉત્તર ૨૧૦ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહ સમક્ષ મૂકવામાં આવશે તથા સભ્યશ્રીને જોવા માટે કાર્યાલય સમય દરમિયાન ઉપલબ્ધ કરી શકાશે.

પ્રશ્ન ૨૧૧ : છેલ્લાં બે વર્ષથી ટી.વાય.બી.એસસી. કેમિસ્ટ્રી અને ફિઝિકસનાં પેપર્સ ફૂટી જાય છે તે વાત સાચી છે ?

ઉત્તર ૨૧૧ : ૧૯૮૪ના વર્ષમાં થર્ડ બી.એસસી કેમિસ્ટ્રી અને ફિઝિકસના એકેક પ્રશ્નપત્રમાં ફૂટ થયેલી જણાઈ હતી જ્યારે ૧૯૮૫ના વર્ષમાં કેમિસ્ટ્રીના એક પ્રશ્નપત્રમાં ફૂટ થયેલી જણાઈ હતી.

પ્રશ્ન ૨૧૨ : આ અંગે યુનિવર્સિટીએ કોઈ તપાસ કરાવી છે ?

ઉત્તર ૨૧૨ : હા જી.

પ્રશ્ન ૨૧૩ : તેમાં કોણ કોણ જવાબદાર માલૂમ પડયું છે ?

ઉત્તર ૨૧૩ : સદરહુ બાબત અંગે રાજ્યના પોલીસ ખાતાને ઘટતી તપાસ કરવા માટે જણાવવામાં આવ્યું છે પરન્તુ હજુ સુધી રિપોર્ટ આવ્યો ન હોવાથી માહિતી આપવી શકય નથી.

પ્રશ્ન ૨૧૪ : ભવિષ્યમાં આવું ન બને તે માટે શાં પગલાં લેવાનું વિચાર્યું છે ?

ઉત્તર ૨૧૪ : ભવિષ્યમાં આવું ન બને તે માટે પ્રશ્નપત્રોની ગુપ્તતા જાળવવા માટેની સૂચનાનું પરિપાલન કાળજીપૂર્વક થાય તે જોવા માટે જણાવવામાં આવશે.

[૭] શ્રી. ભૂષણ અશોક ભટ્ટે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૨૧૫ : સુપ્રીમ કોર્ટમાં ગુજરાત યુનિવર્સિટીનો માસ પ્રમોશન અંગેનો કેસ ક્યારે કરવામાં આવેલો ?

ઉત્તર ૨૧૫ : ગુજરાત યુનિવર્સિટીનો માસ પ્રમોશન અંગેનો કેસ સને ૧૯૮૧ માં સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ.

પ્રશ્ન ૨૧૬ : એ કેસમાં ગુજરાત યુનિવર્સિટીએ શાની દાદ માંગેલી ?

ઉત્તર ૨૧૬ : આ કેસમાં યુનિવર્સિટીએ ગુજરાતની વડી અદાલતે આપેલ નિર્ણય અંગે ભારતની વડી અદાલતમાં જવાનું નક્કી કર્યું હતું.

પ્રશ્ન ૨૧૭ : અત્યાર સુધીમાં તે કેસ અંગે યુનિવર્સિટીએ કેટલો ખર્ચ કર્યો ?

ઉત્તર ૨૧૭ : યુનિવર્સિટીએ તા. ૩૧-૧-૧૯૮૩ સુધી રૂ. ૫૯,૭૨૬-૦૦ (અંકે રૂપિયા ઓગણસાઈઠ હજાર સાતસો છવ્વીસ પૂરા) ખર્ચ થયો છે.

પ્રશ્ન ૨૧૮ : તે કેસના નિકાલ માટે યુનિવર્સિટીએ અત્યાર સુધી કઈ કાર્યવાહી કરી ?

ઉત્તર ૨૧૮ : આ કેસના નિકાલ કરવા માટે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે.

પ્રશ્ન ૨૧૯ : તાજેતરમાં તે કેસનો નિકાલ થયો છે તે સમાચાર સાચા છે ?

ઉત્તર ૨૧૯ : ના, જી.

પ્રશ્ન ૨૨૦ : જો હા તો તે નિકાલ ક્યારે થયો ?

ઉત્તર ૨૨૦ : પ્રશ્ન નં. ૨૧૬ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૧ : તે નિકાલનો નિષ્કર્ષ શો છે ?

ઉત્તર ૨૨૧ : પ્રશ્ન નં. ૨૧૮નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૨૨ : હવે પછી યુનિવર્સિટી માસ પ્રમોશન કદી નહિ આપે તેવી બાંયધરી યુનિવર્સિટીએ આપી છે તે વાત સાચી છે ?

ઉત્તર ૨૨૨ : યુનિવર્સિટીએ કોઈ બાંયધરી આપવાની હોતી નથી.

પ્રશ્ન ૨૨૩ : ૧૯૮૩-૮૪ અને ૧૯૮૪-૮૫ના વર્ષોના પુનર્મૂલ્યાંકન માટે કેટલા વિદ્યાર્થીઓએ અરજી કરી ?

ઉત્તર ૨૨૩ : સને ૧૯૮૩ની પરીક્ષા માટે પુનર્મૂલ્યાંકન માટે ૯૨૯ વિદ્યાર્થીઓની અરજી આવી હતી.

સને ૧૯૮૪ની પરીક્ષા માટે પુનર્મૂલ્યાંકન માટે ૧૧૨૯ વિદ્યાર્થીઓની અરજી આવી હતી.

સને ૧૯૮૫ની પરીક્ષા માટે પુનર્મૂલ્યાંકનની પ્રથા સ્થગિત કરવામાં આવી હતી.

પ્રશ્ન ૨૨૪ : કેટલાના ગુણ બદલાવા ?

ઉત્તર ૨૨૪ : સને ૧૯૮૩ની પરીક્ષાઓમાં ૪૩ વિદ્યાર્થીઓના ગુણમાં ફેર પડ્યો હતો.

સને ૧૯૮૪ની પરીક્ષાઓમાં ૪૯ વિદ્યાર્થીઓના ગુણમાં ફેર પડ્યો હતો.

પ્રશ્ન ૨૨૫ : ૧૯૮૫-૮૬ના વર્ષમાં પુનર્મૂલ્યાંકનની યોજનાને શા માટે સ્થગિત કરી દીધી ?

ઉત્તર ૨૨૫ : ૧૯૮૫ના વર્ષમાં અનામત આંદોલનને કારણે ઊભા થયેલ વિલંબની પરિસ્થિતિ જોતાં પુનર્મૂલ્યાંકનની યોજના સ્થગિત કરવામાં આવી હતી.

પ્રશ્ન ૨૨૬ : સાયન્સ તથા કોમર્સમાં ઇલેક્ટ્રોનિક્સ તથા કોમ્પ્યુટર સાયન્સના નવા વિષયોને ગુજરાત યુનિવર્સિટીએ ક્યારે મંજૂરી આપી હતી ?

ઉત્તર ૨૨૬ : એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૬-૧૯૮૪ની સભામાં આ અભ્યાસક્રમો મંજૂર કરવામાં આવ્યા.

પ્રશ્ન ૨૨૭ : કેટલી કૉલેજોએ તે શરૂ કરવા મંજૂરી માગી હતી?

ઉત્તર ૨૨૭ : વિજ્ઞાન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓમાં કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે ૨૦ કૉલેજોએ તથા વિજ્ઞાનની કૉલેજોમાં ઇલેક્ટ્રોનિક્સ વિષય માટે ૬ કૉલેજોએ અરજીઓ કરી હતી.

પ્રશ્ન ૨૨૮ : અને કેટલી કૉલેજોને તે વિષયો શીખવવાની રજા અપાઈ હતી?

ઉત્તર ૨૨૮ : ૨૧ કૉલેજોને.

પ્રશ્ન ૨૨૯ : કોણે તે વર્ગો શરૂ કર્યા અને થોડા સમય પછીથી બંધ કર્યા?

અને

પ્રશ્ન ૨૩૦ : શા માટે?

ઉત્તર ૨૨૯ અને ૨૩૦ : તા. ૧૨—૩—૧૯૮૬ સુધીમાં ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે આ માટેના વર્ગો શરૂ કર્યા પછી બંધ કર્યા હોય તેવી એક પણ કૉલેજ જણાઈ નથી.

પ્રશ્ન ૨૩૧ : ગુજરાત સરકાર તરફથી નવી નિમણૂંકોની માન્યતા ન આપવા પાછળ કયાં કારણો અપાયાં?

ઉત્તર ૨૩૧ : રાજ્ય સરકારને આ બાબતમાં લખવામાં આવ્યું છે પરંતુ રાજ્ય સરકાર તરફથી હજુ સુધી જવાબ ઉપલબ્ધ થયો નથી.

પ્રશ્ન ૨૩૨ : ગુજરાત યુનિવર્સિટીએ આ પ્રશ્ન અંગે કઈ કઈ કાર્યવાહી કરી?

ઉત્તર ૨૩૨ : આ બાબતમાં રાજ્ય સરકારને વખતોવખત લખવામાં આવ્યું છે :

પ્રશ્ન ૨૩૩ : મનોવિજ્ઞાન ભવનમાં કોઈ અધ્યાપકની ગેરહાજરીમાં કેસેટ વડે તેમનાં પ્રવચનો પટાવાળા દ્વારા યોજાય છે તે સાચું છે:

ઉત્તર ૨૩૩ : ના, જી.

પ્રશ્ન ૨૩૪ : કેટલા વર્ષથી આ પ્રમાણે ચાલે છે?

અને

પ્રશ્ન ૨૩૫ : આવી પદ્ધતિને યુનિવર્સિટીએ સંમતિ આપી છે?

અને

પ્રશ્ન ૨૩૬ : એ અધ્યાપકનું નામ શું છે?

અને

પ્રશ્ન ૨૩૭ : એ અધ્યાપકની પ્રવચન કેસેટો ખરીદીને તેમને છૂટા કરવાથી યુનિવર્સિટીને આર્થિક લાભ ન થાય?

પ્રશ્ન ૨૩૮ : યુનિવર્સિટી તેમ કરવા વિચારે છે ખરી?

ઉત્તર ૨૩૪ થી ૨૩૮ : પ્રશ્ન ૨૩૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩૯ : કોમ્યુનિકેશન સેન્ટર અંગેની સમિતિઓ કોને કોને વી.સી આર. ઘરે વાપરવા અંગે ઠરાવ કર્યો હતો ?

ઉત્તર ૨૩૯ : કુલપતિશ્રી તથા કો-ઓર્ડિનેટરને ઘેર.

પ્રશ્ન ૨૪૦ : એ ઠરાવનો પાઠ આપશો.

ઉત્તર ૨૪૦ : It was decided that EMRC will provide one TV Monitor to the Vice-Chancellor and to the Co-ordinator at their residence to keep them with the transmission track. Related expenditure for the antana will be borne by the EMRC.

પ્રશ્ન ૨૪૧ : તથા તે સમયે કયા સભ્યો હાજર હતા તેમનાં નામ આપશો.

ઉત્તર ૨૪૧ : (1) Prof. K. S. Shastri-Chairman

(2) Shri K. C. Parikh

(3) Shri K. S. Karnik

(4) Shri B. S. Bhatian

(5) Shrt S. B. Vora

(6) Shri Dhiren Avashia.

પ્રશ્ન ૨૪૨ : આ વી. સી. આર. શું હજી પણ કુલપતિશ્રી શાસ્ત્રીને ઘરે તથા સેન્ટરના નિયામક શ્રી અવાશિયાને ઘેર જ છે ?

ઉત્તર ૨૪૨ : (૧) વી. સી. આર. માત્ર કુલપતિશ્રીને જ ત્યાં જ મોનીટરિંગ માટે રાખેલું છે.

(૨) શ્રી. અવાશિયાને ત્યાં વી. સી. આર. નથી.

પ્રશ્ન ૨૪૩ : તેની પાછળનો હેતુ કયો છે ?

ઉત્તર ૨૪૩ : પ્રશ્ન ક્રમાંક ૨૪૦ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૪ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી. કે. સ્કૂલ ઑફ મેનેજમેન્ટમાં પ્રવેશ પરીક્ષાની ગેરરીતિઓ અંગે શ્રી મિયાંભાઈ કમિશનની રચના કરી હતી તે હકીકત સાચી છે ?

ઉત્તર ૨૪૪ : બી. કે. સ્કૂલ ઑફ મેનેજમેન્ટમાં પ્રવેશ પરીક્ષાની ગેરરીતિઓ માટે નહીં પરંતુ એડમિશન ટેસ્ટ, ૧૯૮૫ માં થયેલ ભૂલ કે ભૂલો, તેમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અને ટેસ્ટના પરિણામની જાહેરાત અને અન્ય બાબત અંગે મિયાંભાઈ કમિશનની નિમણૂક કરવામાં આવી હતી.

પ્રશ્ન ૨૪૫ : જો હા, તો આ કમિશને ક્યારે અહેવાલ આપ્યો ?

અને

પ્રશ્ન ૨૪૬ : તેમાં શું ભલામણો કરવામાં આવી છે ?

અને

પ્રશ્ન ૨૪૭ : ત્યારબાદ શું પગલાં ભરવામાં આવ્યાં ?

ઉત્તર ૨૪૫ થી ૨૪૭ : ઉપર પ્રશ્ન નં. ૧૭૫ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૪૮ : યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને રંગીન ટી. વી. ખરીદવા માટે ગ્રાન્ટ આપવાની યોજના છે તે હકીકત સાચી છે ?

ઉત્તર ૨૪૮ : હા, જી.

પ્રશ્ન ૨૪૯ : જો હા, તો ૧૯૮૩–૮૪ અને ૧૯૮૪–૮૫માં કઈ કઈ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોએ આ યોજનાનો લાભ લીધો ?

ઉત્તર ૨૪૯ : આ યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ–૭/૮૩ (એમ.સી.) તા. ૪–૩–૧૯૮૫ થી અમલમાં આવેલી હોઈ ૧૯૮૩–૮૪ના વર્ષ દરમિયાન કઈ કઈ સંલગ્ન કૉલેજોએ આ યોજનાનો લાભ લીધો તે અંગેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૧૯૮૪–૮૫ના વર્ષ દરમિયાન કઈ કઈ સંલગ્ન કૉલેજોએ આ યોજનાનો લાભ લીધો તેની માહિતી નીચે મુજબ છે :

(૧) જે ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ

(૨) આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, ખોરસદ તથા

(૩) એમ. એન. કૉલેજ, વીસનગર.

(તેમના તા. ૪–૨–૧૯૮૬ના પત્ર મુજબ એક–બે સપ્તાહમાં રંગીન ટી વી ખરીદશે તેમ જણાવેલ છે.)

નીચે જણાવેલ કૉલેજોને રંગીન ટી.વી. ખરીદવા યુ.જી.સી. સાથે પત્રવ્યવહાર ચાલે છે:

(૧) આર. આર. લાલન કૉલેજ, ભુજ

(૨) આઈ. વી પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ

(૩) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર

(૪) કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ

(૫) એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ

(૬) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ

(૭) આર્ટ્સ. સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પિલવાઈ

(૮) એચ. એલ, કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૨૫૦ : યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓને કઈ કઈ યોજના હેઠળ ૧૯૮૩-૮૪ અને ૧૯૮૪-૮૫માં કેટલા રૂપિયા મળ્યા ?

ઉત્તર ૨૫૦ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	યોજના	વર્ષ ૧૯૮૩-૮૪	વર્ષ ૧૯૮૪-૮૫
		રૂ.	રૂ.
(૧)	બેઝિક આસિસ્ટન્સ	૧૦,૬૮,૮૫૦-૦૦	૫,૫૬,૮૫૦-૦૦
(૨)	ડેવલપમેન્ટ ઑફ અન્ડર-ગ્રેજ્યુએટ એજ્યુકેશન	૩૪,૬૫,૧૦૫-૦૦	૪૮,૮૧,૯૬૧-૫૦

પ્રશ્ન ૨૫૧ : આ યોજનાઓનો લાભ લઈ આ સંસ્થાઓએ કેટલા રૂપિયા ખર્ચ કરી પોતાની સંસ્થાનો વિકાસ કર્યો ?

ઉત્તર ૨૫૧ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧૧" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫૨ : સાતમી પંચવર્ષીય યોજનાના પહેલા વર્ષમાં ડેવલપમેન્ટ ઑફ અન્ડર ગ્રેજ્યુએટ એજ્યુકેશન અને બેઝિક આસિ. યોજના હેઠળ કઈ કઈ કૉલેજોને કેટલાં નાણાં ફાળવવામાં આવ્યા ?

ઉત્તર ૨૫૨ : સાતમી પંચવર્ષીય યોજનાના પહેલા વર્ષ દરમ્યાન "ડેવલપમેન્ટ ઑફ અન્ડર-ગ્રેજ્યુએટ એજ્યુકેશન"ની યોજના હેઠળ કૉલેજોને માટે આર્થિક સહાય અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન તરફથી આ કાર્યાલયને હજુ સુધી મળેલ નથી. સાતમી પંચવર્ષીય યોજનામાં "બેઝિક આસિસ્ટન્સની યોજના હેઠળ કૉલેજોને આર્થિક સહાય આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલ માર્ગદર્શક સિદ્ધાંતોના સંદર્ભમાં ૭૭ સંલગ્ન કૉલેજો તરફથી આર્થિક સહાય માટેના પ્રસ્તાવો આવેલા તે કમિશનને યુનિવર્સિટીની ભલામણ સાથે મંજૂરી માટે મોકલી આપવામાં આવ્યા છે અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

પ્રશ્ન ૨૫૩ : આ યોજનાઓ હેઠળ કઈ કઈ કૉલેજોએ કેટલી રકમની માગણી કરી હતી ?

ઉત્તર ૨૫૩ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૧૨" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫૪ : તે પૈકીની કઈ કઈ કૉલેજોની ના મંજૂર થઈ ?

ઉત્તર ૨૫૪ : તે તમામ પ્રસ્તાવોની મંજૂરી અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી હજુ જવાબ મળ્યો નથી.

પ્રશ્ન ૨૫૫ : અને તેનાં કારણો શું હતાં ?

ઉત્તર ૨૫૫ : પ્રશ્ન નં. ૨૫૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫૬ : ચાલુ વર્ષે લેવાનાર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની યુનિવર્સિટી પરીક્ષાઓમાં આંતરિક મૂલ્યાંકનના આધારે ગુણાંક મૂકવાનું મુલતવી રાખવામાં આવ્યું છે તે હકીકત સાચી છે ?

ઉત્તર ૨૫૬ : હા, જી.

પ્રશ્ન ૨૫૭ : જો ના, તો તેના કારણો શું છે ?

અને

પ્રશ્ન ૨૫૮ : આગામી પરીક્ષાઓ આ પદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવામાં વિચારણા કરવા માંગે છે ?

ઉત્તર ૨૫૭ અને ૨૫૮ : પ્રશ્ન નં. ૨૫૬નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૫૯ : ગુજરાત યુનિવર્સિટીએ ૧૯૮૩-૮૪ અને ૧૯૮૪-૮૫ વર્ષ દરમ્યાન શ્રમિક વિદ્યા કેન્દ્ર દ્વારા કેટલા મજૂર અને પછાત વિસ્તારોમાં કયા કયા પ્રોજેકટો હાથ ધર્યા હતા ?

ઉત્તર ૨૫૯ : સદરહુ માહિતી પરિશિષ્ટ "૧૩" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૨૬૦ : શ્રમિક વિદ્યા કેન્દ્રના નિયામકની જગ્યા કેટલા વખતથી ખાલી છે ?

ઉત્તર ૨૬૦ : તા. ૧-૭-૧૯૮૩થી નિયામકની જગ્યા ખાલી પડતા શ્રી. એ. જી. મુનશી માનાર્હ નિયામક તરીકે ફરજ બજાવે છે.

પ્રશ્ન ૨૬૧ : અને ન ભરવાનાં કારણો શું છે ?

ઉત્તર ૨૬૧ : લાયક ઉમેદવાર નહીં મળવાથી જગ્યા ભરવામાં આવેલ નથી.

પ્રશ્ન ૨૬૨ : ગુજરાત યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનોમાં ૧૯૮૩-૮૪ અને ૧૯૮૪-૮૫ના વર્ષમાં કેટલા અધ્યાપકોની નિમણૂકો થઈ ?

ઉત્તર ૨૬૨ : ૨૨ શિક્ષકોની (મેરિટ પ્રમોશન યોજના હેઠળ થયેલ નિમણૂકો સિવાયની) નવી નિમણૂકો થઈ છે.

પ્રશ્ન ૨૬૩ : આ નિમણૂકો સામે કેટલી વ્યક્તિઓ કોર્ટમાં ગઈ ?

ઉત્તર ૨૬૩ : એક.

પ્રશ્ન ૨૬૪ : એન. સી. બોડીવાલા કોમર્સ કોલેજમાં વ્યવસ્થાના અભાવરૂપે વિદ્યાર્થી નેતા અતુલ કપાસીએ કુલપતિશ્રીને જાણ કરતો પત્ર લખ્યો હતો તેના જવાબમાં યુનિવર્સિટી તરફથી કયાં પગલાં ભરાયાં છે ?

ઉત્તર ૨૬૪ : સદરહુ બાબત વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૨૬૫ : જો ન ભરાયાં હોય તો તેનાં કારણો કયાં ?

ઉત્તર ૨૬૫ : પ્રશ્ન ૨૬૨ નો ઉત્તર જોવા વિનંતી છે.

[૮] શ્રી વાડીલાલ બી. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૨૬૬ : સંલગ્ન એજ્યુકેશન કૉલેજોના કયા અધ્યાપકો અને કયા આચાર્યોએ ૧૯૮૪–૮૫ અને ૧૯૮૫–૮૬ના વર્ષો દરમ્યાન કયા સેમિનારો, વર્કશોપો, પેપર રીડિંગ પ્રોગ્રામો, તાલીમ શિબિરો આદિમાં હાજરી આપી હતી ? એ કાર્યક્રમો કઈ સંસ્થાઓ દ્વારા આયોજાયા હતા ?

ઉત્તર ૨૬૬ : શિક્ષણની સંલગ્ન કૉલેજોના આચાર્યોને માહિતી મોકલવા જણાવ્યું હતું પરંતુ તા. ૧૨–૩–૧૯૮૬ સુધીમાં આ અંગેની માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પ્રશ્ન ૨૬૭ : શિક્ષણની છેલ્લી પાંચ અભ્યાસસમિતિઓમાં કઈ કઈ વ્યક્તિઓને કો-ઑપ્ટ કરવામાં આવી હતી ?

અને

પ્રશ્ન ૨૬૮ : એ વ્યક્તિઓમાંથી કઈ વ્યક્તિઓ આચાર્યો અને કઈ વ્યક્તિઓ અધ્યાપકો હતી ?

ઉત્તર ૨૬૭ અને ૨૬૮ : ૧૯૮૩માં રચાયેલી શિક્ષણની અભ્યાસસમિતિ પર નીચેના સભ્યો કો-ઑપ્ટ થયા હતા :

૧. ડૉ. એચ. જે. શ્રીગોડ (કાર્યકારી આચાર્ય)
૨. શ્રી કૌશિક શેઠ (રીડર, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી)
૩. શ્રી ભાઈલાલભાઈ પટેલ (આચાર્ય, એમ. બી. કૉલેજ ઑફ એજ્યુકેશન, એસ. પી. યુનિવર્સિટી).

પ્રશ્ન ૨૬૯ : શિક્ષણની એકથી વધુ અભ્યાસસમિતિઓની રચનાનું કાર્ય શાથી વિલંબમાં મુકાય છે ?

ઉત્તર ૨૬૯ : શિક્ષણની વિદ્યાશાખા હેઠળ સ્ટે. ૧૦૮માં શિક્ષણની એક અભ્યાસસમિતિ સ્થપાઈ છે.

પ્રશ્ન ૨૭૦ : તે કાર્ય ક્યારે હાથ ધરવામાં આવશે ?

ઉત્તર ૨૭૦ : શિક્ષણ વિદ્યાશાખા હેઠળ એક કરતાં વધારે અભ્યાસસમિતિઓ સ્થાપવાની બાબત વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૨૭૧ : અત્યારે શિક્ષણની વિદ્યાશાખાના સભ્યો કોણ છે ?

અને

પ્રશ્ન ૨૭૨ : કઈ જગ્યાઓ શાથી ખાલી છે ?

ઉત્તર ૨૭૧ અને ૨૭૨ : શિક્ષણની વિદ્યાશાખાના સભ્યોનાં નામ નીચે મુજબ છે :

(૧) પ્રિ. જી. બી. પરીખ
(૨) પ્રિ. પી. એ. પટેલ
(૩) પ્રિ. વી. એ. પટેલ
(૪) શ્રી. એલ. આર. દેસાઈ
(૫) પ્રિ. લીલાબહેન કે. પટેલ
(૬) પ્રિ. એસ. એમ. શુક્લ

યુનિવર્સિટી વિદ્યાભવનમાં એજ્યુકેશનના પ્રોફેસરની નિમણૂક થયેથી એ વિદ્યાશાખાના સભ્ય બને છે તેમ જ શિક્ષણ વિદ્યાશાખા હેઠળ આવતી અભ્યાસસમિતિના વિદ્યાર્થી સભ્ય શિક્ષણની વિદ્યાશાખાના સભ્ય બને છે. આમ તે જગ્યાઓ ખાલી છે.

પ્રશ્ન ૨૭૩ : અધ્યાપકોની સીનિયોરિટીનાં ધોરણો નક્કી કરવા માટેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા નિયુક્ત સમિતિના સભ્યો કોણ છે ?

ઉત્તર ૨૭૩ : યુનિવર્સિટીના અધ્યાપકોની સીનિયોરિટીનાં ધોરણો નક્કી કરવા માટેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કોઈ સમિતિ નિયુક્ત કરેલ નથી.

પ્રશ્ન ૨૭૪ : આ સમિતિની સભાઓ ક્યારે ક્યારે મળી ?

અને

પ્રશ્ન ૨૭૫ : કાર્યમાં કેટલી ગતિ થઈ છે ?

ઉત્તર ૨૭૪ અને ૨૭૫ : પ્રશ્ન ૨૭૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૭૬ : પ્રા. નરહરિભાઈ પરીખ યુનિવર્સિટીઓની કઈ સમિતિઓમાં સભ્યપદે છે ?

ઉત્તર ૨૭૬ : શ્રી નરહરિભાઈ પરીખ નીચેની સભા સમિતિઓના સભ્ય છે :

(૧) યુનિવર્સિટી કોર્ટ
(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ
(૩) એકેડેમિક કાઉન્સિલ
(૪) વિનયન વિદ્યાશાખા
(૫) ફાઇનાન્સ સમિતિ
(૬) કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગેની સમિતિ.

પ્રશ્ન ૨૭૭ : તે પ્રત્યેક સમિતિની કેટલી સભાઓ મળી ?

અને

પ્રશ્ન ૨૭૮ : એ સભાઓમાં તેમની હાજરીની સંખ્યા કેટલી છે ?

ઉત્તર ૨૭૭ અને ૨૭૮ : પ્રશ્નમાં સમયગાળો દર્શાવ્યો નહીં હોવાથી તેમાં માગેલ માહિતી આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૨૭૯ : યુનિવર્સિટી હેન્ડબુકની ગુજરાતી આવૃત્તિનું કામ હાથ ધરવામાં આવ્યું છે ?

ઉત્તર ૨૭૯ : ના, જી.

પ્રશ્ન ૨૮૦ : જો "હા" તો ક્યાં સુધી પ્રગતિ થઈ છે ?

ઉત્તર ૨૮૦ : પ્રશ્ન ૨૭૯ નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૨૮૧ : જો "ના" તો ક્યારે હાથ ધરવામાં આવશે ?

ઉત્તર ૨૮૧ : કોઈ પ્રસ્તાવ હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨૮૨ : બી.એડ. પ્રવેશનું કેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે. પરંતુ પ્રવેશ આપવાની વિધિ કોલેજ કક્ષાએ થાય છે અને તેથી વિલંબ થાય છે આ વિલંબ નિવારવા અને કોલેજો પૂરી સંખ્યા સાથે સમયસર શરૂ થાય તે માટે સરકારી એન્જીનિયરિંગ અને મેડિકલ કોલેજોની જેમ એક જ સ્થળે પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં કયા અંતરાયો છે ?

ઉત્તર ૨૮૨ : પ્રસ્તાવમાં અભિપ્રેત છે તેવી વ્યવસ્થા કરવાથી વિલંબ ઘટશે એવી પ્રતિતિ થવી જરૂરી છે.

ઉપર જણાવેલ છ ઉમેદવારો પૈકી (૧) શ્રી. પ્રકાશચંદ્ર કિશોરીલાલ જૈન અને (૨) શ્રી. મિલીન્દ રણજિતરાય શાસ્ત્રીએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

૨. યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૬) અન્વયે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રધ્યાપકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :
(૧) ડૉ. સુરેશ ઘેલાભાઈ દેસાઈ
(૨) પ્રો. ધવલ મહેતા
(૩) પ્રો. અરુણ વૈદ્ય

૩. યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧) (૭) અન્વયે સંલગ્ન કૉલેજોના આચાર્યો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :
(૧) શ્રી. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ
(૨) શ્રી. મનુભાઈ દેવશંકર પંચોલી
(૩) શ્રી. કનુભાઈ ડાહ્યાભાઈ પટેલ
(૪) શ્રી. હરિશંકર પ્રભાશંકર પંડયા
(૫) શ્રી. વિશ્રામભાઈ રતનભાઈ રૂદાણી
(૬) શ્રી. નયનાબહેન કાંતિલાલ શાહ
(૭) શ્રી. નવનીતલાલ રતિલાલ શાહ
(૮) શ્રી. દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ
(૯) શ્રી. રજનીકાંત એચ. વ્યાસ.

ઉપર જણાવેલ નવ ઉમેદવારો પૈકી શ્રી. રજનીકાંત એચ. વ્યાસે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

૪. યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૮) અન્વયે યુનિવર્સિટી પ્રાધ્યાપક સિવાયના યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

(૧) શ્રી. અરવિંદભાઈ રણછોડલાલ શાહ

(૨) શ્રી. જગદીશ વ્યાસ.

૫. યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૯) અન્વયે આચાર્યો સિવાયના સંલગ્ન કૉલેજોના શિક્ષકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

(૧) શ્રી. અવતારસિંગ અર્જુનસિંગ અહલુવાલિયા

(૨) શ્રી. મનોજકુમાર ભાનુપ્રસાદ દેસાઈ

(૩) શ્રી. કૃષ્ણલાલ શિવલાલ ગાંધી

(૪) ડૉ. રમણલાલ બી. પટેલ

(૫) ડૉ. રણછોડલાલ કરશનદાસ પટેલ

(૬) શ્રી. શંકરભાઈ ઈશ્વરભાઈ પટેલ

(૭) શ્રી. તુષાર ચૈતન્ય પંડયા

(૮) શ્રી. જશવંતભાઈ હરિભાઈ ઠક્કર

(૯) શ્રી. કે. એસ. શાસ્ત્રી

(૧૦) શ્રી. ધીરજલાલ નારણજી ત્રિવેદી.

ઉપર જણાવેલ દસ ઉમેદવારો પૈકી નીચેના ત્રણ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી ;

(૧) ડૉ. રમણલાલ બી. પટેલ

(૨) શ્રી. જશવંતભાઈ હરિભાઈ ઠક્કર

(૩) શ્રી. ધીરજલાલ નારણજી ત્રિવેદી.

૬. યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૧૨) અન્વયે સંલગ્ન કૉલેજોના સંચાલકમંડળોના પ્રતિનિધિઓ હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

(૧) શ્રી. બટુકચંદ્ર કુંજબિહારી શાહ

(૨) શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ.

(નોંધ.—આ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૩–૩–૧૯૮૯ના પરિપત્રાંક ઍકેડેમિક/૬૪૩૬૫/૧૯૮૯થી મોકલવામાં આવેલ નોટિસમાં જાણ કરવામાં આવી હતી.)

સદરહુ ચૂંટણી Proportional representation by means of a single transferable vote (એકડા, બગડા, ઈત્યાદિ)ની પદ્ધતિથી તા. ૩૦–૩–૧૯૮૯ના રોજ બપોરના ૧–૧૫ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ યુનિવર્સિટી કોર્ટની સભામાં કરવામાં આવી હતી અને તે અંગેની સૂચનાઓ મતદાનપત્રમાં જણાવવામાં આવી હતી. મતદાનનો સમય તા. ૩૦–૩–૧૯૮૯ના રોજ બપોરના ૧–૩૦ થી ૪–૩૦ કલાક સુધીનો જાહેર કરવામાં આવ્યો હતો અને તે પ્રમાણે મતદાન માટે મતદાનપેટી તા. ૩૦-૩-૧૯૮૯ના રોજ બપોરના ૧–૩૦ થી ૪–૩૦ કલાક સુધી ખુલ્લી રાખવામાં આવી હતી. આ સમય પછી આવનાર મતદારને મતપત્ર મળી શકશે નહીં તેમ જણાવવામાં આવ્યું હતું.

(નોંધ.—ઉપર બાબત નં. ૨માં જણાવેલ ચૂંટણીઓ માટે મતદાનનો સમય બપોરના ૧–૩૦ થી ૪–૩૦ વાગ્યા સુધીનો હોવાથી સભાગૃહનું બાકીનું કામકાજ ૪–૩૦ વાગ્યે શરૂ થશે તેમ જાહેર કરવામાં આવ્યું હતું.)

ચૂંટણી અંગેનો મતદાનનો સમય પૂરો થતાં સાંજના ૫–૦૦ વાગ્યા સુધી સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) ન થતાં પ્રમુખશ્રીએ સભાનું કામકાજ તે દિવસ માટે બંધ રાખવામાં આવેલ છે તેમ જાહેર કર્યું હતું.

તે પછી શુક્રવાર, તા. ૩૧–૩–૧૯૮૯ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભા ફરી મળી અને બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું. ગુરુવાર, તા. ૩૦–૪–૧૯૮૯ના રોજ કરવામાં આવેલ ચૂંટણી અંગે ચકાસણીદારોના હેવાલ મુજબ પ્રમુખશ્રીએ નીચેના ઉમેદવારો ચૂંટાયેલા જાહેર કર્યા હતા :–

૧. શિક્ષકો ન હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યોની ત્રણ જગ્યા પર :
   (૧) શ્રી. સુધીર ઇન્દ્રવદન નાણાવટી
   (૨) શ્રી. નરહરિ હીરાલાલ અમીન
   (૩) શ્રી. હરેન વી. પંડ્યા

૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રાધ્યાપકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યોની બે જગ્યા પર :
   (૧) પ્રો. ધવલ મહેતા
   (૨) ડૉ. સુરેશ ઘેલાભાઈ દેસાઈ

૩. સંલગ્ન કૉલેજોના આચાર્યો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યોની ત્રણ જગ્યા પર :
   (૧) શ્રી. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ
   (૨) શ્રી. હરિશંકર પ્રભાશંકર પંડ્યા
   (૩) શ્રી. દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ

૪. યુનિવર્સિટી પ્રાધ્યાપકો સિવાયના યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યોની એક જગ્યા પર :
   શ્રી. અરવિંદભાઈ રણછોડલાલ શાહ.

૫. આચાર્યો સિવાયના સંલગ્ન કૉલેજોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યોની ત્રણ જગ્યા પર :
   (૧) શ્રી. કે. એસ. શાસ્ત્રી
   (૨) ડૉ. રણછોડલાલ કરશનદાસ પટેલ
   (૩) શ્રી. અવતારસિંગ અર્જુનસિંગ અહલુવાલિયા.

૬. સંલગ્ન કૉલેજોનાં સંચાલક મંડળોના પ્રતિનિધિઓ હોય તેવા કોર્ટના સભ્યોની એક જગ્યા પર :
   શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ.

તે પછી બાબત ક્રમાંક ૨(અ) પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં પ્રશ્ન ક્રમાંક ૧ થી ૫૧ સુધીનું કામકાજ હાથ ધરી શકાયું હતું, જે નીચે પ્રમાણે છે :

[૧] અરવિંદભાઈ શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : વિદ્યાર્થીઓના સંલગ્ન કૉલેજોમાં પ્રવેશ માટે અનામત/બિનઅનામત અંગેના ઑર્ડિ. ૧૨૦-બીનું પાલન પ્રત્યેક કૉલેજે કરવું આવશ્યક છે?

ઉત્તર ૧ : હા. જી.

પ્રશ્ન ૨ જો 'હા', તો યુનિવર્સિટી બી.એડ. એકમે પણ આ ઑર્ડિનન્સનું પાલન કરવું પડે?

ઉત્તર ૨ : હા, જી.

પ્રશ્ન ૩ : છેલ્લા ત્રણ વર્ષના બી.એડ. પ્રવેશમાં ઑર્ડિ. ૧૨૦બી. અને બી.એડ. પ્રવેશ એકમે નક્કી કરેલા નિયમો મુજબ પ્રત્યેક કૉલેજમાં પ્રવેશ આપવામાં આવ્યો છે?

ઉત્તર ૩ : હા, જી.

પ્રશ્ન ૪ : છેલ્લાં ત્રણ વર્ષમાં બી.એડ. પ્રવેશમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોના ઉલ્લંઘન થયા અંગેની રજૂઆત કરતા કોઈ પત્રો કર્મચારી સંઘ તરફથી કાર્યકારી કુલપતિશ્રીને મળ્યા છે?

ઉત્તર ૪ : હા, જી.

પ્રશ્ન ૫ : તે પત્રો ઉપર તેમણે શું પગલાં લીધાં હતાં?

ઉત્તર ૫ : પ્રવેશ સમિતિને સદરહુ પત્રો મોકલી આપવામાં આવ્યા હતા અને ઘટતી કાર્યવાહી કરી હતી.

પ્રશ્ન ૬ : કૉલેજોમાં પ્રવેશની અનામતની ટકાવારી અંગે ઑર્ડિ. ૧૨૦બી સિવાય અન્ય કોઈ નિયમ છે?

ઉત્તર ૬ : ના, જી.

પ્રશ્ન ૭ : જો 'ના', તો બી.એડ. પ્રવેશ એકમ આ ઑર્ડિ.ની ઉપરવટ જઈને પ્રવેશ નિયમો ઘડી શકે?

ઉત્તર ૭ : ના, જી. પ્રવેશ અંગેનાં ધારાધોરણો યુનિવર્સિટીએ ઘડવાના હોય છે.

પ્રશ્ન ૮ : બી.એડ. પ્રવેશ એકમના છેલ્લા ત્રણ વર્ષના પ્રવેશમાં અનામત/બિનઅનામત ભેદભાવ પાડવામાં આવ્યા છે?

ઉત્તર ૮ : ઑર્ડિ. ૧૨૦-બી અન્વયે અનામતની ટકાવારી નિયત થયેલી છે.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ ટકાવારી કયા પ્રકારની છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ઑર્ડિ. ૧૨૦-બી જુઓ.

યુનિવર્સિટીના નિયમ પ્રમાણે તે ટકાવારી નિયત થયેલી છે તે જ છે.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૯૮૮-૮૯માં આપણે કોઈ નિયમમાં ફેરફાર કર્યો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આવા પૂરક પ્રશ્ન અંગે નોટિસ આપવી જરૂરી છે. કેટલાક પ્રશ્નો એવા હોય છે કે જેના જવાબો તાત્કાલિક મળે નહિ. It needs some time. જેણે પ્રશ્ન પૂછ્યો છે તેને પરિપત્રિત કરીશું.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મારે સાદો પ્રશ્ન પૂછવો હોય તો તેમાં નોટિસની જરૂર ખરી?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પૂરક પ્રશ્ન છે, તે તેમ પૂછો છો ત્યારે કુલપતિશ્રી પાસે જવાબ આપવા માહિતી તૈયાર ન હોય. તમે પ્રશ્નોત્તરી જોશો તો જણાશે કે જેટલા બને તેટલા સવાલોના જવાબ આપવાનો અમે પ્રયત્ન કરેલો છે.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ જગ્યાએ એવો નિયમ છે કે, પૂરક પ્રશ્નમાં નોટિસ આપવી જરૂરી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : પૂરક પ્રશ્નમાં જ્યાં જરૂર જણાય ત્યાં નોટિસ આપવી જરૂરી છે.

પ્રિ. આર. એચ. વ્યાસે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

છેલ્લાં ચાર વર્ષ દરમિયાન આપણે તે નિયમ પ્રમાણે પ્રવેશ આપ્યા છે? અને ટકાવારીને વળગી રહ્યા છીએ?

કુલપતિશ્રીનો ઉત્તર : ૧૯૮૯–૯૦માં સુધારા કરવામાં આવ્યા છે. નવી કમિટી બનાવી તેણે સુધારા કર્યા છે.

પ્રિ. આર. એચ. વ્યાસે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

૧૯૮૮–૮૯માં જે ફેરફાર થાય છે તે તો ૧૨૦-બી પ્રમાણે છે ને?

કુલપતિશ્રીનો ઉત્તર : ટકાવારીનું ધોરણ ઑર્ડિ. ૧૨૦-બી પ્રમાણે નક્કી કરેલું છે અને તેમાં કોઈ ફેરફાર નથી. ટકાવારીમાં ફેરફાર નથી, નિયમોમાં ફેરફાર છે.

પ્રશ્ન ૯ : બી.એડ. પ્રવેશ અરજીપત્રકમાં જણાવેલ પ્રવેશ અંગેની ટકાવારી તમામ પ્રવેશાર્થીને લાગુ પડે છે?

ઉત્તર ૯ : પ્રશ્ન સંદિગ્ધ હોઈ ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૦ : પ્રવેશ એકમે નક્કી કરેલ નિયમો અને ઑર્ડિ. ૧૨૦બીમાં દર્શાવેલ ટકાવારી મુજબ છેલ્લાં ત્રણ વર્ષમાં આપવામાં આવેલ પ્રવેશાર્થીઓની યાદી આપવા વિનંતી છે.

ઉત્તર ૧૦ : પ્રશ્નનો વ્યાપ જોતાં સ્ટે. ૩૧ (૫)(૨) *i*)(જી) પ્રમાણે માહિતી આપવાનું શક્ય નથી. તો ક્ષમા કરશો.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અમને માહિતી કેમ આપવામાં નથી આવી?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રશ્નનો વ્યાપ જોતાં સ્ટે. ૩૧(૫)(૨)(*i*)(જી) પ્રમાણે માહિતી આપવાનું શક્ય નથી.

પ્રશ્ન ૧૧ : છેલ્લાં ત્રણ વર્ષના અપાયેલ બી.એડ. પ્રવેશ અંગે અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની, રાજ્ય બહારના વિદ્યાર્થીઓની, જિલ્લા બહારના વિદ્યાર્થીઓની ટકાવારી આપવા વિનંતી છે.

ઉત્તર ૧૧ પ્રશ્નનો વ્યાપ જોતાં સ્ટે. ૩૧ (૫)(૨) *i*)(જી) પ્રમાણે માહિતી આપવાનું શક્ય નથી, તો ક્ષમા કરશો.

શ્રી. જશવંત ઠક્કરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સ્ટેચ્યૂટ પ્રમાણે માહિતી આપી શકાય નહિ તેવો નિર્ણય કોણ લે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : કુલપતિશ્રી નિર્ણય લે છે.

શ્રી. જશવંત ઠક્કરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એસ. એલ. યુ. કૉલેજને ત્રણ પત્રો લખ્યા છતાં માહિતી આપતી નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : નિયમ પ્રમાણે માહિતી આપવાનું શકય નથી તો કૉલેજ કેવી રીતે જણાવી શકે? કૉલેજ જવાબ ન મોકલે તો માણસ મોકલીએ છીએ. આ જ કૉલેજ માહિતી આપતી નથી તેવું નથી. ઘણી કૉલેજો જવાબ નથી આપતી હોતી. અમે આચાર્યને પત્ર પાઠવ્યો છે. સ્ટેચ્યૂટનો આધાર લઈ કૉલેજે જવાબ આપવાનું ટાળ્યું છે, ત્યાં પત્રથી આચાર્યશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે કે આ અધિકાર સ્ટેચ્યૂટથી કુલપતિશ્રીનો છે.

શ્રી. જશવંત ઠક્કરે નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે જવાબો આપ્યા છે તે ખોટા છે, તે બીજા સભ્યો કેવી રીતે જાણે?

કુલપતિશ્રીનો ઉત્તર : કેટલીક ફરિયાદો બાબતે આ કૉલેજ માટે તપાસ સમિતિ નીમી છે અને તેને આ સવાલો આપ્યા છે અને તપાસી જવા જણાવ્યું છે.

પ્રશ્ન ૧૨ : અનામત ટકાવારીમાં ઉપરોકત પ્રશ્નાંક ૧૧ મુજબ ટકાવારીના લાભો અપાયા છે? જો 'ના', તો ઉપરોકત પ્રશ્નાંક ૧૧માં જણાવેલ વિસ્તારના અનામત વિદ્યાર્થીઓને થયેલ અન્યાય અંગે કોણ જવાબદાર?

ઉત્તર ૧૨ : પ્રશ્ન ૧૦ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : બી.એડ. પ્રવેશમાં રાજ્યની અન્ય યુનિવર્સિટીના ૧૦ ટકા વિદ્યાર્થીઓને કૉલેજ પ્રવેશ આપવાનો નિયમ છે? છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રત્યેક કૉલેજમાં આ નિયમનો અમલ થયો છે?

ઉત્તર ૧૩ : પ્રશ્નનો વ્યાપ જોતાં સ્ટે. ૩૧ (૧) (૫) (૬) પ્રમાણે માહિતી આપી શકાય તેમ નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૪ : જો 'ના', તો આ નિયમ ભંગ કરનાર સામે કોઈ પગલાં લેવામાં આવશે?

ઉત્તર ૧૪ : પ્રશ્ન ૧૩ નો ઉત્તર જોતાં પ્રશ્ન ટકતો નથી.

પ્રશ્ન ૧૫ : રાજ્યની અન્ય યુનિવર્સિટીના ૧૦ ટકા ઉપરાંત પ્રવેશ અપાયો હોય તેવી કૉલેજોની સંખ્યા સાથેની યાદી આપવા વિનંતી છે.

ઉત્તર ૧૫ : તે સમયે પ્રવર્તમાન પ્રવેશ અંગેનાં ધારાધોરણ અન્વયે જે જગ્યાઓ બિનઅનામત કેટેગરીમાંથી ભરવાની છે તે પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો રાજ્યની અન્ય યુનિવર્સિટીના પ્રવેશાર્થીમાંથી ભરવાની હોય છે. આથી જ્યાં આ સંખ્યા નિયત સંખ્યાથી વધુ જણાઈ છે. તેવી કૉલેજોની સંખ્યાવાર માહિતી માટે પરિશિષ્ટ "૧"માં જોવા વિનંતી છે.

એક સભ્યશ્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પરિશિષ્ટમાં ૧૯૮૮—૮૯ના આંકડા આપેલા નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : નિયમ પ્રમાણે તપાસ સમિતિનો રિપોર્ટ તમને મળશે.

પ્રશ્ન ૧૬ : ટકાવારીના ભંગથી ગુજરાત યુનિવર્સિટીના ઉજ્જવળ કારકિર્દી ધરાવતા સ્નાતક/અનુસ્નાતક વિદ્યાર્થીઓને પણ પ્રવેશથી વંચિત રહેવું પડયું તે વાત સાચી છે?

ઉત્તર ૧૬ : નિયમ ભંગ ન થાય તે માટે યુનિવર્સિટી તરફથી પૂરતી કાળજી લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૭ : (૧) બી.એડ. પ્રવેશમાં ગેરરીતિઓની ઘેરી શંકા વ્યકત કરતા કર્મચારી સંઘના તારીખ ૧૫-૯-૧૯૮૭, તા. ૨૯-૯-૧૯૮૭, તા. ૩-૧૧-૧૯૮૭ અને તા. ૧-૧૨-૧૯૮૭ના પત્રો ઉપર યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી છે? (૨) આ પત્રોની નકલ આપવા વિનંતી.

ઉત્તર ૧૭ : (૧) હા, જી.

(૨) સદરહુ પત્રોની નકલ પરિશિષ્ટ "૨" તરીકે સામેલ છે.

શ્રી. મધુસૂદન બુટાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

નિયમ ભંગ ન થાય તે માટે કાળજી લેવામાં આવી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : તે માટે પૂરતી કાળજી લેવાય છે.

શ્રી. મધુસૂદન બુટાલાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

મેં આ બાબતમાં પાંચ પત્રો લખેલા અને ફરિયાદની નકલ પણ આપેલી છે છતાં આપે જવાબ નથી આપ્યો.

કુલપતિશ્રીનો ઉત્તર : કાળજી લેવાઈ છે અને તપાસ પૂરી થયા પછી પગલાં લેવાય જે હજુ કાર્યવાહી હેઠળ છે.

પ્રશ્ન ૧૮ : (૧) તા. ૨૮—૯—૧૯૮૭ના રોજ એસ. યુ. જી. કૉલેજ ઑફ એજ્યુકેશનના આચાર્યશ્રી સ્વ. પ્રિ. ઘનશ્યામભાઈ પરીખે યુનિવર્સિટીને કોઈ પત્ર લખ્યો હતો?

(૨) તેની નકલ એપેન્ડિકસ તરીકે આપવા વિનંતી છે.

ઉત્તર ૧૮ : (૧) હા, જી.

(૨) સદરહુ નકલ સભા સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવશે.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રિ. ઘનશ્યામભાઈ પરીખનો પત્ર સભાગૃહને વાંચી બતાવવામાં આવશે?

કુલપતિશ્રીનો ઉત્તર : સભાગૃહના ટેબલ પર તે મૂકવામાં આવ્યો છે તે આપ વાંચી શકો છો.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એનો અર્થ શું સાહેબ?

કુલપતિશ્રીનો ઉત્તર : બધા કાગળો વાંચી બતાવાય એવા ન હોય.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ પત્ર સભ્યોને પરિપત્રિત કર્યો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ના જી.

શ્રી. મધુસૂદન બુટાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

બીજા પત્રો છાપ્યા છે? આમાં તો કશું નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : તે આપનો અભિપ્રાય છે.

શ્રી. મધુસૂદન બુટાલાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આચાર્યશ્રી ઘનશ્યામભાઈને બી.એડ. સેલ સાથે સંબંધ હતો?

કુલપતિશ્રીનો ઉત્તર : તેઓ પ્રવેશ સેલ-સમિતિના કન્વીનર હતા.

શ્રી. મધુસૂદન બુટાલાએ નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એક જ વ્યક્તિ બે પ્રકારના રિપોર્ટ આપે તો શું થાય?

કુલપતિશ્રીનો ઉત્તર : એક પણ નહીં સ્વીકારવો જોઈએ.

પ્રશ્ન ૧૯ : (૧) તા. ૬–૧૦–૧૯૮૭ના રોજ પ્રો. એ. ટી. અજમેરાએ યુનિવર્સિટીને પત્ર લખ્યો હતો?

(૨) તેની નકલ એપેન્ડિકસ તરીકે આપવા વિનંતી.

ઉત્તર ૧૯ : (૧) હા, જી.

(૨) સદરહુ નકલ સભા-સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૨૦ : (૧) સ્વ. પ્રિ. પરીખ સાહેબ, પ્રો. એ. ટી. અજમેરા તથા અન્ય શૈક્ષણિક વર્તુળોના પત્રો જો ઉપલબ્ધ થયા હોય તો તે સહિત આવેલ પત્રો ઉપર યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી?

(૨) આદરણીય વ્યક્તિઓના પત્રો પ્રત્યે પણ ધ્યાન ન આપવા પાછળ કોઈ ખાસ કારણો ખરાં ?

ઉત્તર ૨૦ : (૧) સદરહુ પત્રોની જરૂરી નોંધ લેવામાં આવી છે.

(૨) ઉપર પ્રશ્ન ૨૦ (૧) ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૧ : કૉલેજો બી.એડ. પ્રવેશમાં અનિયમિત હતી તેવી શંકાના આધારે બી.એડ. પ્રવેશ યુનિવર્સિટી હસ્તક લેવામાં આવ્યો. યુનિવર્સિટીએ છેલ્લાં ત્રણ વર્ષમાં આપેલ પ્રવેશની અણીશુદ્ધતા સાબિત કરવા માટે તપાસ પંચ નિયુકત કરવામાં આવશે?

ઉત્તર ૨૧ : જેરરીતિ થયાનું સ્પષ્ટ જણાશે તો તે અંગે ઘટતી કાર્યવાહી જરૂર કરવામાં આવશે.

પ્રશ્ન ૨૨ : છેલ્લાં ત્રણ વર્ષના ગાળામાં બી.એડ. પ્રવેશ એકમે ઉપાડેલ ઍડવાન્સ રકમોના હિસાબો કઈ વ્યકિત રાખતી હતી?

ઉત્તર ૨૨ : તે સમયે પ્રવેશ એકમનું કામ શ્રી. એચ. પી. ચૌહાણ સંભાળતા હતા, ચાલુ વર્ષે આ કામ પ્રવેશ એકમના સંવાહક આચાર્યશ્રી એસ. એમ. શુકલ સંભાળે છે.

પ્રશ્ન ૨૩ : (૧) પ્રવેશ એકમમાં છેલ્લાં ત્રણ વર્ષમાં રોકાયેલા શિક્ષક/બિનશિક્ષક કર્મચારીના મહેનતાણાનાં તથા ભથ્થાંનાં નાણાં ચૂકવાઈ ગયેલ છે?
(૨) બાકી હોય તેમની યાદી આપશો.

ઉત્તર ૨૩ : (૧) હા, જી.
(૨) આવી એક ફરિયાદ આવી છે. તે અંગે માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.

પ્રશ્ન ૨૪ : છેલ્લાં ત્રણ વર્ષમાં ઉપાડેલ ઍડવાન્સનાં નાણાંનો હિસાબ યુનિવર્સિટીને મળી ગયેલ છે? ન મળ્યો હોય તો તે અંગે શી કાર્યવાહી કરી?

ઉત્તર ૨૪ : છેલ્લા ત્રણ વર્ષના હિસાબો (ઍડવાન્સ)ના જે તે વિભાગ-કૉલેજ તરફથી આવતા જ હોય છે. જેમના હિસાબો આવ્યા ન હોય તેમને તે મોકલી આપવા તાકીદ કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૫ : (૧) બી.એડ. પ્રવેશ એકમ કાયમી ધોરણે કામ કરે છે કે હંગામી ધોરણે?
(૨) જો હંગામી ધોરણે પ્રવેશ એકમ ખોલવામાં આવતું હોય તો એકમ બંધ થયા પછી પ્રવેશ અંગેનું તમામ સાહિત્ય અને રેકર્ડ યુનિવર્સિટીને સુપરત કરવામાં આવે છે?

ઉત્તર ૨૫ : (૧) હંગામી ધોરણે (૨) વર્ષોવર્ષ તેવું કરવું જરૂરી જણાયું નથી.

પ્રશ્ન ૨૬ : જો 'ના', તો આ સાહિત્ય છેલ્લાં ત્રણ વર્ષમાં કોની પાસે રહ્યું?

ઉત્તર ૨૬ : બી એડ પ્રવેશ એકમના કાર્યાલય પાસે.

પ્રશ્ન ૨૭ : બી.એડ. પ્રવેશ એકમની ઑફિસનાં તાળાં છેલ્લાં ત્રણ વર્ષમાં કયા કયા વર્ષમાં તૂટ્યાં છે તેની કોઈ માહિતી યુનિવર્સિટી સિકયોરિટી વિભાગમાં છે?

ઉત્તર ૨૭ : તે કાર્યાલય જ્યાં બેસે છે તે મકાનનું તાળું તા. ૮–૪–૧૯૮૭ ના રોજ તૂટેલું માલૂમ પડ્યું હતું જેની ફરિયાદ સિકયોરિટી વિભાગને કરી હતી.

પ્રશ્ન ૨૮ : (૧) આ વર્ષો દરમિયાન પ્રવેશ એકમની ચાવીઓ કોની પાસે રહેતી હતી?
(૨) તાળાં તૂટવાની ફરિયાદ પોલીસમાં નોંધાવી હતી?

ઉત્તર ૨૮ : (૧) પ્રવેશ એકમની જે કાર્યવાહી સંભાળતા હતા તેમની પાસે.
(૨) હા, જી.

પ્રશ્ન ૨૯ : પ્રો-વાઇસ-ચાન્સેલર શ્રી. બી. ટી. દેસાઈને યુનિવર્સિટીના સત્તાવાર કામકાજ માટે તેમના નિવાસસ્થાને આપેલ ટેલિફોનનાં છેલ્લાં ૩ વર્ષમાં આવેલ બિલોની રકમો જણાવવા વિનંતી છે. (દર બે માસે કેટલી, તે રીતે માહિતી આપવી.)

ઉત્તર ૨૯ : પ્રો. વાઇસ-ચાન્સેલરના હોદ્દાની રૂએ રાજ્ય સરકારશ્રીના જાહેરનામા તા. ૭–૬–૧૯૮૨ અન્વયે ટેલિફોનની સગવડ આપવામાં આવી છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં ટેલિફોન બિલોની ચૂકવેલ રકમ દર્શાવતું પત્રક પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે.

પ્રશ્ન ૩૦ : પ્રો-વાઈસ-ચાન્સેલર શ્રી. દેસાઈએ યુનિવર્સિટીના ખર્ચે અને જોખમે સદર ઘરના ટેલિફોન ઉપરથી પરદેશ એટલે કે આફ્રિકા અંગત તેમના સંબંધીને ટ્રંકકોલ કરેલ હતો તેનું યુનિવર્સિટીએ તેની તિજોરીમાંથી કેટલું બિલ ચૂકવ્યું હતું? આ રકમ પાછળથી તેમણે હજુ સુધી ભરપાઈ કરી છે?

ઉત્તર ૩૦ : પ્રો-વાઈસ-ચાન્સેલર શ્રી. દેસાઈએ આફ્રિકા અંગત કામ માટે ટ્રંકકોલ કરેલ. તે અંગેનું રૂ. ૧૧૨૯નું પેમેન્ટ યુનિવર્સિટીને રસીદ નં. ૩૫૮૧થી તા. ૫–૮–૧૯૮૭ના રોજ જમા કરાવેલ છે.

પ્રશ્ન ૩૧ : પ્રો-વાઈસ-ચાન્સેલર શ્રી. દેસાઈ તેમના યુનિવર્સિટીના રહેઠાણે રહેવા આવ્યા ત્યાર બાદ યુનિવર્સિટીના ખર્ચે અને જોખમે મકાનની મરામત પાછળ, રંગરોગાન પાછળ, કંપાઉન્ડ લેવલિંગ પાછળ, બગીચા પાછળ એક બાથરૂમમાં એક ગીઝર હોવા છતાં બીજા બાથરૂમમાં નવું ગીઝર મુકાવવા પાછળ અત્યાર સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? આ ખર્ચની મંજૂરી ફાઈનાન્સ સમિતિ પાસે લેવામાં આવી હતી?

ઉત્તર ૩૧ : રાજ્ય સરકારના જાહેરનામા તા. ૭–૬–૧૯૮૨ મુજબ યુનિવર્સિટીએ રાચરચીલા સહિત મકાન પ્રો-વાઈસ-ચાન્સેલરશ્રીને ફાળવેલ છે અને તેમના મોભાને અનુરૂપ તેમ જ યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ રહેઠાણ પાછળ ખર્ચ સત્તાધિકારીની મંજૂરીથી કરવામાં આવ્યો છે. પ્રશ્નોનો વ્યાપ જોતાં ખર્ચની માહિતી આપી શકાય તેમ નથી.

પ્રશ્ન ૩૨ : યુનિવર્સિટીના હિસાબ વિભાગ તા. ૧૨–૧૦–૧૯૮૮ના રોજ બી.એડ. પ્રવેશ એકમને કોઈ પત્ર પાઠવી અગાઉ લીધેલ ઍડવાન્સ રકમોનો વિગતવાર ખર્ચ મોકલવા માગણી કરી હતી તે વાત સાચી છે?

ઉત્તર ૩૨ : ના, જી.

પ્રશ્ન ૩૩ : તેમાં જણાવેલ વાંધાઓ અને પૂર્તિ જો કરી હોય તો તેની પૂરેપૂરી વિગતો આપવા વિનંતી.

ઉત્તર ૩૩ : પ્રશ્ન ૩૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૪ : તેમાં જણાવેલ એક વાંધો એમ દર્શાવે છે કે ૧૯૮૪માં લીધેલ ઍડવાન્સ રકમ રૂ. ૧૭,૦૦૦નો હિસાબ ક્યારે યુનિવર્સિટીને મોકલ્યો? તે વાત સાચી છે?

ઉત્તર ૩૪ : પ્રશ્ન ૩૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૫ : યુનિવર્સિટીના હિસાબ વિભાગ તરફથી આ રકમનો હિસાબ દિવસ ૩માં આપવાનું જણાવવાનું 'સેલ'ને જણાવવામાં આવ્યું હતું તે વાત સાચી છે?

ઉત્તર ૩૫ : પ્રશ્ન ૩૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૬ : જો સાચી હોય તો યુનિવર્સિટીએ આ બાબતમાં આગળ શું પગલાં લીધાં? અને કઈ તારીખે?

ઉત્તર ૩૬ : પ્રશ્ન ૩૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૭ : અને 'ના' લીધાં હોય તો શાથી ન લીધાં?

ઉત્તર ૩૭ : પ્રશ્ન ૩૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૮ : આવી કોઈ રકમ જો યુનિવર્સિટીના કોઈ સ્ટાફને યુનિવર્સિટીના કામે ઍડવાન્સ તરીકે આપી હોય અને પરત ન થઈ તો યુનિવર્સિટી તે કર્મચારી સામે કાંઈ પગલાં લે છે?

ઉત્તર ૩૮ : હા, જી.

પ્રશ્ન ૩૯ : બી.એડ. પ્રવેશ એકમમાં કામ કરનાર શિક્ષક અને બિનશિક્ષક સ્ટાફ પાસે મળેલ મહેનતાણાની રકમ ચૂકવ્યા વગરની સ્ટેમ્પ રસીદ ઉપર અગાઉથી કોરા વાઉચર ઉપર સહીઓ લઈને હિસાબોનું ઍડજસ્ટમેન્ટ થાય છે તે વાત સાચી છે?

ઉત્તર ૩૯ : આવી વ્યવસ્થા અંગેની કોઈ ફરિયાદ યુનિવર્સિટીને મળી નથી.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જો આપ રજા આપો. તો આવા સ્ટેમ્પ રાસદ સાથે કોરા વાઉચર પર સહી લીધેલા પુરાવા હું રજૂ કરી શકું તેમ છું ?

કુલપતિશ્રીનો ઉત્તર :

આ ઑફિસરેકર્ડ ગણાય, તો પછી તે તમો ક્યાંથી લાવ્યા ?

શ્રી અરવિંદભાઈનો પ્રશ્ન :

હું કોર્ટ સભ્ય છું, કોર્ટ સભ્ય તરીકે જે માહિતી રજૂ કરવામાં આવે તેની તપાસ થશે?

આ વાઉચર્સ પર સહીઓ થઈ નથી તે રેકર્ડ પર લો. આના પુરાવા હું રજૂ કરવા તૈયાર છું.

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતીની Authenticity શું છે તેની સેનેટ સભ્ય તરીકે તમે કાગળ લખી માહિતી મોકલશો તો તપાસ કરીશું.

પ્રશ્ન ૪૦ : આવાં કોરાં વાઉચરોમાં પાછળથી જે કંઈ રકમ જે તે વ્યક્તિને તેના વાઉચરમાં લખાય તેની, ખરાપણાની ખાતરી લાગતાવળગતા પાસેથી કરાવાય છે?

ઉત્તર ૪૦ : પ્રશ્ન ૩૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૧ : યુનિવર્સિટીના પરીક્ષા નિયામકની લાયકાતનાં ધોરણો શું છે?

ઉત્તર ૪૧ : પરીક્ષા નિયામકશ્રી માટે લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે છે :

Master's degree with at least eight years' experience of office work out of which five years' experience should be in an administrative post connected with the conduct of examinations.

OR

A Bachelor's degree in Second Class with at least ten years experience of office work out of which at least eight years' experience should be in an administrative post connected with the conduct of examinations.

પ્રશ્ન ૪૨ : યુનિવર્સિટી પરીક્ષા નિયામકશ્રીની જગ્યા માટે જાહેરાતમાં આપવામાં આવેલ લાયકાતો પરીક્ષા નિયામકશ્રી તરીકે નિમાયેલ શ્રી. ડી. પી. છાયા ધરાવે છે?

ઉત્તર ૪૨ : હા, જી.

પ્રશ્ન ૪૩ : તેઓને પગાર ફિક્સેશનમાં વધારાના કેટલા ઇંજાફા આપવામાં આવ્યા છે?

ઉત્તર ૪૩ : તેઓને તા. ૧૭—૧૧—૧૯૮૮એ યુનિવર્સિટીમાં જોડાયા તે પહેલાં તેમની મૂળ સંસ્થામાં છેલ્લો બેઝિક પગાર રૂ. ૩૫૦૦ હતો, અને તેમની ઇન્ક્રિમેન્ટની તારીખ જાન્યુઆરી, ૧૯૮૯ હતી, તે જોતાં તેમને જોડાયા તારીખથી રૂ. ૩૬૨૫ બેઝિક પગાર આપવામાં આવેલ છે. રૂ. ૩,૦૦૦-૧૦૦-૩,૫૦૦-૧૨૫-૪,૫૦૦ના પગારધોરણમાં શ્રી. ડી. પી. છાયાની અગાઉની નોકરીના સમયનો છેલ્લો પગાર અને ત્યાંની ઇંજાફાની તારીખ ધ્યાનમાં રાખીને આરક્ષિત કરેલ છે.

પ્રશ્ન ૪૪ : ભૂતકાળમાં કુલસચિવ અને પરીક્ષા નિયામકો નિમાયા હોય તેઓને વધારાના ઈજાફાઓ આપવામાં આવ્યા હતા? કેટલા?

ઉત્તર ૪૪ : આ પહેલાંના પરીક્ષા નિયામકશ્રી કે. આર. જોશીને બે વધારાના ઈજાફા નિમણૂક સમયે આપવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૪૫ : આ અંગે સરકારી ઑડિટરે ભૂતકાળમાં વાંધો લીધેલ છે તે વાત સાચી છે?

ઉત્તર ૪૫ : હા, જી.

પ્રશ્ન ૪૬ : યુનિવર્સિટીના એક અધિકારીએ પોતાના લગતી નોંધ કુલસચિવશ્રીના ટેબલ ઉપરથી ઉઠાવીને ઉપકુલપતિ પાસે લઈ ગયા હતા તે બાબતે યુનિવર્સિટીના એકાઉન્ટ્સ ઑફિસરે લેખિત ફરિયાદ કરેલ તે વાત સાચી છે?

ઉત્તર ૪૬ : હા, જી.

પ્રશ્ન ૪૭ : જો, આ અંગે તપાસ સમિતિ નીમવામાં આવી હોય તો તેની કાર્યવાહી પૂર્ણ થઈ કે નહીં?

ઉત્તર ૪૭ : કાર્યવાહી પૂર્ણ થઈ નથી.

પ્રશ્ન ૪૮ : યુનિવર્સિટી પ્રેસના મેનેજર શ્રી. જે. એમ. પુરોહિતે નવેમ્બર, ૧૯૮૭થી ૫ ટકા પરીક્ષા ભથ્થાને બદલે ૧૨ ટકા ભથ્થું ક્યાં સુધી લીધેલ છે?

ઉત્તર ૪૮ : પ્રેસ મેનેજરશ્રી જે. એમ. પુરોહિતને નવેમ્બર, ૧૯૮૮ સુધી ૧૨.૫ ટકા ભથ્થું આપવામાં આવેલ છે.

પ્રશ્ન ૪૯ : પ્રેસનો પગાર મંજૂર કરવાની સત્તા કોની છે?

ઉત્તર ૪૯ : કુલપતિશ્રીની.

પ્રશ્ન ૫૦ : પ્રેસ–મેનેજરે વધારે લીધેલા પરીક્ષા ભથ્થાની રકમ વસૂલાત કરવામાં આવી કે નહિ?

ઉત્તર ૫૦ : વસૂલાત કરવાની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૫૧ : યુનિવર્સિટીએ નવેમ્બર, ૧૯૮૮માં ગુજરાત વેપાર ઉદ્યોગ માટેના પ્રદર્શન માટે જમીન ભાડે આપેલ તેનું ભાડું કેટલું નક્કી કરેલ?

ઉત્તર ૫૧ : યુનિવર્સિટીએ સર્વિસચાર્જ રૂપે દૈનિક રૂ. ૨૦૦૦ લેવાનું નક્કી કર્યું હતું.

૩. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૫-૮૬ના વાર્ષિક હેવાલ ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૮/૨૯–૩–૧૯૮૭ની વાર્ષિક સભા ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહીં તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૪. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૬–૮૭ના વાર્ષિક હેવાલ ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦–૩–૧૯૮૮ની વાર્ષિક સભા બરખાસ્ત થઈ હોઈ થઈ શકી નથી. તે સંજોગોમા એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિએ મંજૂર કરેલ સદરહુ વાર્ષિક હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૮૮ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી. શંકરભાઈ પટેલે** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ, ૧૯૮૮ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

(સદરહુ હેવાલની નકલ સભ્યોને તા. ૧૫-૨-૧૯૮૯ના રોજ મોકલવામાં આવી હતી.)

આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂનીય મુદ્દો ઊભો કર્યો કે ભૂતકાળમાં આવા તમામ પ્રસ્તાવો સિન્ડિકેટ વતી રજૂ કરાય ત્યારે સભ્યશ્રીને ઘેર સહી કરવા મોકલતા હતા, તો આમાં સહી લીધી છે ખરી અને ન લીધી હોય તો કાયદેસર આ સભામાં પ્રસ્તાવ આવી શકે ખરો ? તે કાયદેસર છે ? કોની સહી છે ?

શ્રી. શંકરભાઈ પટેલે જણાવ્યું કે, મને પૂછવામાં આવ્યું છે અને મારી સંમતિ લીધી છે.

આચાર્ય શ્રી દર્શનસિંગ શીખે પૂછ્યું કે સભ્યની સહી વગરનો પ્રસ્તાવ હોય તો તે એજન્ડાનો ભાગ બની શકે ખરો ?

કુલપતિશ્રીએ જણાવ્યું કે પરંપરા છે.

આચાર્યશ્રી દર્શનસિંગ શીખે પૂછ્યું કે સ્ટે. ૨૩ પ્રમાણે તે કાયદેસર છે ?

કુલપતિશ્રીએ જણાવ્યું કે તે ઑર્ડરમાં છે. મૌખિક સંમતિ લીધી છે. માત્ર સહી લીધી નથી તેથી ગેરકાયદેસર ઠરતો નથી.

તે પછી સદરહુ પ્રસ્તાવ શ્રી. શંકરભાઈ પટેલે રજૂ કર્યો તેને પ્રિ. એમ. ડી. પંચોલીએ ટેકો આપ્યો.

તે પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. ૧૯૮૫-૮૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦-૩-૧૯૮૮ની સભા બરખાસ્ત થઈ હોઈ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદરહુ હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નકલ પરિશિષ્ટ 'ક' તરીકે સામેલ છે.)

૭. ૧૯૮૬-૮૭ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦-૩-૧૯૮૮ની સભા બરખાસ્ત થઈ હોઈ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદરહુ હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય. (જાણ સારુ).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નકલ પરિશિષ્ટ 'ખ' તરીકે સામેલ છે.)

૮. ૧૯૮૭-૮૮ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સનો હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય શ્રી. ડી. એમ. શીખે નોટિસ આપી હતી:

"આ સભા સને ૧૯૮૭-૮૮ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના સદરહુ હેવાલની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૬-૮૭નું અંદાજપત્ર તથા સને ૧૯૮૫-૮૬નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૮/૨૯-૩-૧૯૮૭ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહિ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે).

કુલપતિના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૧૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૭-૮૮નું અંદાજપત્ર તથા સને ૧૯૮૬-૮૭નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૮/૨૯-૩-૧૯૮૭ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહિ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૧૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૮-૮૯નું અંદાજપત્ર તથા સને ૧૯૮૭-૧૯૮૮નું પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦-૩-૧૯૮૮ની સભા બરખાસ્ત થઈ હોઈ થઈ શકી નથી તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૧૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૮૯-૯૦નું અંદાજપત્ર તથા સને ૧૯૮૮-૮૯નું પુનર્નિર્મિત અંદાજપત્ર.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **આચાર્ય શ્રી. ડી. એમ. શીખે** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૮૯—૯૦ના અંદાજપત્ર તથા સને ૧૯૮૮—૮૯ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને શ્રી કનુભાઈ શાહે ટેકો આપ્યો.

ચર્ચા દરમ્યાન કેટલાક સભ્યોએ અંદાજપત્ર ઉપર પોતાનાં મંતવ્યો અને સૂચનો રજૂ કર્યાં.

(ચર્ચા દરમ્યાન શ્રી કુલપતિશ્રી અગત્યના કામે ચેમ્બરમાં ગયા હતા અને સભાનું કામકાજ ઉપકુલપતિશ્રી અંબુભાઈ દેસાઈને સંભાળવા જણાવ્યું હતું.)

સદરહુ પ્રસ્તાવ પર નીચેના સુધારાઓ રજૂ કરવા માટે નોટિસો આપવામાં આવી હતી, પરંતુ તે સભાગૃહમાં રજૂ થયા ન હતા.

૧૨(૧). શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં અનેક જગ્યાઓ ઉપર કર્મચારીઓ ચાર્જ-ઍલાવન્સ ધોરણે/ઑફિસિયેટિંગ ધોરણે અનેક વર્ષોથી કામ કરે છે. છતાં તેઓ જે તે ઉપલી જગ્યાઓનાં પગારધોરણોથી વંચિત છે. ગુજરાત યુનિવર્સિટી જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાની પ્રતિષ્ઠા અને પ્રતિભાને, કર્મચારીઓનું આ પ્રકારે અપ્રત્યક્ષ રીતે થતું શોષણ શોભાસ્પદ નથી, એમ ભારપૂર્વક મંતવ્ય વ્યક્ત કરી, જે કર્મચારીઓ નેવું (૯૦) કે તેથી વધુ દિવસોથી જે તે ઉપલી જગ્યાની કામગીરી કરતા હોય તેઓને તેઓની જે તે જગ્યાની ચાર્જ--ઍલાવન્સ/ઑફિસિયેટિંગ ધોરણથી નેવું (૯૦) દિવસ કામગીરી બજાવ્યાની પૂરી થયાની તારીખથી જે તે ઉપલી જગ્યાનાં પગારધોરણમાં મૂકવા આ સભા માનનીય કુલપતિશ્રીને વિનંતી કરે છે.

આ પ્રસ્તાવના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૯--૯૦ના અંદાજપત્રમાં નીચે મુજબ સુધારો કરવા કુલપતિશ્રીને વિનંતી કરે છે :

પૃષ્ઠ ૫૫ ઉપર '૧. પગાર ખર્ચ' અંગે રૂ. ૧૨,૦૦,૦૦૦ની જોગવાઈ છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧ ઉમેરવો."

૧૨(૨). શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૯-૯૦ના અંદાજપત્રના પરિશિષ્ટ—૪ (પૃ. ૫૪-૫૫)નો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વર્ષો પહેલાં ઠરાવેલ ભાવોથી યુનિવર્સિટી મુદ્રણાલય યુનિવર્સિટીનું છાપકામ કરે છે. સદરહુ ભાવો આજના અર્થતંત્રના સંદર્ભમાં તદ્દન અવાસ્તવિક અને નીચા છે, એ હકીકતને લક્ષમાં લઈને યુનિવર્સિટી પ્રેસના છાપકામના ભાવો વાસ્તવદર્શી અને યુનિવર્સિટી પ્રેસના અદ્યતન ખર્ચ સાથે સુસંગત હોય તેવા કરાવવા માટે ઘટતાં

પગલાં લેવા આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે. અને તેને અનુલક્ષીને અંદાજપત્રના પૃષ્ઠ ૫૪ ઉપર '૨. છપામણી આવક' સામે રૂ. ૭,૦૦,૦૦૦ દર્શાવેલ છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧ વધુ ઉમેરવા સૂચન કરે છે."

૧૨(૩). શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એક બાજુએ યુનિવર્સિટી પ્રેસ માટે મંજૂર થયેલી અસંખ્ય કાયમી જગ્યાઓ ખાલી રાખવામાં આવે છે અને તે રીતે પ્રેસના મહત્તમ માનવશ્રમનો ઉપયોગ ટાળવામાં આવે છે, જ્યારે બીજી બાજુ હેન્ડબુક જેવાં છાપકામો બહારનાં ખાનગી પ્રેસોમાં ત્રણથી ચાર ગણા ઊંચા ભાવો આપીને કરાવવામાં આવે છે અને સાથે સાથે 'વિદ્યા' જેવા યુનિવર્સિટીના સંશોધન સામયિકના અનેક અંકોનું છાપકામ મહિનાઓ સુધી રખડવા દેવામાં આવે છે. વહીવટીતંત્રના આ ગંભીર શૈથિલ્ય અને બેજવાબદારી અંગે આ સભા ખેદ અને ચિંતા વ્યક્ત કરે છે, અને યુનિવર્સિટી પ્રેસ માટે મંજૂર થયેલી પરંતુ ખાલી રહેલી તમામ કાયમી જગ્યાઓ તાકીદે ભરી દેવા યુનિવર્સિટીના વહીવટીતંત્રને આદેશ આપવા આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

આ પ્રસ્તાવના સંદર્ભમાં યુનિવર્સિટીના સને ૧૯૮૯-૯૦ ના અંદાજપત્રના પૃષ્ઠ ૫૪ ઉપર '૧. છપામણીની આવક'માં વધુ રૂ. ૫ દર્શાવી કુલ આવક રૂ. ૭,૦૦,૦૦૫ અને પૃષ્ઠ ૫૫ ઉપર '૧. પગાર ખર્ચ'ની સામે વધુ રૂ. ૫ દર્શાવી કુલ ખર્ચ રૂ. ૧૨,૦૦,૦૦૫ દર્શાવવા આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે."

૧૨(૪). શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી કોર્ટની સભામાં સામાન્ય રીતે વર્ષમાં બે જ વખત યોજવામાં આવે છે અને તેમાંય કોર્ટની વાર્ષિક સભામાં અનેક કામો કાર્યસૂચિ પર હોવા છતાં માત્ર બે દિવસનો સમય રાખવામાં આવે છે. આ પરિસ્થિતિમાં લાંબી અને ખર્ચાળ વહીવટી વિધિ કર્યા બાદ યોજાયેલી યુનિ. કોર્ટની સભાની સૂચિ પરનાં અનેક કામો પડતાં મૂકવાં પડે છે. આ હકીકતના સંદર્ભમાં. યુનિ. કોર્ટની સભાની સૂચિ પરનાં જે કામો તા. ૩૦/૩૧-૩-૧૯૮૯ના રોજ સભા મળ્યા બાદ હાથ ધરવાનાં બાકી રહી જાય તે તમામ કામો પૂરાં કરવા માટે આગામી થોડા દિવસોમાં અનુકૂળ બે-ત્રણ દિવસો નક્કી કરી સદરહુ સભાને લંબાવવા આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

આના સંદર્ભમાં અંદાજપત્રમાં પૃષ્ઠ ૩ ઉપર '૧૦. બીજા કાર્યાલય ખર્ચ' મથાળા સામે કુલ ખર્ચ રૂ. ૧૯,૭૦,૦૦૦ અંદાજ્યો છે તેમાં પ્રતીક તરીકે વધુ રૂ. ૫ ઉમેરવા આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે."

૧૨(૫) શ્રી. અરવિંદ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કેન્દ્ર સરકારના ધોરણે ગુજરાત રાજ્ય સરકારે તેના કર્મચારીઓને નવાં પગારધોરણો આપવાનું ઠરાવ્યું. તેના પગલે પગલે ગુજરાત યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓને પણ તા. ૧-૧-૧૯૮૬થી નવાં પગારધોરણો આપવાનું મંજૂર કર્યું છે, તે હકીકતના સંદર્ભમાં, રાજ્ય સરકારના નાણા વિભાગના તા. ૧૦-૯-૧૯૮૭ના ઠરાવ નં. ECR-૧૦૬૭-૬૩-એમ

અન્વયે કર્મચારીઓને તા. ૧—૧—૧૯૮૬થી તા. ૩૧—૧૨—૧૯૮૬ દરમિયાનની વણચૂકવાયેલી પગાર-તફાવતની રકમ ઉપર તા. ૧—૧૦—૧૯૮૭થી ઊંચા દરે વ્યાજ ચૂકવવાનું અનિવાર્ય હોય છે, તેની ગંભીરતા તરફ આ સભા યુનિવર્સિટીનું ધ્યાન ખેંચે છે, અને યુનિવર્સિટી ઉપર વ્યાજનો મોટો બોજ ઊભો થાય તે પહેલાં તા. ૧—૪—૧૯૮૯થી જે તે કર્મચારીઓને આ પ્રકારની વ્યાજની રકમ તેમના પગારની સાથે પ્રતિમાસ ચૂકવવા રહેવા આ સભા ગુજરાત યુનિવર્સિટીને વિનંતી અને સૂચન કરે છે.

આ પ્રસ્તાવના સંદર્ભમાં યુનિવર્સિટીના સને ૧૯૮૯-૯૦ના અંદાજપત્રમાં પૃ. ૫ ઉપર "૨૯. પગાર-તફાવત પર વ્યાજનું ખર્ચ "એ નામનું નવું મથાળું દાખલ કરી તેની સામે વ્યાજ ખર્ચ પેટે પ્રતીક તરીકે રૂ. ૧૦૦/-ની જોગવાઈ કરવા આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે."

૧૨(૬). શ્રી. શંકરભાઈ આઈ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીનું ગ્રંથાલય માટેનું અંદાજપત્ર (પરિ. ૫, પાન ૫૯) જોતાં જણાય છે કે વાચનાલય પાછળ માત્ર રૂ. ૬૫,૦૦૦ના ખર્ચનો પ્રબંધ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓનો વિશાળ સમુદાય યોગ્ય વાચનાલયની સુવિધાથી વંચિત રહે છે ત્યારે એક વિશાળ અદ્યતન વાચનાલયની ખૂબ જ જરૂર છે. તેથી આ સભા લાગતાવળગતા સત્તામંડળોને અનુરોધ કરે છે. ૧૯૮૯-૯૦ના વર્ષમાં જ એક વિશાળ અદ્યતન વાચનાલય તૈયાર કરવા માટેની યોજના તાકીદને ધોરણે બનાવે અને અમલ માટે અસરકારક પગલાં લે."

તે પછી સદરહુ પ્રસ્તાવ પર લંબાણ ચર્ચા થયા બાદ ચર્ચા પર કલોઝર મુકાતાં અને પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નવા ઘડેલા, સુધારેલા તથા રદ કરેલા ઑર્ડિનન્સો

નવા ઘડેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૧૨૯-બી, ઑર્ડિ. ૧૫૯ એ, ઑર્ડિ. ૧૭૨, ૧૭૩, ૩૮૦, ૩૮૦એ, ૩૮૦બી, ઑર્ડિ. ફોરેસ્ટ્રી-૧, લૉ ઑર્ડિ. ૧ (ન્યૂ), ૨ (ન્યૂ), ૩ (ન્યૂ), ઑર્ડિ. નર્સિંગ ૧, ૨ અને ૩, વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ઈજનેરી વિદ્યાશાખાઓની પરીક્ષા માટે ટ્રાન્ઝિટરી ઑર્ડિ., ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ પ્રેક્ટિકલ્સ વગેરે અંગે, ટ્રાન્ઝિટરી ઑર્ડિ. ૨, ૩, ૪.

સુધારવામાં આવેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૧૬, ઑર્ડિ. ૧૮ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૬૨-ડી, ઑર્ડિ. ૬૫-કે (બી), ઑર્ડિ. ૬૫-એમ (૨) (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૬૫-પી (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૭૦, ઑર્ડિ. ૭૫ (૧), ઑર્ડિ. ૮૮-એ, ઑર્ડિ. ૯૭ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૧૦, ઑર્ડિ. ૧૨૦ બી (૪) પેરા-૨, ઑર્ડિ. ૧૨૦ સી, ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૫૧ સી, ઑર્ડિ. ૧૫૯, ઑર્ડિ. ૧૬૫, ઑર્ડિ. ૧૬૬, ઑર્ડિ. ૧૬૭ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૭૦, ઑર્ડિ. ૧૭૪ એ, બી, સી, ડી, ઈ, એફ, જી, આઈ, ઑર્ડિ. ૩૧૯, ઑર્ડિ. એમ. ડી. ૧, ઑર્ડિ. એમ. ડી. ૨(બી), ઑર્ડિ. એમ. ડી. ૭ (૩) અને (૬), ઑર્ડિ. એમ. એસ. ૧, ઑર્ડિ. એમ. એસ. ૨(બી), ઑર્ડિ. એમ. એસ. ૭ (૩) અને (૬), ઑર્ડિ. એમ. ફિલ. ૧૨, ઑર્ડિ. એમ. કૉમ. (એકસ્ટર્નલ) ૨ (સંબંધકર્તા ભાગ).

રદ કરવામાં આવેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એમ.ડી. ૧૦, ઑર્ડિ. એમ.એસ. ૯, ઑર્ડિ. ૭૨, ઑર્ડિ. ૧૨૦ ડી, ઑર્ડિ. ૧૨૮ આઈ.

નવા ઘડવામાં આવેલા અને સુધારવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સો સભાગૃહે મંજૂર કર્યા અને રદ કરવામાં આવેલા ઑર્ડિનન્સો સભાગૃહે રદ કરવાનું મંજૂર કર્યું.

(સદરહુ ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે,)

૧૪. યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦/૩૧–૩–૧૯૮૬ની સભામાં રિફર બૅક થયેલ સ્ટે. ૧૪–સી સદરહુ સભામાં રજૂ કર્યા મુજબ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ :

Statute 14–C :

1. Election of eleven representatives of students on the Court to be made under sub-section (*B*) (*i*) (*a*), (*b*) and (*c*) under Class II—Ordinary Members of Section 16 (1) shall be held in the manner prescribed herebelow :

(*A*) (*i*) Any post-graduate student who is duly enrolled, as such as on 15th July of an academic year or such other date as may be fixed by the Vice-Chancellor, if in his opinion, such a change in the date is necessary, at a post-graduate sch ol or a recognised institution, or at a post-graduate centre the of University, as the case may be.

and

(*ii*) Any under-graduate student who is duly enrolled as such at any affiliated college as on 15th July of an academic year or such other date as may be fixed by the Vice-Chacellor, if in his opinion, such a change in the date is necessary shall be entitled to stand as a candidate by submitting his nomination paper in the prescribed form, duly proposed by one of his fellow-students and duly seconded by one of his fellow-students at his post-graduate school / recognised institution / post-graduate centre at an affiliated college, as the case may be. His nomination paper shall contain a certificate duly signed by the Director of his post-graduate school or Professor-in-hac fegro his post-graduate centre or Head of his recognised institution or by the Principal of his college, as the case may be, certifying his enrolment as above. On such nomination and certificate being submitted, he shall be held eligible to stand as a candidate for election to—

(*a*) one of the three seats meant for post-graduate students in the Faculty of (*i*) Arts or (*ii*) Science, or (*iii*) Commerce, as the case may be;

or

(*b*) one of the three seats meant for under-graduate students in the Faculty of (*i*) Arts, or (*ii*) Science, or (*iii*) Commerce, as the case may be;

or

(*c*) one of the five seats meant for post-graduate and under-graduate students jointly in the following Faculties :

(1) Faculty of Education
(2) Faculty of Technology including Engineering
(3) Faculty of Law
(4) Faculty or Medicine
(5) Faculties of Pharmacy & Dental Surgery.

Provided that no student shall be held eligible to stand as a candidate for a seat meant for any faculty other than the one in which he has been enrolled as a student. In the event, however, of a student being enrolled in more than one faculty, he shall file his nomination for one and only one of his faculties, from which he is eligible and desires to contest, and in the event of his nomination being found to have been filed from more than one faculty. the Vice-Chancellor shall, if such a situation is brought to his notice, decide from which one faculty he will contest. and the Vice-Chancellor's decision in this respect shall be final.

(*B*) There shall be a Students' Union in each University School, in each Affiliated College and in each Recognised Institution. For the purpose of voting for election for eleven members as students' representative on the Court, the Students, Union of every post-graduate School. the Students' Union of every recognised institution and the Students Union of every affiliated college shall be entitled to elect any of students of the Post-graduate School or Post-graduate Centre or recognised institution or the College. as the case may be, as their representative voters to elect students'

representatives on the Court in the manner specified herebelow :

(*i*) *An affiliated College* or a Post-graduate School or a Post-graduate Centre or n recognised institution of the University with an enrolment of students not exceeding 50 as on 15th July of the year of election or on date as may be, fixed by the Vice-Chancellor as stated above-one voter.

(*ii*) *An affiliated College* or a Post-graduate School or a Post-graduate Centre or a recognised-institution with an enrolment of more than 50 students as on 15th July of the year of election or on such date as may be fixed by the Vice-Chancellor as stated above-one voter for every 50 Students.

It is clarified that the enrolment of students is to be taken facultywise.

(*iii*) (*a*) Heads of the Post-graduate Schools, Principals of Colleges or the Heads of the recognised Institutions where Post-graduate Centre have been instituted and Principals of affiliated Colleges, as the case may be, shall arrange to hold election of the voters as contemplated in (*i*) and (*ii*) of (*B*) above and shall send intimation to the Registrar so as to reach him not later than 31st July every year or on any other date fixed by the Vice-Chancellor, if in his opinion, it is necessary to change the date, of the full names (beginning with surname), the names of their faculties and address of the University Schools, Post-graduate Centres / Colleges / Recognised Institutions, as the case may be, of voters duly elected as per provisions contained in (*i*) and (*ii*) of (*B*) above. The list of the voters so received by the University shall, notwithstanding anything contained elsewhere, constitute the Electoral Roll for the respective constituencies as provided in Section 16-Class II-B (*i*) (*a*), (*b*) and (*c*) of the Act.

(b) The date of election of students' represetatives on the University Court shall be as fixed by the Vice-Chancellor.

(*c*) Publication of the Electoral Rolls, announcement on the Notice Board that the rolls are ready, and publication of the Notice of the Election in the newspapers selected by the Vice-Chancellor, shall be made at least 30 clear days before the date of election.

(*d*) The Vice-Chancellor shall have the authority to correct the Rolls, if any omission or wrong entry is brought to his notice at least 21 clear days before the date of election. The Vice-Chancellosr' decision in the matter shall be final.

(*e*) The last day of receiving nomination papers from any student shall be at least 15 clear days before the date of election.

(*f*) The scrutiny of nominations, withdrawal thereof and intimations of valid nominations shall be as per Statuts 149, 150 and 151 in so far they are applicable.

(*iv*) In case of any dispute or doubt in respect of the election of voters as mentioned in the above sub-clauses, the decision of the Head of the University School or Principal of the college or the Head of the recognised institution concerned, as the case may be, shall be final.

(*v*) Election from this constituency shall be held by ballot at Polling Centres as may be fixed by the Vice-Chancellor for the same. The holding of election and its procedure will be as St. 162.

(*iv*) Every voter will be eligible to vote at an election only on production of an identity card (bearing his full name and recent photograph) issued by the Principals of the respective colleges, Heads of the recognised institutions or Directors of the University Schools, as the c

It is further provided that no voter shall be permittedas

polling centre other than the one fixed in the town, in which his college or institution or the post-graduate centre, as the case may be, where he is already enrolled as a student is situated.

2. Eleven representatives of students on the Court shall be elected in such a manner that at least one representative of students from each faculty or each group of faculties, if any such groups are formed, gets its representation in the Court.

3. Notwithstanding anything contained elsewhere, it shall be competent for the Vice-Chancellor to make such suitable modifications in the time schedule for the various processes in election as he deems necessary if the circumstances so require.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીખે નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૪–સી ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય દર્શનસિંગ શીખે રજૂ કર્યો, તેને શ્રી એ. એમ. પટેલે ટેકો આપ્યો. તે પછી સભ્ય શ્રી ડી. એન. ત્રિવેદીએ પ્રમુખશ્રીને પૂછ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) છે ?

પ્રમુખશ્રીએ ગણતરી કરીને જણાવ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) નથી. અને તેથી સભાને બરખાસ્ત થયેલી જાહેર કરી. આથી કાર્યસૂચિ ઉપરનું બાકીનું કામકાજ હાથ ઉપર ધરી શકાયું નહીં.

નં. કોર્ટ / ૧૦૫૭૯ / ૧૯૮૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૫-૫-૧૯૮૯

કે. આર. જોશી
કુલસચિવ.

પરિશિષ્ટ "૧"

શ્રી. અરવિંદભાઈ શાહના પ્રશ્ન ક્રમાંક ૧૫ની માહિતી

બી.એડ. પ્રવેશ સમિતિ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૧૯૮૬-૮૭ અને ૧૯૮૭-૮૮ના શૈક્ષણિક વર્ષમાં ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીમાંથી પ્રવેશ મેળવનારની સંખ્યા

ક્રમ	કોલેજનું નામ	૧૯૮૬-૮૭ બેઠક	૧૯૮૭-૮૮ બેઠક	રાજ્યની અન્ય યુનિ.માંથી ૧૯૮૬-૮૭	રાજ્યની અન્ય યુનિ.માંથી ૧૯૮૭-૮૮
૧.	એ. જી. ટીચર્સ કોલેજ	૧૭૨	૧૭૨	૩૯	૩૭
૨.	એચ. એન. શુક્લ એજ્યુકેશન કોલેજ	૧૦૮	૧૦૮	૨૮	૨૯
૩.	પ્રકાશ કોલેજ ઑફ એજ્યુકેશન	૮૪	૮૪	૧૯	૨૦
૪.	આર. બી. સાગર કોલેજ	૧૨૦	૧૨૦	૩૨	૨૮
૫.	એસ. યુ. જી. કોલેજ	૧૯૨	૧૯૨	૪૫	૩૭
૬.	એમ. કે. દલાલ કોલેજ	૯૬	૧૦૮	૩૮	૨૯
૭.	વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કોલેજ	૯૬	૯૬	૨૯	૨૩
૮.	વિવેકાનંદ કોલેજ	૨૪૦	૨૪૦	૫૫	૪૫
૯.	આર. પી. અનડા કોલેજ, બોરસદ	૧૩૨	૧૩૨	માહિતી મળેલ નથી	૩૫
૧૦.	બી. સી. જે. કોલેજ, ખંભાત	૧૦૮	૧૦૮	૫૩	૫૦
૧૧.	એમ. એન. કોન્ટ્રાક્ટર કોલેજ, ડભોઈ	૧૦૮	૧૦૮	૪૩	૩૯
૧૨.	સાર્વજનિક કોલેજ, ગોધરા	૧૨૦	૧૨૦	૩૨	૨૮
૧૩.	એસ. ટી. ટી. કોલેજ, ખેડા	૯૨	૯૨	૩૩	૩૨
૧૪.	શેઠિયા કોલેજ, મુંદ્રા	૮૪	૮૪	૩૯	૨૧
૧૫.	કોલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	૧૨૦	૧૨૦	૪૫	૩૫
	કુલ...	૧૮૭૨	૧૮૮૪	૫૩૦	૪૮૮

પરિશિષ્ટ "૨"

શ્રી અરવિંદભાઈ શાહના પ્રશ્ન ક્રમાંક ૧૭ની માહિતી

નં. ૨૫૧/૮૭ તા. ૧૫-૯-૧૯૮૭

માનનીય કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

વિષય.—બી.એડ. એડમિશનમાં અમુક કોમની તરફદારી કરી એડમિશન આપવામાં થતી ગેરરીતિ અંગે તપાસપંચ નીમવા માગણી.

મે. સાહેબ,

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે અગાઉનાં વર્ષોમાં કોલેજોમાં બી.એડ. એડમિશનોમાં ગેરરીતિ આચરાતી હતી તેવી માન્યતાને લઈને બી.એડ. એડમિશન પદ્ધતિ યુનિવર્સિટીમાં કેન્દ્રિત કરવામાં આવી, જે એક પ્રશંસનીય કામગીરી ગણાઈ અને રાજ્ય સરકારના નિયમાનુસાર દરેક કોમને રીઝર્વેશનના આધારે મેરિટ યોરસે એડમિશનો મળવા લાગ્યાં. આ આપણી પ્રશંસનીય કામગીરીને કોઈ એક કોમ તરફ વાળવાના પ્રયત્નો એડમિશન સેલમાં થાય છે, તેવી શંકા જાહેર થયેલાં એડમિશનોમાંથી જણાવા મળી છે.

મોટા ભાગની કોલેજોમાં રીઝર્વેશન કોટા ઉપરાંતનાં એડમિશનો અપાયાં હોય તેવી શંકા ઉપસ્થિત થઈ છે અને આ પ્રવૃત્તિ છેલ્લાં કેટલાંક વર્ષોથી ચાલી રહી છે. સરવાળે કોઈ એક કોમની તરફદારી કરતાં તત્ત્વો કોઈક બીજી કોમને અન્યાય કરી રહ્યાં હોય તેવું લાગે છે.

આવી જ એક વ્યવસ્થિત કાર્યવાહી કોલેજોમાં વિષય ન હોય તેવા વિદ્યાર્થીઓને તે કોલેજમાં મોકલી તે વિષયના શિક્ષકને નોકરીએ રાખવાની કોલેજોને ફરજ પાડવામાં આવે છે. એટલે નોકરીમાં પણ અમુક કોમની તરફદારીનો પ્રશ્ન ઊભો થવાની શંકા ઉપસ્થિત થાય છે.

આ અમારી શંકાઓના નિવારણ અર્થે એડમિશનોની તપાસ માટે એક ન્યાયમૂર્તિ તપાસપંચ નીમવામાં આવે તેવી વિનંતી છે. જેથી અમારી પાસેના પુરાવા અમો સદરહુ તપાસપંચ સમક્ષ રજૂ કરીને યુનિવર્સિટીને લાગતા લાંછનથી મુક્ત કરાવી શકીએ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,
બી. જે. પંડ્યા
મહામંત્રી
ગુ. યુનિ. બિનશિક્ષક કર્મચારી મંડળ,
અમદાવાદ.

પરિશિષ્ટ " ૨ "

પત્રાંક : ૩૦૨ / ૧૯૮૭ તા. ૨૯-૯-૧૯૮૭.

માનનીય કાર્યકારી કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

વિષય : બી.એડ. પ્રવેશ બાબતમાં તપાસ અંગે.

માનનીયશ્રી,

આ પત્ર સક્ષોભ લખવાનું થાય છે, બી.એડ. પ્રવેશમાં ધારાધોરણોનું ઉલ્લંઘન થયાની રજૂઆત અમારા સંઘે કરી હતી પરંતુ તેમાં કોઈ ગેરરીતિ થઈ નથી તેવું નિવેદન આપે અખબારોમાં કર્યું. જાહેરમાં નિવેદન કરતાં પૂર્વે સત્તામંડળ સમક્ષ યોગ્ય ખુલાસો મેળવી લેવાની આપની સલાહ ગેરરીતિઓની ઉપસ્થિતિમાં પણ શિસ્તનું, આમન્યાનું, પાલન કરવાના એકમાત્ર શુભ હેતુથી શિરોમાન્ય કરી હતી. પરંતુ ગેરરીતિઓના પુરાવા રજૂ કરવાની તૈયારી દર્શાવી છે તેની ઉપેક્ષા કરી અન્ય પક્ષે રજૂ કરેલી માહિતી ! આંકડા એકાએક અખબાર સમક્ષ આપે રજૂ કર્યા જેથી તો શિસ્તના પુરસ્કર્તાનો દાવો કરનાર આપ પોતે જ શિસ્તના બધા જ નીતિનિયમોનું ઉલ્લંઘન કર્યું કહેવાય !

હવે નિવેદનની સમીક્ષા કરીએ તો તા. ૨૮-૯-૧૯૮૭ના રોજનું "સંદેશ"માંનું નિવેદન માત્ર શ્રી. એચ. પી. ચૌહાણના દોરીસંચારથી અને તેમના પ્રયાસથી આપવામાં આવ્યું હતું. આક્ષેપિત વ્યક્તિએ નિર્દોષતાનું પ્રમાણપત્ર મેળવવાનો મિથ્યા પ્રયાસ કર્યો છે. તે તો આ અંગે સમિતિના કન્વીનર આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખે તા. ૨૮-૯-૧૯૮૭ના રોજ આપને પાઠવેલા પત્રથી ફલિત થાય છે. જો કન્વીનરશ્રીનું વિધાન આપ લક્ષમાં લેશો તો કેટલી અધૂરી ચકાસણી કરી તેને પૂર્ણ ચકાસણી થયાનું જણાવ્યું છે, તે સ્પષ્ટ થાય છે. અર્થાત્ પૂર્ણ ચકાસણી નહીં થયાનું સ્પષ્ટ થયું છે. ત્યારે પૂર્ણ ચકાસણીને અવકાશ છે તે નિર્વિવાદપણે સાબિત થાય છે. આપે પૂર્ણ ચકાસણી કરવી એ જરૂરી નહીં પણ હવે અનિવાર્ય બને છે.

જે ગંભીર આક્ષેપો ! ચિત્રતો લાગતાવળગતાઓએ અમને ઉપલબ્ધ કરેલાં છે તે જોતાં નિષ્પક્ષ તપાસ થવી આવશ્યક છે.

જો આપના પક્ષે કોઈ નિષ્પક્ષ તપાસ ઇન્કારવામાં આવશે તો નાછૂટકે અમારે અખબારી નિવેદનથી એ જણાવવું પડશે.

નિયમોનું અર્થઘટન, ઉલ્લંઘન, આચાર્યો, આચાર્યા, વિદ્યાર્થીઓ સાથેનું ગૌરવપ્રદ ન કરી શકાય તેવું વર્તન ઈ. તપાસના વિષયો વિશે ઉલ્લંઘનકર્તા પાસેથી, (વિગતોની ચકાસણી સિવાય જ) મેળવેલી માહિતીને વિશ્વસનીય ગણવી એ તટસ્થતાની હાંસી છે. એમ અમે સમજીએ છીએ.

આમ સક્ષમ નિષ્પક્ષ વ્યક્તિ પાસે, તમામ દફતર, હસ્તગત કરી, તપાસ કરાવી લેવી એ માત્ર એક વિકલ્પ અમારી દૃષ્ટિએ છે. તેનો જેટલો વિલંબ થશે તેટલું શંકાનું વાદળ ઘેરું બનશે.

આપના શુભાશીર્વાદથી એકપક્ષીય નિવેદન જે અખબારમાં થયું છે તેની સ્પષ્ટતા જો આપના તરફથી કરવામાં આવશે નહીં તો, જાહેર હિતની દૃષ્ટિએ અમે પ્રતિનિવેદન કરવા હવે મુક્ત છીએ.

આ અંગે ચર્ચા કરવી જરૂરી લાગે તો કાર્યાલય છૂટે ત્યાં સુધીમાં અમને બોલાવશો તો ચર્ચા કરવા તૈયાર છીએ.

આભાર,

લિ. આપનો વિશ્વાસુ,

બી. જે. પંડ્યા

મહામંત્રી

ગુ. યુનિ. બિનશિક્ષક કર્મચારી મંડળ,

અમદાવાદ–૯.

પરિશિષ્ટ "૨"

પત્રાંક : ૪૨૧ તા. ૩-૧૧-૧૯૮૭

માનનીય કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

મે. સાહેબ,

બી.એડ. પ્રવેશમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું ઉલ્લંઘન થયા અંગેની રજૂઆત પરત્વે અગાઉ આપને અમે જણાવ્યું હતું પરંતુ આપે તે બાબતમાં કશીય ચિંતા વ્યક્ત કરી નથી તેમ જ આ બાબતમાં આગળ ઉપર કોઈ કાર્યવાહી હાથ ધરી નથી તેથી સહજ આશ્ચર્ય થાય છે. યુનિવર્સિટીની ધુરા સંભાળ્યા પછી અમને એવી શ્રદ્ધા હતી કે ગેરરીતિની થયેલી રજૂઆતના સંદર્ભમાં આપ વિગતે તપાસ આદરશો. પરંતુ ખૂબ દુઃખ સાથે જણાવવું પડે છે કે ગેરરીતિઓના સ્પષ્ટ દાખલાઓ, આચાર્યો તરફથી આવેલી સ્પષ્ટ રજૂઆતો અને વિદ્યાર્થીની કારકિર્દીને નિવારી ન શકાય તેવું અક્ષમ્ય નુકસાન ઇત્યાદિના સંદર્ભમાં આપે કશીય તપાસ કરી નહિ; ઊલટાનું કોઈ અગમ્ય કારણસર એકહથ્થુ સત્તા ભોગવતા આ એકમના તરફદારીપૂર્વકના અર્થઘટનને આપે, આંકડાઓ અને હકીકતો સમજ્યા-જાણ્યા વિના બારોબાર અખબાર સમક્ષ ચકાસવાનું નિવેદન કર્યું તેથી તો શિક્ષણશુદ્ધિ અને નિયમ-પાલનની આપની પાસે જે અપેક્ષાઓ હતી તે તદ્દન ખંડિત થઈ ગઈ છે એમ દુઃખ સાથે જણાવવું પડે છે.

આપ જાણો છો કે ધારાધોરણના અનર્થઘટનથી વિદ્યાર્થીઓને પારાવાર નુકસાન થાય છે તેનો લવલેશ પણ અંદાજ આપને આવ્યો નથી, એમ પણ ક્ષોભ સાથે ઉમેરીએ છીએ. એ સ્પષ્ટ છે કે પ્રત્યેક કૉલેજમાં અનામત-બિનઅનામતની ટકાવારી ઑ. ૧૨૦ બી.માં નિયત કરેલી છે અને તેનું પાલન પ્રત્યેક કૉલેજ માટે આવશ્યક છે તેમ પણ તેમાં જણાવ્યું છે. આવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સમગ્ર કૉલેજો માટે સુમહિત અનામતની ગણતરી એ આ ઑર્ડિનન્સના સ્પષ્ટ ભંગમાં પરિણમે છે.

